# અંતરનો ઝળકાટ

હીરાલાલ મૃગ

અંતરનો ઝળકાટ



## લેખક પરિચય: એક વિચક્ષણ પ્રતિભા

હીરાલાલ મુલજી કાનજી પેરાજ મૃગનો જન્મ ૧૮મી ડિસેમ્બર, ૧૯૪૦ના રોજ કલિકટમાં થયો હતો, પરંતુ બે જ વર્ષ પછી એમનો પરિવાર મુંબઈ આવીને સ્થાયી થયો હતો. હીરાલાલ મૃગનું બચપણ ઘાટકોપરમાં વિત્યું અને તરૂણાવસ્થા તથા યુવાવસ્થાના શરૂઆતના વર્ષો વડાલામાં વિત્યા. પોદ્દાર કોલેજમાં એમણે ઈન્ટર કમર્સ સુધી અભ્યાસ કર્યો અને ત્યાં જ એમણે જીસીડીનો કોર્સ પણ કર્યો. આ ઉપરાંત એમણે દાવર કોલેજ તથા ગુપ્તા કોલેજમાં મિકેનિકલ ડ્રોઈંગ એન્ડ ડિઝાઈનિંગના કોર્સ પણ કર્યા.

કરીઅરની શરૂઆત ભારત ટ્રાન્સપોર્ટ કંપની સાથે કરીને તેઓ પારલે બોટલિંગ કંપનીમાં જોડાયા, જ્યાં ચાર વર્ષ સુધી ખૂબ મહેનત કરી. પાર્લેની સાથી કંપની ડાયનાટ્રોનમાં એન્જીનીઅરિંગ તથા માર્કેટિંગના પાઠ શીખ્યા. ૧૯૬૯માં એમણે પોતાનો સ્વતંત્ર ધંધો શરૂ કર્યો અને ત્યાર પછી નવી મુંબઈમાં પોતાની વિશાળ ફેક્ટરી શરૂ કરી.

હીરાલાલ મૃગ આજે સેટેલાઈટ કન્વેયર્સ પ્રાઈવેટ લિમિટેડ કંપનીના માલિક છે. તેઓ યુએસએ, જર્મની, ઈટલી વગેરે જેવા દેશોનો પ્રવાસ કરી ચૂક્યા છે. પત્ની મનોરમાબહેનનો સુખી દાંપત્ય જીવનનો સાથ મળ્યો છે. દીકરી દર્શનાના લગ્ન થઈ ગયા છે અને એ પણ પિતાની સાથે ફેક્ટરીનું કામ સંભાળી રહી છે.

હીરાલાલ મૃગે યુવાવયથી જ સમાજસેવામાં રસ લીધો અને વિવિધ રીતે પોતાનું યોગદાન આપ્યું છે, જેની કદરરૂપે એમને અનેક એવોર્ડ્સથી સન્માનીત કરવામાં આવ્યા છે.



**Antarno zalkaat:**
An autobiography of Hiralal Mrug

© **મનોરમા મૃગ**

**લેખકઃ** હીરાલાલ મૃગ

**શબ્દાંકનઃ** નિખિલ મહેતા

**સંપાદન સહાયઃ** દર્શના કેસરીઆ

**કવર-લેઆઉટ ડિઝાઈનઃ KCG**
Kiran Computer Graphics

**પ્રથમ આવૃત્તિઃ** એપ્રિલ ૨૦૨૦

**કિંમતઃ ૭૫૦/- રૂપિયા**

**પ્રકાશક :**
**મુલુંડ ટાઈમ્સ પબ્લિકેશન સેન્ટર**
**૧૮/એ, મોનાણી સદન, જવાહરલાલ નહેરૂ રોડ,**
**મુલુંડ (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.**

# અંતરનો ઝળકાટ



**હીરાલાલ મૃગ**

સંપાદન સહાય
**દર્શના કેસરીઆ**

# અર્પણ



પૂજ્ય મુલજી કાનજી પેરાજ મૃગ (અધા)
(ગામઃ જખૌ)

અને

પૂજ્ય સાકરબાઈ મુલજી મૃગ (બાઈ)
(ગામઃ જખૌ)



## || શ્રી સત્ય નારાયણ ||

|| જન્માદ્યસ્ય યતોન્વયા દિતરત । શ્ચાર્થેષ્વભિજ્ઞઃ સ્વરાષ્ટ્ ||
|| તેને બૃહમ હરદાય આદિ કવચે । મુહ્યન્તિ યત્સૂરયઃ ||
|| તેજો વારિ મૃદાં તથા વિનિમયો યત્ર ત્રિસર્ગો મૃષા ||
|| ધામ્ના સ્વેન સદા નિરસ્ત કુહકં સત્યં પરં ધીમહિ ||

|| जन्माधस्य यतोन्वता दितरत । श्चार्थेष्वभिज्ञः स्वराष्ट् ||
|| तेने बृहम हरदाय आदि कवचे। मुह्यन्ति यत्सूरय :||
|| तेजो वारि मृदां तथा विनिमयो यत्र त्रिसर्गो मृषा ||
|| धाम्ना स्वेन सदा निरस्त कुहकं सत्यं परं धीमहि ||



## || શ્રી ઝુલેલાલ ||

નમો નમસ્તે સ્ફટિક પ્રભાય સુશ્વેતહારાય સુમંગલાય ।
સુપાશહસ્તાય ઝષાસનાય જલાધનાથાય નમો નમસ્ત

नमो नमस्ते स्फटिक प्रभाय सुश्वेतहाराय सुमंगलाय।
सुपाशहस्ताय झषासनाय जलाधनाथाय नमो नमस्त



# મારા મનની વાત

એક સંતોષકારક જીવન જીવ્યા પછી માણસ આત્મકથા લખે ત્યારે એની પાછળ એના બે આશય હોય. એક તો આ કવાયત દ્વારા એ પોતાની આખી જિંદગીને ફરીથી જીવવાનો આનંદ માણી શકે છે. બીજું કારણ એ પોતાના સગાસ્નેહીઓ તથા પરિચિતજનો માટે એક યાદગીરી મૂકતા જવાની ખ્વાહીશ રાખે. આત્મકથા લખવા પાછળનો મારો આશય પણ કંઇક આવો જ છે. જોકે મારા મનમાં આ બાબતે કેટલાક અન્ય વિચારો પણ હતા.

આમ તો મહાન હસ્તીઓ આત્મકથા લખતી હોય છે અને એમના જીવન વિશે જાણીને અન્ય લોકો પ્રેરણા લેતા હોય છે. રાજકારણીઓ, લેખકો, ઉદ્યોગપતિઓ, સમાજસેવકો, કલાકારો વગેરે પોતાની આત્મકથા લખે ત્યારે એમને વાંચનારાનો એક નિશ્ચિત વર્ગ હોય છે. જાહેર હસ્તીની આત્મકથા ક્યારેક વિવાદસ્પદ પણ બનતી હોય છે અને ક્યારેક આવી આત્મકથામાં લખનાર પોતાના જીવનના કેટલાક મહત્વના કે વિવાદાસ્પદ પ્રસંગોના ખુલાસા પણ કરતાં હોય છે. મારી વાત તદ્દન ભિન્ન છે.

હું મારી જાતને કોઇ મહાન હસ્તી માનતો નથી, પરંતુ મારા જીવનમાં મેં જે સિદ્ધ કર્યું છે અને એની અન્ય લોકો તથા સંસ્થાઓ દ્વારા જે રીતે કદર થઇ રહી છે એના પરથી હું એટલું તો આત્મવિશ્વાસ સાથે કહી શકું કે મેં જીવનને સાર્થક કર્યું છે. જીવનના પડકારોને સફળતાપૂર્વક ઝીલવાથી માંડીને પરિવાર, જ્ઞાતિ તથા સમાજ પ્રત્યેની જવાબદારીઓ નિભાવવામાં કોઇ પાછીપાની નથી કરી.


મારા
મનની
વાત

આ

કરું.


આત્મકથા લખવા માટેનું એક કારણ મને એવું પણ લાગ્યું છે કે મારા જીવનમાં જે લોકોએ મને પ્રેરણા આપી છે અથવા મને મદદરૂપ થયા છે એમને યાદ કરીને એમના પ્રત્યે મારી કૃતજ્ઞતા વ્યકત કરું. આ ઉપરાંત, હું જેમ અન્યો પાસેથી શીખ્યો છું એમ મારી પાસેથી પણ મારા સંપર્કમાં આવેલા અનેક લોકો શીખ્યા હશે. હું ઇચ્છું છું કે આવનારી પેઢીના યુવાનો પણ જો મારી આત્મકથા વાંચીને કોઇ પ્રેરણા લશે, કંઇક શીખશે તો મને એનો ખૂબ જ આનંદ થશે.

આ આત્મકથા દ્વારા હું તો ફરીથી મારી જિંદગી જીવવાનો આનંદ મેળવી જ શક્યો છું. મને આશા છે કે આ વાંચીને મારા જીવન સાથે કોઇને કોઇ તબક્કે જોડાયેલા લોકો પણ મારી સાથેના પ્રસંગો યાદ કરીને ફરીથી એ ક્ષણોને માણશે. આ આત્મકથા કોઇ પુસ્તક નથી, કાયમી સંભારણાનું એક ભાથું છે. આ સંભારણા થકી મારા સ્નેહીજનો મને હંમેશાં માટે યાદ રાખશે એવી મને આશા છે.



# આત્મકથા

# પ્રસ્તાવના



## ખૂબ જ રસપ્રદ અને પ્રેરણાદાયક આત્મકથા

કોઇ પુસ્તકની સમીક્ષા કે પ્રસ્તાવના લખવાનું કામ બહુ મોટી જવાબદારીનું છે. લેખકનું પુસ્તક આખું વાંચીને પછી જ એને ન્યાય આપી શકાય. કચ્છી સમાજના પ્રતિષ્ઠીત ઉદ્યોગપતિ હીરાલાલ મૃગની આત્મકથા માટે જ્યારે મને પ્રસ્તાવના લખવાનું કહેવામાં આવ્યું ત્યારે પહેલા તો એ વિનંતિનો અસ્વીકાર કરવાનું મન થયું, કારણ કે આવા પુસ્તકનું મૂલ્યાંકન કરવાનું કામ મેં અગાઉ ક્યારેય કર્યું નથી. જોકે બીજી રીતે આ કામમાં મને રસ પણ પડ્યો, કારણ કે ઝીરોમાંથી હીરો બનેલા એક ઉદ્યોગપતિ જ્યારે પોતાની આત્મકથા લખવાનું નક્કી કરે ત્યારે એમાં નિશ્ચિતપણે અનેક રસપ્રદ વાતો હોવી જોઇએ એમ મને લાગ્યું. એ રીતે વિચારતાં આ કામમાં મને વ્યક્તિગત રીતે રસ પડ્યો અને મેં પડકાર ઝીલી લીધો.

હીરાલાલ મૃગે પોતાના કોલેજકાળથી જીવનની સંઘર્ષકથા શરૂ કરી અને ભારે ખંત કરીને જીવનમાં આગળ વધ્યા. પોતે એન્જિનિયર નહોતા, છતાં મિકેનિકલ લાઇનના વ્યવસાયમાં એવા ઊંડા ઊતર્યા કે કોઇ નિષ્ણાત એન્જિનિયર પણ એમની પાસે મૂંઝાઇ જાય. ગોલ્ડ સ્પોટ કંપનીના માલિકો તથા ત્યાંના પ્રતિભાશાળી ઉચ્ચ અધિકારીઓ પાસેથી તેઓ બિઝનેસના પાઠ શીખ્યા અને એ એમણે જીવનમાં ઊતાર્યા.

આત્મકથાના મુસદ્દાની હસ્તલિખિત પ્રત મારા હાથમાં છે અને એ વાંચતા જ હું રોમાંચ અનુભવું છું. ભારે મહેનત, નિષ્ઠા અને સદ્વ્યવહારનો ત્રિવેણી સંગમ શ્રી હીરાલાલ મૃગના વ્યક્તિત્વમાં છે. ખાસ તો શ્રી હીરાલાલ મૃગ બિઝનેસમાં તથા વહેવારમાં પોતાના જીવન સાથે સંકળાયેલી વ્યક્તિઓ સાથે કઇ રીતે સંબંધો જાળવે છે, નિભાવે છે એ હકીકત એમની આત્મકથામાં ઠેકઠેકાણે જાણવા મળે છે.

હીરાલાલ મૃગે પોતાની આત્મકથામાં ઘણી જ નિખાલસતાથી વાતો લખી છે. જેમ કે કોલેજમાં હતા ત્યારે તેઓ કેવી મજાકમસ્તી કરતાં હતા અને વધારાના પૈસા કમાવા માટે ક્યારેક કેવી ટ્રીક્સ અજમાવતા હતા એ વિશેના બહુ મજાના અનુભવો લખ્યા છે. એ સાથે જ લાગણીસભર પ્રસંગોની રજૂઆત પણ એમણે બહુ અસરકારક રીતે કરી છે. જેમ કે તેઓ સ્કૂલમાં ભણતા હતા ત્યારનો પિતાજી સાથેનો એક પ્રસંગ એમણે જે રીતે સ્મૃતિમય કર્યો છે એ વાંચીને કોઇ પણ લાગણીવશ બની જશે.

બિઝનેસ સાથે સંકળાયેલા લોકોને ઉપયોગી નીવડે એવી માહિતિ હીરાલાલ મૃગની આત્મકથામાં અનેક જગ્યાએ જોવા મળે છે. આ બાબતમાં લેખકે બહુ જ નિખાલસતાથી અને વિસ્તારપૂર્વક પોતાના વ્યુહ તથા પોતાની પદ્ધતિ વર્ણવી છે. જેમ કે નવી મુંબઇની જગ્યા ખરીદવા માટે એમણે કેવી રીતે સોદો પોતાની ફેવરમાં લેવાનો વ્યુહ કર્યો એ એક વાંચવાલાયક રોચક પ્રસંગ છે. એ જ રીતે પ્રોપર્ટીમાં મૂડી રોકાણ કરવાની બાબતમાં કઇ રીતે એમણે નિપૂણતા મેળવી એની વાત પણ એમણે કરી છે.

એક ઉદ્યોગપતિની જિંદગીમાં ફક્ત પૈસા અને બિઝનેસ નથી હોતા. ઉદ્યોગપતિની અંગત જિંદગી પણ ઘણી રોચક હોઇ શકે છે એ શ્રી હીરાલાલ મૃગે પોતાની અંગત જિંદગી અને દોસ્તો સાથે કરેલી મોજમજા વિશે લખેલા પ્રસંગો પરથી જાણવા મળે છે. યુવાનીમાં તેઓ દાંડિયા રાસ રમવામાં ચેમ્પિયન હતા અને આજેય એમને દાંડિયા રમવાનો શોખ છે એ જાણીને આપણને આનંદ પણ થાય અને આશ્ચર્ય પણ. આ ઉપરાંત પત્ની તથા ભત્રીજા, ભત્રીજીઓને ફિલ્મો જોવા લઇ જવા, એમને મજા કરાવવી એ બધા સંભારણા શ્રી હીરાલાલ મૃગે પોતાની આત્મકથામાં સરસ રીતે વણી લીધા છે. હીરાલાલજીએ વ્યક્ત કરેલા વિચારો અને એમની લાગણીઓને નિખિલ મહેતાએ પૂરી ચોકસાઇ સાથે શબ્દોમાં ઝીલ્યા છે.

શ્રી હીરાલાલ મૃગના જીવનની સૌથી પ્રેરણાદાયક વાત એમની સમાજસેવાની ભાવના અને એ માટે એમણે કરેલા પ્રયાસોની છે. સમાજને પાછું આપવાની ભાવના એમનામાં નાની ઉંમરથી રહી છે. લાયન્સ ક્લબના હોદ્દેદાર તરીકે એમણે અનેક સેવાકાર્યો કર્યા અને ત્યાર પછી આજ દિન સુધી તેઓ અનેક પ્રકારની ચેરિટીની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા રહ્યા છે.

શ્રી હીરાલાલ મૃગનું સમગ્ર જીવન એક સફળ કર્મવીર તરીકેનું છે અને એમણે એક આદર્શ જીવન કેવી રીતે જીવાય એનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. એમની આત્મકથા રસપ્રદ તો છે જ, પ્રેરણાદાયક પણ છે. બિઝનેસમાં આગળ વધવા માંગતા યુવાનો માટે એ વિશેષ પ્રેરણાદાયક બની શકે.


મારા માટે એ બમણી ખુશીની વાત છે કે શ્રી હીલાલાલ મૃગની આત્મકથાની પ્રસ્તાવના લખવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું અને એની સાથોસાથ આ પુસ્તક અમારા મુલુંડ ટાઇમ્સ પબ્લિકેશન્સ દ્વારા પ્રકાશિત થઇ રહ્યું છું. મને આશા છે કે આ પુસ્તકને બહુ મોટી સફળતા મળશે અને શ્રી હીરાલાલ મૃગની પ્રતિષ્ઠાનો સૂરજ હંમેશાં માટે ચમકતો રહેશે.

**-જયંત છેડા**
તંત્રી, ગુર્જરમાત

# અનુક્રમણીકા

INDEX


| | વિષય | પૃષ્ઠ ક્રમ |
|---|---|---|
| | અર્પણ | |
| | મારા મનની વાત | |
| | પ્રસ્તાવના | |
| પ્રકરણ ૧ | પાંખો ફૂટી અને મેં ઊડવાનું શરૂ કર્યું | ૧ |
| પ્રકરણ ૨ | ગોલ્ડ સ્પોટઃ જીવનની પ્રેક્ટિકલ યુનિવર્સિટિ | ૨૧ |
| પ્રકરણ ૩ | સામાજિક ફરજ અને પ્રતિષ્ઠા | ૩૧ |
| પ્રકરણ ૪ | આઝાદ નગર તો ક્યારેય નહીં ભૂલાય | ૩૯ |
| પ્રકરણ ૫ | જીવનસાથીનો સાથ અને સહકાર | ૪૯ |
| પ્રકરણ ૬ | અંધેરીઃ જીવનનો મધ્યાહ્ન અને સફળતાના સોપાન | ૬૩ |
| પ્રકરણ ૭ | નવી મુંબઈમાં મોટો જમ્પઃ નવા શિખરો સર કર્યા | ૭૩ |
| પ્રકરણ ૮ | મારા વિચાર, મારી લાગણીઃ હીરા માણેક અને મોતી | ૮૫ |
| પ્રકરણ ૯ | સફળતા મેળવવા માટેની મારી ચાવીઆ | ૯૧ |
| પ્રકરણ ૧૦ | એમની હૂંફ અને ઉષ્મા નહીં ભૂલીએ | ૯૯ |
| | સન્માનની તવારીખ | ૧૨૯ |



# પાંખો ફૂટી અને મેં ઊડવાનું શરૂ કર્યું

## પ્રકરણ ૧






હવામાં ઠંડીની લહેર હતી, પરંતુ અમે સૌ અંતરની ઉષ્મા અનુભવી રહ્યા હતા. અમે એટલે હું, મારા સાળા સુરેન્દ્રભાઇ ખટાઉ અને એમના પત્ની માલતી બહેન, મારો ભત્રીજો રાહુલ, એની પત્ની આકાંક્ષા, મારા જમાઇ સૌરભ વગેરે. સ્થળ હતું અમદાવાદનો ભવ્ય ફોરમ હોલ. પ્રસંગ બહુ મોટો હતો. દેશ વિદેશના અનેક મહાનુભાવો પધારવાના હતા. લગભગ પાંત્રીસ દેશોમાંથી પસંદ કરવામાં આવેલી ખાસ વ્યક્તિઓને 'જ્વેલ ઓફ ગુજરાત' એવોર્ડ એનાયત કરવાનું નક્કી થયું હતું. આ નસીબદાર અને કર્મવીર એકસો મહાનુભવોમાં મારો પણ સમાવેશ થતો હતો અને હું તથા મારા આત્મીયજનો એ જ ઉષ્મા અનુભવી રહ્યા હતા. હું જરા અસ્વસ્થ હતો. અગાઉ મને એવોર્ડ્સ તો મળ્યા છે, પરંતુ આટલા મોટા પાયે ક્યારે મારું સન્માન થયું નહોતું. સમારંભના સ્થળે જે વાતાવરણ હતું એ કોઇને પણ ચકાચોંધ કરે એવું હતું. હું જરા અસ્વસ્થતા અનુભવી રહ્યો હતો.



મનિષ મીડિયાના ચાંદમલ કુમાવતના હાથે 'જ્વેલ ઓફ ગુજરાત એવોર્ડ' સ્વીકાર્યો

કાર્યક્રમ ચાલુ થયો અને છેવટે એવોર્ડ વિજેતા તરીકે મારું નામ એનાઉન્સ થયું. એન્કરીંગની ભૂમિકા કરતી મિઝ વિધિ મારું નામ બોલી કે તરત સ્ટેજ પર બે એસ્કોર્ટ યુવતીઓ મને આવકારવા નજીક આવી. હું સ્ટેજ તરફ ગયો. એવોર્ડ આપનાર મહાનુભાવ દ્વારા મારી પ્રસંશા થઇ. તેઓ શું બોલ્યા એ મને યાદ નથી, કારણ કે ચારે તરફ તાળીઓના ગડગડાટનો અવાજ હતો. હું દંગ થઇને ચારે તરફ જોતો રહ્યો.

એવોર્ડ સમારંભ દરમિયાન મેં અનુભવેલી ઉત્તેજનાની લાગણી ઘણા સમય સુધી મારા હૃદયમાં ધબકતી રહી. ત્યાર પછી મારી આસપાસ જે કંઇ બની રહ્યું હતું એનાથી હું જાણે અળગો થઇ ગયો હતો. હું મારી જાતમાં જ ખોવાઇ ગયો હતો. એ એક એવોર્ડ, એક સન્માને જાણે મને અંદરથી ઢંઢોળી નાંખ્યો હતો. મુંબઇ પાછા ફરતી વખતે સૌ સાથે પ્લેનમાં ગોઠવાયા. પ્લેન ટેક ઓફ થયું ત્યારે હું જરા એકલો પડ્યો. બારીમાંથી નીચેનું વિશ્વ દેખાઇ રહ્યું હતું. મારા મનની અંદર વિચારોનું ઝંઝાવાત શરૂ થયું. બસ, આ જ રીતે મારા જીવનની પણ એક ઉડાન શરૂ થઇ હતી અને હું જીવનમાં ઉપર ને ઉપર પહોંચતો ગયો. મારા માનસપટ પર બચપણથી માંડીને યુવાની અને ત્યાર પછી બનેલી સઘળી ઘટનાઓની ઝલક ફરકવા લાગી.

બચપણ પૂરું થયાને તો દાયકાઓ વીતી ગયા, પરંતુ કેટલીક યાદો એવી છે, જે હજુ તાજી હોય એવી લાગે છે. કેટલાક પ્રસંગો આજેય આંખ સામે ઝળકતા રહે છે. એ સમયે હું સાવ નાનો હતો. મારા પિતાજી, બા, મોટા ભાઇ, બહેનો, કાકા, એ બધાની છત્રછાયામાં હુ સલામત હતો. જખૌ અમારું ગામ. જખૌ બંદરે દેશવિદેશથી વહાણો આવતા એના પર ગામનો મોટા ભાગનો કારભાર ચાલતો. મારા પિતાજી અને કાકા ત્યારે એક વહાણવટાની કંપની 'કાનજી પેરાજ' ચલાવતા હતા. કરાચીમાં કંપનીની ઓફિસ હતી. એમ કહેવાતું કે એક વહાણ આવે એના પર પચાસ ઘર નભતા. અમારા ગામના અનેક સાહસિક વેપારીઓ વેપારધંધા માટે વહાણમાં મુસાફરી કરીને આફ્રીકા તથા અખાતના દેશો તરફ નીકળી પડતા અને પછી ત્યાં જ વેપારધંધા કરીને, પૈસા કમાઇને પાછા ફરતા. પૈસા ખૂટી જાય એટલે અમુક સમય પછી ફરી વેપારધંધા માટે નીકળી પડતા.

વિદેશ જવા માટેના મોટા વહાણ કે જહાજ અવારનવાર નહોતા ઊપડતા. એક વહાણ ઊપડે એ પછી ક્યારેક મહિનાઓ સુધી બીજું વહાણ ઊપડતું નહીં. આવા સમયે વેપારીઓ નાની ફતેહમારીમાં બેસીને પ્રવાસે ઊપડી જતા. ફતેહમારી એટલે નાની હોડી. એક વહાણ વીસ ફતેમારી જેટલું મોટું રહેતું. ફતેહમારીની ઝડપ મોટા વહાણ જેટલી નહોતી અને એનો પ્રવાસ એટલો સલામત પણ નહોતો ગણાતો છતાં દરિયાના ટૂંકા પ્રવાસ માટે ફતેહમારીનો ઉપયોગ થતો.

૧૯૩૨-૩૫ની આસપાસનો સમય હતો. પરિસ્થિતિ એવી ઊભી થઇ કે વિદેશથી વહાણો આવતા બંધ થઇ ગયા. કદાચ ઇસ્ટ ઇન્ડિયા કંપનીને કારણે. ગામના લોકોની રોજગારી બંધ થઇ ગઇ. સૌ આર્થિક મુશ્કેલીઓ અનુભવવા લાગ્યા એટલે ગામના વેપારીઓએ સાથે મળીને વિદેશ પ્રવાસ ખેડવાનું શરૂ કર્યું. આવી જ સ્થિતિમાં એક વાર પિતાજી ફતેહમારીમાં બેસીને વેપારધંધા માટે વિદેશ જવા ઊપડ્યા અને એમના નાના ભાઇ દેવચંદભાઇ મૃગ (કાકા)એ મુંબઇ તરફ પ્રયાણ કર્યું અને ત્યાં સ્થાયી થયા. આ દરમિયાન દરિયામાં તોફાન આવ્યું અને પિતાજીની ફતેહમારી વિદેશના બદલે કેરળના દરિયા કિનારે પહોંચી ગઇ. પિતાજી કેરળના કાલીકટ બંદરે ઊતરી ગયા અને ત્યાં પોતાનું નસીબ અજમાવ્યું. વેપાર કરવા જ બહાર નીકળ્યા હતા એટલે જે મળે એ વેપાર કરવાનો હતો. વેપારી તરીકે દરેક વાતની સૂઝ હતી એટલે સ્થાનિક સ્તરે જે વેપાર શક્ય હતો



કાનજી પેરાજ કંપનીના વહાણોની જખૌ બંદરે નિયમિતપણે આવનજાવન હતી



કચ્છી વેપારીઓ અનેક અનિશ્ચિતાઓ વચ્ચે દરિયો ખેડવા નીકળી પડતા



દેવચંદભાઇ મૃગ (કાકા)



**પિતાજીની ફતેહમારી નિર્ધારિત સ્થળે જવાને બદલે કાલીકટ બંદરે પહોંચી ગઇ અને ત્યાંથી નવી જિંદગી શરૂ થઇ**

એમાં ઝુકાવ્યું. એમણે નાળિયેર અને કોપરાંનો ધંધો શરૂ કર્યો. ધીમે ધીમે નાળિયેરનો ધંધો જામતો ગયો અને પિતાજી નાળિયેરના એક પ્રતિષ્ઠીત વેપારી બની ગયા અને ત્યાં સ્થાયી થયા. મારો જન્મ આ રીતે કાલિકટમાં થયો. સાલ હતી ૧૯૪૦. અલબત્ત, મને એ સમયના કાલિકટનું કંઇ ખાસ યાદ નથી, કારણ કે એ સમયે હું બહુ જ નાનો હતો. પિતાજીમાં વેપારી સૂઝ સારી હતી અને વહેવારના પણ એકદમ ચોખ્ખા હતા એટલે એમની પ્રતિષ્ઠા પણ સારી જામી ગઇ. તેઓ સ્થાનિક ભાષા પણ શીખી ગયા હતા. જોકે પિતાજી પાસે વધુ પૈસા નહોતા એટલે તેઓ જે વેપાર કરતાં એ નાના પાયે કરતાં. એમની આવડત તથા પ્રતિષ્ઠાને કારણે વધુ મોટો વેપાર કરવા માટે એક ભાગીદાર મળી ગયા, જેમનું નામ હતું રામજીભાઇ લક્ષ્મીદાસ ખજૂરવાળા. ભાગીદારીમાં ધંધો બહુ વિકસ્યો. નાળિયેર અને કોપરાં ઉપરાંત તજ, મરી, વગેરેનો ધંધો પણ શરૂ થયો.



**એ સમયનું મુંબઇ અને વિક્ટોરીયા ટર્મિનસ**

કોચી, મેંગલોર, બડગરા, સેલમ, અલેપ્પી વગેરે શહેરોના વેપારીઓ સાથે ધંધાનો વહેવાર શરૂ થયો. ભાગીદાર મુંબઇના હતા અને કંપનીની હેડ ઓફિસ પણ મુંબઇમાં હતી. મારા જન્મ પછી તરત એટલે લગભગ ૧૯૪૧-૪૨માં પિતાજી પોતાના પરિવાર સાથે મુંબઇ શિફ્ટ થયા. કાલીકટના ધંધાનો વહેવાર ત્યાંના એક સ્થાનિક મેનેજર હસ્તક આપી દીધો. મુંબઇના મસ્જિદ બંદર વિસ્તારમાં અમે રહેતા, જ્યાં બીજા અનેક કચ્છી પરિવારો વસવાટ કરતા હતા.

તા.૧૪ એપ્રિલ ૧૯૪૪ શુક્રવારના એક મોટી ઘટના બની. વિક્ટોરિયા ગોદીમાં નાંગરેલી સ્ટીમ્બરમાં મોટા ધડાકા થયા, જેની અસર ગોદીની પાસે કચ્છી, ગુજરાતીઓના વિસ્તાર વડગાદી, મસ્જિદ બંદર, ભાતબજાર, ચીંચબંદરમાં વધુ થઈ અને જેમાં અનેક ઘરો નાશ પામ્યા. એંસી હજાર લોકો ઘર વિહોણા થઈ ગયા હતા. અમારું ઘર પણ છિન્નભિન્ન થઇ ગયું. જેમના ઘર નાશ પામ્યા હતા એમને નવાં ઘર મળશે એવી સરકારે જાહેરાત કરી હતી. જોકે ઘર ક્યારે મળે એ નક્કી નહોતું એટલે અમે ઘાટકોપર શિફ્ટ થયા. મસ્જિદ બંદરમાં અમારા જે પડોશીઓના ઘર નાશ પામ્યા હતા એ સૌ ઘાટકોપર રહેવા આવી ગયા. પ્રેમજી જેઠાની વાડી, કિરોલ રોડમાં અમે અને પિતાજીના નાનાભાઇ દેવચંદભાઇ વગેરે સૌ સાથે રહેવા આવ્યા. ગોદાવરીબહેન, બનેવી નેરસીભાઈ દૈયા પોતાના બાળકો સાથે રહેતા હતા. ભાણેજ રતનશી સાથે વિશેષ લગાવ હતો. નવાં ઘર માટે સરકાર સમક્ષ અમે સૌએ અરજી કરી હતી.



**મુંબઇમાં આવીને અમે મસ્જિદ બંદરમાં સ્થાયી થયા, પરંતુ થોડા જ સમયમાં ગોદીમાં ધડાકા થયા**



**કાલીકટમાં કોપરાં, ખજૂર વગેરેનો વેપાર શરૂ કર્યો**



**ભાણેજ રતનશી**



ઘાટકોપરની ગુરુકુળ સ્કૂલની ફરી મુલાકાત

ઘાટકોપર સાથે મારા બચપણની સૌથી જૂની યાદો સંકળાયેલી છે. મને ત્યારે ગુરુકુળ બાલમંદિરમાં મૂકવામાં આવ્યો હતો. એ સમયે પ્રાઇમરી સ્કૂલ પાંચમા ધોરણથી ગણાતી અને આઠમા ધોરણથી હાઇ સ્કૂલ ગણાતી. ઘાટકોપરમાં અમે સ્થાયી થયા ન થયા ત્યાં સમાચાર આવ્યા કે ગોદીના ધડાકા વખતે જેમના ઘર નાશ પામ્યા હતા એમને વડાલામાં સરકારે રૂમ આપવાનું શરૂ કર્યું છે. અમારા પરિવારને પણ એક સારી એવી રૂમ ફાળવવામાં આવી હતી. તરત જ અમે વડાલાના આઝાદ નગરમાં શિફ્ટ થયા. મારા કાકાને પણ એ જ પ્રમાણે એક અલગ રૂમ ફાળવવામાં આવી હતી. અમને ચાલ નંબર ૧૫માં ૨ નંબરની રૂમ ફાળવવામાં આવી હતી જ્યારે કાકાને ચાલ નંબર ૨૨માં ૮ નંબરની રૂમ ફાળવવામાં આવી હતી. ઘાટકોપરના અમારા પડોશીઓને પણ ત્યાં રૂમ મળી. લગભગ ૫૦૦ થી ૭૦૦ કચ્છી પરિવારોને આઝાદ નગરમાં રૂમ મળી હતી.

અમે વડાલા શિફ્ટ તો થયા, પરંતુ મારી સ્કૂલ તો ઘાટકોપરમાં હતી. હું બીજા ધોરણમાં હતો ત્યાં સુધી અમે ઘાટકોપર જ હતા. ત્રીજું ચોથું બાલમંદિરમાં અને પાંચમું ધોરણ મેં એ સ્કૂલમાં જ પૂરું કર્યું. બાલમંદિર અને સ્કૂલે જવા માટે હું વડાલાથી દરરોજ ઘાટકોપર જતો. અલબત્ત, મારી સાથે સ્કૂલમાં ભણતા બીજા કેટલાક છોકરાઓ પણ મારી જેમ જ ઘાટકોપર આવતા. સ્કૂલે જવા માટે હાર્બર લાઇનની ટ્રેન પકડતા. ક્યારેક વડાલાથી સીધી ઘાટકોપર પરની ટ્રેન મળતી. એ ન મળે તો વડાલાથી કુર્લા અને ત્યાંથી ટ્રેન બદલીને પછી ઘાટકોપર જતા.

બાલમંદિરના એ દિવસોનું મને હજુય સ્મરણ છે. ખાસ તો પિતાજી સાથેનો એક પ્રસંગ હંમેશાં માટે મારા મન પર અંકિત થઇ ગયો છે. અમારી સ્કૂલ સવારની હતી એટલે બાર વાગ્યે છૂટીને અમે ટ્રેનમાં ઘરે પાછા આવી જતાં. નાસ્તા માટે ઘરેથી ડબ્બો લઇ જતા. એક વાર એવું બન્યું કે સ્કૂલે પહોંચ્યા પછી અમને જાણ કરવામાં આવી કે



ઘાટકોપરમાં પ્રેમજી જેઠાની વાડીમાં જૂનાં ઘરની જગ્યા





ગુરુકુળ સ્કૂલ હવે તો બહુ મોટી બની ગઇ છે અને એની પ્રતિષ્ઠા પણ ખૂબ વધી છે.

આજે સ્કૂલ સવારની નહીં પણ બપોરની છે. એટલે કે અગિયારને બદલે અમારે બપોરે ત્રણ ચાર વાગ્યે છૂટવાનું હતું. અમને તો કોઇ ફરક ન પડ્યો, ઊલટું મજા આવી. અમે અગિયાર વાગ્યા સુધી ટાઇમ પાસ કર્યો અને પછી સ્કૂલમાં ગયા. એક સમસ્યા એ થઇ કે ત્રણ વાગ્યે છૂટ્યા ત્યારે ભૂખ બહુ લાગી હતી. સાથેનો ડબ્બો તો ખવાઇ ગયો હતો અને ખિસ્સામાં પૈસા નહોતા. જેમ તેમ કરીને અમે સમય પસાર કર્યો અને સ્કૂલ છૂટ્યા પછી ઘર તરફ પાછા આવવા નીકળ્યા. એ સમયે અમે એ વિચાર્યું જ નહોતું કે અચાનક મોડું થવાને લીધે ઘરના લોકોને કેવી ચિંતા થઇ હશે. સ્કૂલ બપોરની થઇ ગઇ છે એની ઘરના લોકોને તો ખબર ન હોય એ સ્વાભાવિક છે અને એમને અમારી ચિંતા થાય એ પણ સ્વાભાવિક છે. પરિવારના લોકો બપોરના છેક બાર વાગ્યાથી અમારી રાહ જોતા હતા. પછી તો સ્કૂલેથી પાછા ફરેલા અમુક છોકરાઓએ સ્કૂલ બપોરની થવા વિશેની જાણકારી વડીલોને આપી.



પ્રેમજી જેઠાની વાડીમાં અહીં નવરાત્રિનો ઉત્સવ ધામધૂમથી ઉજવાતો હતો



**મુલજી કાનજી મૃગ (ઠક્કર)**

હવે જે ઘટના બની એણે મને એવો લાગણીવશ કરી દીધો અને એની અસર એટલી મોટી હતી કે આજેય એ પ્રસંગ યાદ કરું તો મારી આંખમાં આસું આવી જાય છે. અમે ઘાટકોપરથી કુર્લા ગયા અને આ તરફ પિતાજી મને લેવા માટે ઘાટકોપર તરફ આવવા નીકળ્યા. એમણે પણ હાર્બરની ટ્રેન પકડી અને તેઓ કુર્લા ઊતર્યા. જોગાનુજોગ એવું બન્યું કે હું અને પિતાજી બંને એક જ સમયે કુર્લા સ્ટેશનના અલગ અલગ પ્લેટફોર્મ પર હતા. પિતાજીને જોઇને હું ખુશ થઇ ગયો. પછી તો હું પિતાજીને વળગી પડ્યો. પિતાજીએ મને વાત્સલ્યભાવથી ગળે લગાડ્યો. હું રડી પડ્યો. પિતાજીની છત્રછાયામાં મેં એવી હૂંફ અને એવી ઉષ્મા અનુભવી, જે બાકીના જીવનમાં મેં ભાગ્યે જ ક્યારેય નથી અનુભવી. સુખદ મિલન થયા પછી તો આનંદ જ આનંદ હતો. પિતાજી મને સ્ટેશનની અંદર આવેલા એક ઇરાની સ્ટોલમાં લઇ ગયા.

હવે તો મુંબઇમાં ઇરાની હોટલો રહી નથી, પરંતુ એ સમયે ઇરાની હોટલનું એક ખાસ કલ્ચર હતું. એક તો જગ્યા વિશાળ હોય અને તમે ગમે એટલી વાર બેસો તોય હોટલના માલિક તમને ઊઠવાનું ન કહે. બીજું ઇરાની હોટલમાં તમે તમારા ઘરનું ખાવાનું ખાવ તોય ઇરાની શેઠ વાંધો ન લે. ઊલટુ, તમારા ટેબલ પર પાણીનો ગ્લાસ મૂકી જાય. આજકાલ સીસીડી એટલે કે 'કાફે કોફી ડે'માં બેસીને મિત્રો ગપાટાં મારતા હોય છે એમ ત્યારે ઇરાની હોટલો મિત્રોની ગપસપ માટેનો અડ્ડો બની રહેતી. હજી પણ આ ટાઈપની એક ઈરાની હોટેલ વડાલામાં છે.  સ્ટેશનમાંના ઇરાની સ્ટોલમાં પિતાજીએ મને નાસ્તો કરાવ્યો હતો. ત્યાં ખાધેલા એ બનમસ્કા પાઉં અને કેકનો સ્વાદ આજેય મારી જીભ પર છે. એ સ્વાદની સાથે જ પિતાજીની હૂંફ અને એમની લાગણીનું સ્મરણ મારી યાદદાસ્તમાં હંમેશાં માટે વણાઇ ગયું છે.



**ઇરાની રેસ્ટોરાંનું કલ્ચર જ અલગ હતું**






**પોદાર કોલેજનું એક વર્ષ યાદગાર રહ્યું**

ત્યારે મારી ઉંમર ઘણી નાની હતી, પરંતુ એટલું તો સમજી શકતો હતો કે પિતાજીને મારી ચિંતા થઇ એટલે તેઓ મને લેવા આવ્યા હતા. એમને લાગ્યું કે છોકરો ભૂખ્યો થયો હશે. પિતાનું વાત્સલ્ય અનુભવવાનું આવું સૌભાગ્ય દરેકના નસીબમાં નથી હોતું.

આપણા જીવનમાં પિતાનું મહત્વ કેટલું હોય છે એ બધા નથી જાણતા હોતા. માતા ઘરનું માંગલ્ય હોય છે તો પિતા ઘરનું અસ્તિત્વ હોય છે. પિતાનું આટલું મહત્વ હોવા છતાં એમના વિશે વધુ લખવામાં કે બોલવામાં નથી આવતું. વ્યાખ્યાનકારો, સંતો મહાત્માઓ, લેખકો અને કવિઓએ પણ માતાને જ મહત્વ આપ્યું છે. સંસારની દરેક સારી વસ્તુને માતાની ઉપમા આપવામાં આવે છે.

પિતા વિશેની વાસ્તવિકતા એ છે કે માતા પાસે આસુંનો દરિયો હોય છે તો પિતા પાસે સંયમની દિવાલ હોય છે. માતા રડીને છૂટી પડી જાય છે, પરંતુ તેને સાંત્વન આપવાનું કામ તો પિતાએ જ કરવું પડે છે. રોજ સગવડો કરી આપનારી માતા આપણને યાદ રહે છે, પરંતુ ઘાંચીના બળદની જેમ પિલાયા કરતાં પિતાને આપણે સહજતાથી ભૂલી જઇએ છીએ. દેવકી યશોદાના કાર્યની આપણે ચોક્કસ પ્રસંશા કરવી જોઇએ, પરંતુ નદીના પૂરમાંથી મધરાતે માથાં ઉપર બાળકને સુરક્ષિતપણ લઇ જનારા વાસુદેવના કાર્યને પણ મહત્વ આપવું જોઇએ. રામ એ કૌશલ્યાના પુત્ર જરૂર છે, પરંતુ પુત્રના વિયોગથી તરફડીને મૃત્યુ પામ્યા એ પિતા દશરથ જ હતા.



**વિજયભાઇએ પિતાજીની ખોટ સાલવા નહોતી દીધી**

છઠ્ઠા ધોરણ પછી મેં માટુંગામાં ભણવાનું શરૂ કર્યું. એ સમયે માટુંગાની અમુલખ સ્કૂલ બહુ જ પ્રતિષ્ઠિત હતી, પરંતુ એમાં એડમિશન મેળવવાનું મુશ્કેલ હતું. એ સ્કૂલમાં ટેકનિકલ અને કોમર્સ બંને ફેકલ્ટી હતા. એ સમયે અમુલખ સ્કૂલના પ્રિન્સિપાલ સોલી પાવરી હતા અને એ બહુ જ સ્ટ્રીક્ટ હતા. એડમિશન માટે હું એક વાર એમને મળ્યો હતો. અમુલખમાં મને એડમિશન ન મળ્યું, પરંતુ મારા મોટા ભાઇ વિજયભાઇ ભણવામાં હોંશિયાર હતા એટલે એમને ત્યાં એડમિશન મળી ગયું. મેં સાર્વજનિક સ્કૂલમાં એડમિશન લઇને સંતોષ માન્યો. સ્કૂલના પ્રિન્સિપાલ હતા શ્રી આર. સી. પંડ્યા. જોકે મને એ વાતનો કોઇ રંજ નહોતો. ભણવામાં હું એવો હોંશિયાર નહોતો, જરા તોફાની હતો.

અમારી ઘાટકોપરની વાડીલાલ ચત્રભૂજ હાઇસ્કૂલનો એક પ્રસંગ મને યાદ આવે છે. ત્યારે એ સ્કૂલના પ્રિન્સિપાલ હતા મનુભાઇ વૈદ્ય અને વાઇસ પ્રિન્સિપાલ હતા જે. પી. શાહ. હું પાંચમા ધોરણમાં ભણતો હતો અને વિજયભાઇ આઠમા ધોરણમાં ભણતા હતા. એક વાર બેન્ચ પરથી હું રમતાં રમતાં પડી ગયો અને કપાળ તથા આંખની નજીક સારી એવી ઇજા થઇ. એ પ્રસંગ પણ મને યાદ છે. સ્કૂલમાં ફર્સ્ટ એઇડ તરીકે ટીંચર બેન્જોન નામની દવા રાખવામાં આવતી, જેનાથી તરત રૂઝ આવી જતો અને એ દવા એવી હતી કે રૂઝ ન આવે ત્યાં સુધી એ ઊખડતી નહોતી. મને શ્રી વૈદ્ય સાહેબે સારવાર આપી હતી.

સાર્વજનીક સ્કૂલમાં એસએસસી ભણ્યો ત્યાં સુધીમાં મારામાં ઘણી સમજણ આવી ગઇ હતી. ભણવાની સાથોસાથ દોસ્તારો સાથે રખડવાનું અને ફિલ્મો જોવાનું પણ બનતું. સંગીત પ્રત્યે મને વિશેષ રૂચિ હતી. એ સમયે રાજકપૂર, દેવ આનંદ અને દિલીપ કુમારની ફિલ્મોના ગીતો ખૂબ લોકપ્રિય થયા હતા અને હું બાથરૂમમાં એ ગીતો ગણગણતો.

ભણવામાં હું સ્કોલર ક્યારેય ન બન્યો, છતાં એસએસસી પાસ કર્યું. એ સમયનું એસએસસી એટલે અગિયારમું ધોરણ અને એ પરીક્ષા બહુ અઘરી ગણાતી. એસએસસીમાં મને બહુ સારા માર્ક્સ ન આવ્યા. ભણવામાં હું ભલે બહુ હોંશિયાર નહોતો, પણ મને ભણવાની ઇચ્છા બહુ થતી. મારે ગમે તેમ





આઝાદ નગર નવરાત્રિ મહોત્સવ મંડળ

કરીને ગ્રેજ્યુએશન કરવું જ છે એવો નિર્ધાર મેં મનોમન કર્યો હતો. એસએસસી પાસ કર્યા પછી મને પોદાર કોલેજમાં ભણીને બીકોમ કરવાની ઇચ્છા હતી, પરંતુ સારા માર્ક્સ ન હોવાને લીધે પોદારમાં એડમિશન ન મળ્યું. આથી બીકોમ જેવું મહત્વ ધરાવતો ગવર્નમેન્ટ કોમર્સ ડિપ્લોમા (જીસીડી) મેં કર્યો. સાથોસાથ ટાઇપિંગ પણ શીખી લીધું. જીસીડીની પણ ઘણી વેલ્યુ હતી અને એના આધારે જ મને બીજા વર્ષે પોદાર કોલેજમાં એડમિશન મળી ગયું. બીકોમનું ફર્સ્ટ યર મેં પોદાર કોલેજમાં કર્યું.

એ સમય દરમિયાન બનેલો એક પ્રસંગ મને યાદ આવે છે. ત્યારે રાજકપૂરની ફિલ્મ અંદાઝ અને દિલીપ કુમારની ફિલ્મ દિદારના ગીતો ખૂબ જ લોકપ્રિય બન્યા હતા. બન્યું એવું કે રિસેસમાં હું કોલેજના ક્લાસમાં બેસીને કોઇ ગીત ગણગણતો હતો અને એક પ્રોફેસરના ધ્યાનમાં એ વાત આવી ગઇ. એમણે પ્રિન્સિપાલ શ્રી પાલેકરને ફરિયાદ કરી. તરત જ મને પ્રિન્સિપાલ તરફથી કહેવામાં આવ્યું કે તમારા વાલીને કોલેજમાં બોલાવીને આવો અને માફી માંગો. મેં મારા મોટાભાઇ વિજયભાઇને વાત કરી તો વિજયભાઇએ મામલો સંભાળી લીધો.

યુવાનીના એ દિવસો દરમિયાન ભણવાની સાથોસાથ મજા પણ ઘણી કરી. મારું ફ્રેન્ડ્સ સર્કલ વિશાળ હતું. ફૂરસદના સમયે દોસ્તો સાથે રખડપટ્ટી કરવાનો ક્રમ હતો. મારા બધા દોસ્તારોને મારી જેમ નવરાત્રિમાં દાંડિયા રમવાનો શોખ હતો અને એ માટે અમે ફેમસ થઇ ગયા હતા. અમારા વિસ્તારમાં શ્રી આઝાદ નગર નવરાત્રિ મહોત્સવ મંડળ, વડાલા દ્વારા નવરાત્રિનું આયોજન થતું હતું. વિજયભાઇ તથા એમના બીજા કેટલા મિત્રો મંડળનું કામકાજ સંભાળતા હતા. અમે તો ત્યારે અલગારી હતા અને રમવાના શોખીન. મંડળમાં ચા નાસ્તાના સ્ટોલ્સ રાખવામાં આવતા. મારું ફ્રેન્ડ્સ સર્કલ બહુ મોટું હતું અને બહારથી મારા જેટલા દોસ્તો આવતા એ બધાને સ્ટોલ્સ પર ચા નાસ્તો હું કરાવતો.

દાંડિયાનું આયોજન પણ બહુ વ્યવસ્થિત રીતે થતું. બહારના કોઇ અનિચ્છનીય તત્વો મુશ્કેલી ઊભી ન કરે એની ખાસ તકેદારી રાખવામાં આવતી. એ સમયે સ્ત્રીઓ અને પુરુષો એકસાથે દાંડિયા રાસ નહોતા રમતાં. બંને માટે રમવાની અલગ અલગ વ્યવસ્થા કરવામાં આવતી. મુંબઇના અનેક ઢોલીઓ અમને ઓળખતા. કારણ કે એમના ઢોલના તાલ



ટેલિગ્રામ કરવા માટે વીટી સ્ટેશનેથી સીટીઓ ચાલીને જતો

સાથે ત્રણ ચાર કલાક રમવાવાળા ફક્ત અમે જ હતા. અમે વધુ રમતા એટલે એમને કમાણી પણ વધુ થતી. આથી તેઓ અમારાથી બહુ ખુશ હતા.

હું અને મારો દોસ્ત પ્રભુદાસ પરમાર, અમે બંને દાંડિયા રમવામાં એકદમ આગળ પડતા હતા. લગભગ દર વર્ષે કોમ્પિટિશનમાં અમે બે જ પહેલા બીજા આવીએ. સતત પાંચ વર્ષ સુધી હું મંડળની કોમ્પિટિશનમાં પહેલો કે બીજો આવતો રહ્યો. આથી એક વાર બીજા વિસ્તારમાં રહેતા મારા એક દોસ્તે અમને ત્યાંની નવરાત્રિમાં રમવા આવવાનું આમંત્રણ આપ્યું. રમવાની મારી સ્ટાઇલ પણ અલગ હતી. હું દિલીપ કુમારની ફિલ્મો મધુમતી તેમ જ ગંગા જમનાના ગીતોની ધૂનની સ્ટાઇલમાં ક્યારેક રમતો. મારી સ્ટાઇલ પર આઝાદનગરના રહેવાસીઓ તથા મિત્રો બહુ ખુશ થતાં અને મને ‘હીરો’ કહીને બોલાવતા. આજેય એ લોકો મને ‘હીરો’ નામથી જ વધુ જાણે છે. હવે જોકે એક જ જગ્યાએ ઇનામો લઇને હું કંટાળ્યો હતો. આથી મેં એ આમંત્રણ સ્વીકારી લીધું. મેં અને મારા દોસ્તે એ નવરાત્રિ મંડળમાં જવાનું નક્કી કરી લીધું.

નવરાત્રિના પહેલા જ દિવસે એક ઘટના બની. આઝાદ નગરના મંડળમાં દાંડિયારાસની હરીફાઇની તૈયારી થઇ ચૂકી હતી અને ખેલૈયા ધીમે ધીમે રમવા માટે એકત્ર થઇ રહ્યા હતા. હું અને મારો દોસ્ત બીજા નવરાત્રિ મંડળમાં જવાની તૈયારી કરી રહ્યા હતા. ત્યાં જ એક છોકરાએ આવીને મને કહ્યું કે બાદશાહભાઇ તને બોલાવે છે. બાદશાહભાઇનું મૂળ નામ દામજીભાઇ અને એમનો ત્યાં બહુ મોટો વટ હતો. મને આશ્ચર્ય થયું.







વડાલા નવરાત્રોત્સવ

વિચાર્યું શા માટે બોલાવતા હશે. ત્યારે બાદશાહભાઇ કંઇ ન બોલ્યા અને મને ફક્ત બેસી રહેવાનું કહ્યું. થોડી વારમાં દાંડિયા રાસ શરૂ થયા અને માઇક પર એનાઉન્સમેન્ટ થયું. આજની કોમ્પિટિશનના જજ તરીકે મારું નામ ઘોષિત કરી દેવામાં આવ્યું. સામાન્ય રીતે આવા કાર્યક્રમો મોટા ત્રણ જજ રાખવામાં આવતા હોય છે, પરંતુ અહીં તો ફકત મને એકને જ જજ બનાવી દેવામાં આવ્યો. મને એ વાતની ખુશી થઇ કે બાદશાહભાઇએ આ કામ માટે મને યોગ્ય ગણ્યો અને આવી મોટી જવાબદારી મને આપી. અને મેં મારું કામ પૂરી નિષ્ઠાથી નિભાવ્યું.

એ વખતે મુંબઇમાં યુનિયન લીડરોનું જોર પણ બહુ હતું. જ્યોર્જ ફર્નાન્ડિઝ, દત્તા સામંત, ગુલાબ જોશી વગેરે જેવા લીડરોનો મોટો પ્રભાવ હતો. કોઇ ઘટના બને, સમસ્યા થાય ત્યારે આ લીડરો મુંબઇમાં હડતાળનો કોલ આપતા અને એને પગલે આખા મુંબઇનું કામકાજ ઠપ થઇ જતું. મને યાદ છે કે આવા બંધ દરમિયાન નોકરીધંધાવાળાને તેમ જ સ્કૂલ કોલેજોમાં બધે રજા રહેતી. અમે દોસ્તારો ત્યારે રખડવા નીકળી પડતા. એ રખડપટ્ટીની મજા જ કંઇક ઓર હતી.

આ સમય દરમિયાન હું માનસિક રીતે વધુ પરીપક્વ બની રહ્યો હતો. મારા વિચારો અને મારું નવું વ્યક્તિત્વ ઘડાઇ રહ્યું હતું. હવે હું નાનો બાળક નહોતો. આર્થિક રીતે સ્વતંત્ર હોવાની ઝંખના મારી અંદર આ સમય દરમિયાન પેદા થઇ. સ્કૂલ તથા કોલેજની ફી મારે ભાઇ પાસે માંગવી પડતી હતી અને એ વાતનો હું સંકોચ અનુભવવા લાગ્યો. મને લાગ્યું કે મારે પોતે પણ પૈસા કમાવા જોઇએ. આ જ કારણસર એફવાય કર્યા પછી ઇન્ટર ભણવા માટે મેં બાંદ્રા કોલેજમાં એડમિશન લીધું. કારણ ફક્ત એ કે બાંદ્રામાં સવારની કોલેજ હતી અને કોલેજ છૂટ્યા પછીના સમયમાં હું કમાણી થાય એવું કોઇ કામ કરી શકું.



પોદાર કોલેજમાં કરેલો જીસીડીનો કોર્સ
જીવનભર ઉપયોગી નીવડ્યો

કોલેજમાં મને ગુજરાતી મંડળનો સેક્રેટરી બનાવવામાં આવ્યો હતો અને એ પદ પર રહીને પણ મેં યાદગાર કામગીરી નિભાવી હતી. એ સમયે ભક્તિ બર્વે બી. એ. માં ભણતા હતા અને એ ગુજરાતી મંડળના પ્રમુખ હતા. અમે બંનેએ એકબીજા સાથે મળીને ગુજરાતી મંડળ માટે ઘણા કાર્યક્રમો કર્યા હતા. મને યાદ છે કે ગુજરાતી સુગમ સંગીતના એક બહુ જ સફળ કાર્યક્રમનું આયોજન અમે ત્યારે કર્યું હતું. મને આમેય પહેલેથી સંગીતમાં રૂચિ હતી અને ગાવાનો પણ શોખ હતો. એ કાર્યક્રમમાં મેં એક ગીત ગાયું હતું, જેના શબ્દો હતાઃ

*વનરે વગડાની વણઝાર નમણી નાની નાની નાર*
*પનઘટ ભરવા પાણી રે*
*ગરો ગરો ઘૂમટો તાણી રે*

## મારા ગીતને બહુ જ સારો પ્રતિભાવ મળ્યો

ગુજરાતી મંડળનો આ કાર્યક્રમ મને હંમેશાં યાદ રહેશે એનું બીજું કારણ એ હતું કે કાર્યક્રમમાં ગુજરાતી ભાષાના શ્રેષ્ઠ હાસ્ય લેખક જ્યોતિન્દ્ર દવે હાજર રહ્યા હતા. જ્યોતિન્દ્ર દવે ઠાકુરદ્વાર રહેતા હતા અને એ વિસ્તારમાં અમારી કોલેજના કેટલાક વિદ્યાર્થીઓ રહેતા હતા. જ્યોતિન્દ્ર દવેએ ત્યારે બહુ જ મજાનું ભાષણ આપ્યું હતું. અમને સૌને ખૂબ હસાવ્યા હતા. એ સમયે કોલેજના પ્રિન્સિપાલ શ્રી ગિડવાની હતા અને તેઓ સિંધી હતા. જ્યોતિન્દ્ર દવેને સંબોધીને તેમણે કહ્યું કે મને ગુજરાતી નથી આવડતી એટલે કંઇ સમજી નહીં શકું. ત્યારે જ્યોતિન્દ્ર દવેએ હાજરજવાબ આપ્યો કે મારા પુસ્તકોનું ગુજરાતીમાંથી અંગ્રેજીમાં ભાષાંતર પણ થયું છે તો એ વાંચી લેજો.

આ સિવાય અમે અનેકવાર જાણીતા કવિ તથા ગઝલકારોને આમંત્રણ આપીને મુશાયરા યોજતા. મેં પોતે પણ એક મુશાયરાનું સંચાલન કર્યું છે. મને યાદ છે કે એક મુશાયરામાં ગઝલકાર ખલીલ ભાવનગરીની આ ગઝલનું પઠન કર્યું હતું,

***તમોને દિલ તો શું, અસ્તિત્વ પણ અર્પણ કરી દીધું,***
***હવે મુજ પાસ ક્યાં છે કંઇ મરણ જેવું, જીવન જેવું?***





કોલેજકાળ દરમિયાન જ પૈસા કમાવાની
મહત્વકાંક્ષા જાગી હતી

પોદાર કોલેજ કોમર્સની હતી અને એ સમયે કોમર્સમાં વધુ છોકરીઓ આવતી નહોતી. આથી અમે પોદારના છોકરાઓ બાજુની રૂઇઆ કોલેજમાં જતાં. રૂઇઆમાં આર્ટ્સ અને સાયન્સ બંને કોર્સ હતા. રૂઇયા કોલેજના કાર્યક્રમોમાં અમે ઘણી વાર મસ્તી મજાક માટે ઘૂસી જતા. એક વાર અમારી પોદારની છોકરાઓની ગેંગ રૂઇયાના એક પ્રોગ્રામમાં ઘૂસી ગઇ. કાર્યક્રમ ચાલુ હતો એ દરમિયાન જ અમારા ગૃપના એક છોકરાએ મોટા અવાજે ગીત ગાવાનું શરૂ કરી દીધું, 'मधुबन में राधिका नाचे रे...' બધા અમારા તરફ જોવા લાગ્યા. ધાંધલ મચી ગઇ. અમારો ભાંડો ફૂટી ગયો. અમે બહારના છીએ એ વાતની બધાને ખબર પડી ગઇ. જોકે અમે બાજુની પોદાર કોલેજના જ વિદ્યાર્થીઓ હતા અને કોઇ રોમિયો નહોતા એ વાતની બધાને ખબર પડી એટલે મામલો શાંતિથી પતી ગયો. આવી તો બહુ મજા કરી હતી કોલેજ લાઇફમાં.


આ પહેલા હું નવમા ધોરણમાં હતો ત્યારે એક દુઃખદ ઘટના બની. પિતાજી બીમારી પડી ગયા અને ટૂંકી માંદગીને પગલે એમનું અવસાન થયું, જેને લીધે વિજયભાઇ પર ઘરની જવાબદારી આવી ગઇ. વિજયભાઇ ભણવામાં હોંશિયાર હતા.

અમુલખ પછી સાવલા સ્કૂલમાં એસ. એસ. સી. પાસ કર્યું અને ત્યાર બાદ એમણે અધવચ્ચે ભણવાનું છોડી દીધું. પિતાજીની સાથે કામ કરતાં કરતાં થોડા જ સમયમાં નાળિયેર, કોપરાં, સૂંઠ, મરીના ધંધામાં એમને સારી ફાવટ આવી ગઇ હતી.

પિતાજીનું અવસાન, ૪ નવેમ્બર, ૧૯૫૬ના રોજ થયું. એ સમયે માતાજી અમારા માટે સર્વેસર્વા હતા. સંજોગો બદલાતાં મને લાગ્યું કે મારે વિજયભાઇને ધંધામાં મદદરૂપ થવું જોઇએ. બાંદ્રા કોલેજમાં ઇન્ટરનું ભણતાં ભણતાં હું રોજ મસ્જિદ બંદર જતો અને ભાઇની સાથે દુકાનમાં બેસતો. એમને મદદ કરતો. ઇન્ટરની એક્ઝામ આપી, પરંતુ એમાં પાસ ન થયો, કારણ કે મારું મન પૈસા કમાવા તરફ અને આર્થિક સ્વતંત્રતા મેળવવાની દિશામાં ઢળી ચૂક્યું હતું.

ભાઇની સાથે કામ કરતો ત્યારે પૈસાની તકલીફ રહેતી, કારણ કે ભાઇ મને મહીને ફક્ત પચાસ રૂપિયા આપતાં. આથી વધુ પૈસા કમાવા માટેની ઉત્સુકતા મનમાં હંમેશાં રહેતી. એવામાં મને સારી કમાણી કરવાનો એક મોકો મળી ગયો. મારા એક મિત્રના સિંધી મિત્ર હતા. એમને સિંધીમાંથી અંગ્રેજીમાં એકાઉન્ટનું ભાષાંતર કરી આપે એવા કોઇ માણસની જરૂર હતી.

કચ્છી લોહાણા હોવાને લીધે મને સિંધી આવડે અને એકાઉન્ટ પણ આવડે. જીસીડી કર્યું હતું એટલે એકાઉન્ટ્સની બધી ખબર પડે. મને એ કામ આવડતું હતું એટલે મારું નક્કી થઇ ગયું. એ કામ




**ટ્રાન્સપોર્ટ કંપનીમાં કામ કરતો ત્યારે ક્યારેક આખો દિવસ ગોદીમાં રહેવું પડતું**

માટે એ ભાઇ મને મહીને દોઢ સો રૂપિયા આપતા. દોઢસોમાંથી સો ઘરમાં આપતો અને પચાસ મારી પાસે રાખતો. એ સમયના પ્રમાણમાં દોઢ સો રૂપિયા ઘણા સારા પૈસા હતા. જોકે એ કામ થોડા જ સમયમાં બંધ થઇ ગયું એટલે પૈસાની ખેંચ પાછી શરૂ થઇ ગઇ.

હવે એકસ્ટ્રા મની કમાવા માટેની બીજી એક તક મળી ગઇ. વિજયભાઇના ધંધાનું કામકાજ કાલિકટના વેપારીઓ સાથે વધુ રહેતું અને એમની સાથેના સંદેશાવહેવાર માટે ત્યારે ટેલિગ્રામનો વધુ ઉપયોગ થતો હતો. હું ભાઇની ઓફિસમાં બેસતો અને ટેલિગ્રામ કરવાનું કામ ભાઇ મને સોંપતા. અમારી ઓફિસ મસ્જિદ બંદરમાં હતી અને ટેલિગ્રામ કરવા માટે સીટીઓ જવાનું રહેતું. છત્રપતિ શિવાજી ટર્મિનસ એ સમયના વિક્ટોરીઆ ટર્મીનસ એટલે કે વીટી અને ચર્ચગેટની વચ્ચે સીટીઓની ઓફિસ હતી. દુકાનેથી સીટીઓ જવા માટે ભાઇ મને બસનું ભાડું આપતા, પરંતુ હું મસ્જિદથી વીટી ટ્રેનમાં જતો અને ત્યાંથી ચાલીને સીટીઓ પહોંચી જતો. આ રીતે બસભાડાંનાં પૈસા બચતા. આવું ઘણો સમય ચાલ્યું. ક્યારેક વડાલાથી દાદર પોસ્ટ ઓફિસમાં પણ ટેલિગ્રામ કરવા અથવા ફિક્સ્ડ ટાઇમના ટેલિફોન બૂક કરાવવા જવું પડતું. આવા સમયે પણ હું પૈસા બચાવતો. ક્યારેક બસ ન મળે તો બસની પાછળ પાછળ દોડીને પ્રવાસ કરી લેતો, કારણ કે બસની રાહ જોવામાં સમય વિતે એ પરવડે એમ નહોતું. એ સમયે હું ખૂબ જ વ્યસ્ત રહેતો અને રોજના લગભગ સોળ કલાક કામ કરતો. એક દિવસ ભાઇને આ વાતની ખબર પડી ગઇ તો એ ચિડાયા, પરંતુ ત્યારે બાએ મારો પક્ષ લેતાં વિજયભાઇને કહી દીધું કે તને શો ફરક પડે છે? તારું કામ તો થાય છે.





**સંઘર્ષના દિવસોમાં વાડીબંદર અને કર્ણાકબંદરમાં મોટા ભાગનો સમય વિતતો**

ટેલિગ્રામ લેવા-મોકલવાના કામમાં હું સંકળાયેલો હોવાથી ટેલિગ્રામની વિગતો જાણવાની મારા મનમાં ઉત્સુકતા જાગી. એક વાર મેં વિજયભાઇને એ વિશે પૂછ્યું તો એમણે બધુ સમજાવ્યું. એ સમયે મસ્જિદ બંદરમાં દશ પંદર આઇટમોનો સટ્ટો થતો અને એના ભાવ કાલીકટથી આવતા. આ રીતે કાલીકટની બજારના ભાવ અનુસાર અહીં સટ્ટો થતો. એ જ રીતે અહીંની કેટલીક આઇટમોના ભાવ વિજયભાઇ કાલિકટ મોકલતા. વિજયભાઇએ મને ટેલિગ્રામની ભાષા સમજાવી અને એની વિગતો સમજતાં શીખડાવ્યું. જોકે એમણે ચેતવણી આપી કે આ વિશે કોઇને માહિતી નહીં આપવાની.

મારી પાસે કાલિકટના બજારોની માહિતી છે એ વાતની જાણ અમારી બજારમાં કેટલાક વેપારીઓને થઇ ગઇ હતી એટલે એમણે મારી સાથે દોસ્તી કરી. તેઓ મારી પાસે સીધી રીતે માહિતી નહોતા માંગતા, પણ અમુક આઇટમોમાં શું કરવું એ વિશેની સલાહ સૂચનની આપ-લે કરતા. હું ટેલિગ્રામના આધારે એમને ટિપ આપતો અને એમનું કામ થઇ જતું એટલે તેઓ મને પૈસા આપતા. મારા માટે આ ઇઝી મની હતા અને એ કામકાજ થોડો સમય ચાલ્યું. પછી મને લાગ્યું કે આ બરોબર નથી એટલે મેં બંધ કરી દીધું. એ સમય દરમિયાન હિંમતભાઇ મહેતા નામના એક વેપારીને મારા પર વિશેષ પ્રેમભાવ હતો. તેઓ એક પ્રતિષ્ઠીત દલાલ પણ હતા. હું એમના સંપર્કમાં રહેતો હતો.

ભાઇની સાથે કામ કરવામાં પૈસાની સમસ્યા તો હતી. મહિને પચાસ રૂપિયામાં શું થાય? હું અવારનવાર એમને પૈસા વધારી આપવાનું કહેતો, પણ એમનો ધંધો સીઝનલ હોવાથી એ વાત તેઓ ટાળી દેતા. બહુ આગ્રહ કર્યો એટલે એમણે પચાસના સો કર્યા, પણ એનાથી મને સંતોષ થાય એમ નહોતો. આખરે મેં એમને કહી દીધું કે



**એ સમયે ઘડિયાળ ગોદીમાં આખો દિવસ ટ્રાન્સપોર્ટનું કામકાજ જોરદાર ચાલતું હતું**

મને જો મહિને ત્રણસો સાડા ત્રણ સો રૂપિયા નહીં મળે તો મારે એવા પગારવાળી નોકરી બીજે ક્યાંક શોધવી પડશે. ભાઇને મારી લાયકાત કે મારી આવડત પર કદાચ ભરોસો નહીં હોય એટલે એમણે મને ટોણો માર્યો કે તને સાડા ત્રણસો રૂપિયાની નોકરી કોણ આપવાનું છે? કેટલા વીસે સો થાય એની ખબર પડશે. બસ, એ શબ્દો મને કઠી ગયા. મેં મનમાં ગાંઠ વાળી લીધી કે હું ગમે તેમ કરીને મોટા પગારની નોકરી કરીશ.

હું જરા ઉદાસ રહેતો હતો એ વાત મારા હિતેચ્છુ હિંમતભાઇના ધ્યાનમાં આવી. આખરે એમણે પૂછ્યું અને મેં સાચી વાત કહી દીધી. હિંમતભાઇના નાના ભાઇ નવીનભાઇ ત્યારે ટ્રાન્સપોર્ટની કંપની ચલાવતા હતા. હિંમતભાઇએ એમના ભાઇ સાથે મને કામ કરવા મોકલ્યો અને મારો પગાર નક્કી થયો મહીને સાડા ત્રણસો રૂપિયા. મારી જિદ પૂરી થઇ એવું મને લાગ્યું, પરંતુ ટ્રાન્સપોર્ટ કંપનીનું કામ પડકારરૂપ હતું. એમાં ખૂબ મહેનત હતી. ખાવાપીવાના કોઇ ઠેકાણા નહોતા રહેતા. અનેક વાર જમવામાં ફક્ત બટેટાવડા અને પાઉંથી ચલાવી લેવું પડતું તો ક્યારેક રેલવેના યાર્ડમાં ચા અને બિસ્કિટથી પેટ ભરી લેવું પડતું. શરૂઆતમાં તો એમની કંપની પાસે એક જ ટ્રક હતી, પરંતુ ધીમે ધીમે મેં મારી મહેનતથી કંપનીનું કામકાજ વધાર્યું. કંપની મોટી થતી ગઇ અને મારો પગાર પણ વધતો ગયો.

મને યાદ છે એક વાર તાતા ઓઇલ મિલ કંપનીનું એક બહુ જ મોટું ટેન્ડર બહાર પડ્યું હતું. એ સાલ હતી ૧૯૬૩-૬૪ની. અમારી કંપનીએ એ ટેન્ડર ભરવાનું નક્કી કર્યું. ટેન્ડરમાં કેટલું ક્વોટેશન ભરવું એ એક સમસ્યા હતી. મેં પૂરેપૂરું હોમવર્ક કર્યું. લાગતા વળગતા વેપારીઓ તેમ જ રેલવેના સબ કોન્ટ્રેક્ટરો વગેરે સાથે બેસીને બધી વિગતો જાણી.






**કલિયરિંગ એજન્ટોનો ધંધો હવે પહેલા જેવો નથી, પરંતુ જૂના સાથીઓ હજુય યાદ કરે છે.**

જે ચીજો ટ્રાન્સપોર્ટ કરવાની હતી એને લગતી માહિતી એકઠી કરી, આખો સર્વે તૈયાર કર્યો અને ક્વોટેશન બનાવ્યું. આખરે અમને ખબર પડી કે મેં ભરેલું ક્વોટેશન સેકન્ડ લોએસ્ટ હતું. એ સમયે તાતા મિલનો પરચેઝ વિભાગ જનરલ મેનેજર મિસ્ટર ફારુકી નામના જેન્ટલમેન સંભાળતા હતા. એમણે અમારી કંપનીને કોન્ટ્રેક્ટ આપ્યો. મારા શેઠ નવીનભાઈના માસા શ્રી ભગતભાઈ એક પ્રતિષ્ઠિત બ્રોકર હતા અને એમની સલાહથી જ અમને એક કોન્ટ્રેક્ટ મળ્યો હતો.

તાતા ઓઇલ મિલનો કોન્ટ્રેક્ટ મળ્યા પછી મારું કામ ખૂબ વધી ગયું. આખો દિવસ મારે ગોદીમાં તેમ જ રેલવે યાર્ડમાં, વાડી બંદર, કર્ણાક બંદરમાં રહેવું પડતું. સ્ટીમરમાં માલ આવે એ પછી એનું ફોરવર્ડીંગ અને ક્લીયરીંગ થતું અને ત્યાર પછી અમે કંપનીની વિવિધ પ્રોડક્ટ્સને યોગ્ય ઠેકાણે પહોંચાડવાની કામગીરી કરતા. ખૂબ જ મહેનતનું કામ હતું એ. કંપનીમાં મારી ખૂબ પ્રગતિ થઇ. મારો પગાર સાડા ત્રણસોમાંથી વધતો ગયો અને બારસો પંદરસો સુધી પહોંચી ગયો હતો. એ સમયના પ્રમાણમાં એ પગાર ખૂબ જ વધુ હતો. બધુ જ બરોબર ચાલી રહ્યું હતું, પરંતુ મારી અંદરનો સાહસિક જીવ ફરી ઊંચો નીચો થવા લાગ્યો. મને લાગ્યું કે મારે આ પ્રકારની જિંદગી નથી જીવવી. મારે ભણવું છે, ગ્રેજ્યુએશન પૂરું કરવું છે. મારી ઇચ્છા વધુ ઘેરી બનતી ગઇ અને આખરે મેં આગળ ભણવા માટે મેં બારસો પંદરસોની નોકરીનો ભોગ પણ આપી દેવાનું નક્કી કરી નાંખ્યું, પરંતુ કરવું શું? કઇ રીતે ભણવું અને કઇ રીતે કમાણી પણ ચાલુ રાખવી?



## ગોલ્ડ સ્પોટઃ જીવનની પ્રેક્ટિકલ યુનિવર્સિટિ







# પ્રકરણ ૨


# લાયકાત

મનથી તો નિર્ણય લેવાઇ ગયો હતો કે હવે આગળ ભણવું છે અને ગ્રેજ્યુએશન પૂરું કરવું જ છે. બીજી તરફ કમાણી કરવાનું પણ જરૂરી હતું. મહિને બારસો પંદર સો રૂપિયાની આવકથી ટેવાઇ ગયો હતો અને એવી કોઇ નોકરી મળે એવી શક્યતા નહોતી. આથી મેં ઓછા પગારવાળી નોકરી કરવાની વાત મનથી સ્વીકારી લીધી હતી. પણ નોકરી શોધવી ક્યાં? નોકરીની સાથોસાથ ભણી શકાય એવી ગોઠવણ કઇ રીતે થઇ શકે? એ સમયે મને મારા બચપણના સાથીઓ મદદે આવ્યા. પાર્લે બોટલિંગ કંપની એટલે કે વિખ્યાત પાર્લે કંપનીમાં મારા કેટલાક જૂના મિત્રો કામ કરતા હતા. ખાસ તો સી. ડી. ભાનુશાલી ત્યાં સારા હોદ્દા પર હતા. એમણે મને આ નોકરી અપાવવામાં મદદ કરી. સી. ડી. ભાનુશાલી જોકે બહુ જ સિદ્ધાન્તવાદી માણસ એટલે લાગવગ લગાડીને સીધી નોકરી આપી દેવાની વિરુદ્ધમાં. હા, એમણે નોકરી માટે મારી ભલામણ કરી અને મારો ઇન્ટરવ્યુ લેવાય એવી વ્યવસ્થા કરી આપી. નોકરી તો મારે મારી લાયકાત પર જ મેળવવાની હતી.



સી. ડી. ભાનુશાલી



પારલે સામ્રાજ્યના ભિષ્મપિતા

## જયંતિલાલ ચૌહાણ (પપ્પાજી)

પાર્લે કંપની ચૌહાણ પરિવારની માલિકીની હતી. ચેરમેન જયંતિલાલ તથા એમના સંતાનો કંપનીનો કારભાર ચલાવતા. રમેશ ચૌહાણ મેનેજિંગ ડિરેક્ટર હતા. એમના બીજા ભાઈ પ્રકાશભાઇ પણ કંપનીના ડિરેક્ટર હતા. આ ઉપરાંત એમના બહેન મીનાક્ષી પણ કંપનીમાં સક્રીય હતા. જયંતિલાલ પોતે ખૂબ જ મહેનતુ અને શિસ્તવાળા માણસ હતા. કંપનીની દરેક બાબત પર એમની ઝીણવટભરી નજર રહેતી. રમેશ ચૌહાણ ડાયનેમિક વ્યક્તિત્વ ધરાવતા હતા. પાર્લે કંપની ત્યારે 'ગોલ્ડ સ્પોટ કંપની' તરીકે વધુ પ્રખ્યાત હતી. 'ગોલ્ડ સ્પોટ'નું માર્કેટિંગ ત્યારે 'સોનેરી પીણું' તરીકે થતું હતું. 'ઓલ્ડ ઇઝ ગોલ્ડ, ગોલ્ડ ઈઝ ગોલ્ડસ્પોટ.'

મારો ઇન્ટરવ્યુ થયો અને મને નોકરી મળી ગઇ. મેં મારા પ્લાન પ્રમાણે અંધેરીની ચિનોય કોલેજમાં એડમિશન લઇ લીધું. કોલેજ સવારની હતી અને કોલેજનો સમય પૂરો થાય એ પછી નોકરી પર આવવાનું. હું ખુશ હતો, પરંતુ જીવનમાં આપણે પ્લાન કરીએ એ પ્રમાણે બધુ બનતું નથી. જે આશયથી મેં આ નોકરી જોઇન કરી હતી એના પર પાણી ફરી વળે એવી એક ઘટના બની.

પાર્લે કંપનીમાં હું મિકેનિકલ સ્ટોર ક્લાર્ક તરીકે નોકરીએ જોડાયો હતો, પરંતુ નોકરી શરૂ કરી એના બે-ચાર દિવસમાં જ સ્ટોર વિભાગના ઇન્ચાર્જે કોઇક કારણસર રાજીનામું આપી દીધું. ત્યાંના સિનિયર અધિકારીઓ ભાનુશાલી સાહેબ અને હરીભાઈ ઠક્કર સાહેબ સાથે ઓળખાણ હતી એટલે એમણે મને સ્ટોર ઇન્ચાર્જ બનાવી દીધો. મારી જવાબદારી ખૂબ જ વધી ગઇ. રાત્રે મોડે સુધી કામ કરવું પડતું. રહેવાનું વડાલામાં, વહેલી સવારે નીકળીને કોલેજમાં પહોંચવાનું અને પછી ત્યાંથી ઓફિસમાં જવાનું. રોજિંદુ શેડ્યુલ બહુ જ હેક્ટિક થઇ જતું હતું. આ સમયે મારે એક કઠિન ફેંસલો કરવો પડ્યો. હું અહીં આવ્યો હતો મારું ગ્રેજ્યુએશન પૂરું કરવાના ઇરાદાથી, પરંતુ કંપનીમાં જે પ્રકારનું કામ મને મળ્યું, પ્રેક્ટિકલ રીતે જે શીખવા મળી રહ્યું હતું એ મને વધુ ઉપયોગી લાગ્યું. આથી મેં આગળ ભણવાનું માંડી વાળ્યું. થોડા દિવસ કોલેજ એટેન્ડ કરી અને પછી કોલેજ જવાનું બંધ કરી દીધું. કોલેજ અને કંપની બંને ચાલુ રાખવાનું શક્ય જ નહોતું, કારણ કે કંપનીના કામમાં હું પૂરી રીતે ડૂબેલો રહેતો હતો. અને આમેય આ કંપની અને આ નોકરીને લીધે જ મારી જિંદગીનો દોર બદલાવાનો હતો.



ડાયેનેમિક રમેશ ચૌહાણની સિદ્ધિઓ અભૂતપૂર્વ છે




પારલેના માલિકોએ બિસલરીને પણ એટલી જ લોકપ્રિય બનાવી છે

લોકપ્રિય

'સોનેરી પીણું'

કામમાં મને એટલો બધો રસ પડતો કે રવિવારે પણ હું રજા નહોતો પાડતો.

આ દુનિયાનો નિયમ છે કે જો તમે સાચી લગનથી કામ કરો તો તમને એનું સારું ફળ મળવાનું જ છે. તમારી મહેનત ક્યારેય વ્યર્થ નથી જતી. કંપનીમાં હું જે રીતે કામ કરતો રહ્યો એના લીધે મારી પ્રગતિ થતી ગઇ. અવારનવાર મને સો દોઢસો રૂપિયાના ઇન્ક્રીમેન્ટ્સ મળતા રહેતા. એ સમયે આ રકમ બહુ મોટી ગણાતી, છતાં મને એવા ઇન્ક્રીમેન્ટ્સ કરતાં નવું નવું શીખવામાં વધુ રસ હતો. કંપનીની દરેક વાતમાં હું રસ લેતો. મારું કામ સ્ટોર અને પરચેઝ વિભાગ સંભાળવાનું હતું, છતાં અમારી કંપનીમાં ટેકનિકલ વિભાગો પણ વિકસાવવામાં આવ્યા હતા. આની પાછળનું કારણ એ હતું કે રમેશ ચૌહાણ ગોલ્ડ સ્પોટ પીણાંના ફ્રેન્ચાઇઝી આપવાનું આયોજન કરી રહ્યા હતા. આથી સોફ્ટવેરની સાથોસાથ એ માટે જરૂરી મશીનરી તથા ટેકનિકલ નો હાઉ (જાણકારી) પણ પોતાની જ કંપનીમાં બનાવવા માંગતા હતા. આ રીતે મેં ટેકનિકલ બાબતોમાં પણ મેં રસ લેવાનું શરૂ કર્યું. મશીનરી કે સ્પેર પાર્ટ્સ વિશે સમજ ન પડે તો હું કંપનીના એન્જિનિયરો સાથે વાતચીત કરતો, એમને બધુ પૂછતો. ટેકનીકલ માહિતી આપે એવા પુસ્તકો વાંચતો. કંપનીની મશીનરીના પાર્ટ્સ ખરીદવાનું કામ બહુ અટપટું હોય છે. જો તમને ટેકનિકલ જાણકારી ન હોય તો તમે ગૂંચવાતા જ રહો અને સાચા સ્પેર પાર્ટ્સનો અંદાજ તમને ક્યારેય ન આવે. આ ઉપરાંત કિંમતની બાબતમાં પણ તમે સાચો અંદાજ ન લગાવી શકો.

મારું મુખ્ય કામ કંપની માટે વિવિધ ચીજવસ્તુઓ તથા પ્રોડક્ટ્સ ખરીદવાનું હતું અને એ માટે હું માર્કેટમાં ફરતો રહેતો. મેં અનેક કોન્ટેકસ ડેવલપ કર્યા. સારામાં

સારી પ્રોડક્ટ્સ વાજબી ભાવે ખરીદવા મળે એ માટેના સતત પ્રયાસ કરતો અને સપ્લાયર પાર્ટીને યોગ્ય સમયે કંપની તરફથી પેમેન્ટ મળી જાય એ માટેની ખાસ તકેદારી રાખતો. આ રીતે માર્કેટમાં મારું નામ સારી રીતે લેવાતું. મારી જવાબદારી વધી હોવાને લીધે કંપનીએ મને ડ્રાઇવર સાથેની એક કાર આપી હતી. ઝીણાભાઇ  નામના ડ્રાઇવર મુંબઇના ભોમિયા હતા. શહેરના કોઇ પણ ખૂણે જવાનું હોય તો એ મને આસાનીથી ત્યાં પહોંચાડી દેતા અને મારું કામ સરળ બની જતું. માર્કેટમાં મારું નામ તો સારું હતું જ, પરંતુ એક વ્યક્તિને કારણે માર્કેટમાં મારી પ્રતિષ્ઠા ખૂબ જ વધી ગઇ. એ વ્યક્તિ હતા નેમચંદભાઇ.

પાર્લે કંપનીના ચેરમેન જયંતિલાલને બીજા ત્રણ ભાઇઓ હતા એ ભાઇઓ તથા એમના પુત્રો પાર્લેની ગ્લુકોઝ કંપની સંભાળતા હતા અને જયંતિલાલ તથા એમના પુત્રો સોફ્ટડ્રિન્કની કંપની સંભાળતા હતા. નેમચંદભાઇ ગ્લુકોઝ કંપનીના પરચેઝ મેનેજર હતા. મારા કામમાં હું જે થોડી મૂંઝવણ અનુભવતો હતો એ વિશે એક વાર મેં નેમચંદભાઇને જણાવી. નેમચંદભાઇએ તરત જ મને કહ્યું કે ચાલ મારી સાથે માર્કેટમાં ફર. હું તને બધું શીખવી દઇશ. એક અઠવાડિયા સુધી નેમચંદભાઇએ મને પોતાની સાથે માર્કેટમાં ફેરવ્યો. નેમચંદભાઇની માર્કેટમાં ગજબની શાખ હતી. માર્કેટમાં સૌ કોઇ નેમચંદભાઇને સલામ કરે. એમની સાથે રહીને એ આઠ દિવસમાં એટલું બધુ શીખ્યો જેટલું કોઇ ડિપ્લોમા કે ડિગ્રી કોર્સમાં પણ ન શીખવા મળે. એ પછી તો માર્કેટમાં મારી પ્રતિષ્ઠા પણ ખૂબ વધી ગઇ અને કામકાજની નવી પદ્ધતિ પણ હું શીખી ગયો. એ સમયે શ્રી દેરીવાલાભાઇ પણ પરચેઝનું કામકાજ સંભાળતા હતા.

લગભગ એક વર્ષ સુધી પાર્લે કંપનીના પરચેઝ મેનેજર તરીકે હું પ્રગતિ કરતો રહ્યો. ત્યાર પછી, ૧૯૬૭-૬૮માં રમેશભાઇ ચૌહાણ જેના ચેરમેન હતા એ ડાયનાટ્રોન કંપનીને એક એન્જિનિયરીંગ કંપની તરીકે અલગ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. પાર્લેમાં હું પરચેઝ વિભાગ સફળતાપૂર્વક ચલાવી

# પ્રગતિ




ડાયનાટ્રોનમાં હું એન્જિનિયરિંગના પાઠ શીખ્યો





ટેટ્રાપેક ટેક્નોલોજીના પ્રણેતા

**પ્રકાશભાઈ ચૌહાણ**

રહ્યો હતો એટલે ડાયનાટ્રોનના પરચેઝનો હેડ પણ મને જ બનાવવામાં આવ્યો. એક દિવસ પાર્લેના મેનેજિંગ ડિરેક્ટર રમેશભાઇ ચૌહાણે મને કહ્યું કે આજે નોકરીમાં તમારો છેલ્લો દિવસ છે. મને આઘાત લાગ્યો, છતાં મેં પૂછ્યું કે શા માટે? તો એમણે જવાબ આપ્યો કે આવતી કાલથી તું ડાયનાટ્રોન કંપનીનું પરચેઝનું કામ સંભાળશે. મને સુખદ આશ્ચર્ય થયું. અને આ રીતે મારી પ્રગતિનું એક નવું પ્રકરણ શરૂ થયું. ડાયનાટ્રોનમાં મારે ફક્ત એન્જિનિયરીંગ અને ટેકનીકલ બાબતો પર ધ્યાન આપવાનું હતું. હવે મારું કામ બહુ જ ચેલેન્જીંગ બની ગયું.

ડાયનાટ્રોન કંપનીમાં મને વધુ શીખવા મળ્યું અને મારું વ્યક્તિત્વ વધુ સારી રીતે ખીલ્યું. તમે જ્યારે કોઇ સફળ માણસના સંપર્કમાં આવો ત્યારે તમે પણ એમના સારા ગુણોથી પ્રભાવિત થતા જ હોવ છો અને એમની પાસેથી તમે કંઇક શીખતા જ હોવ છો. ફૂલોના બગીચા પાસેથી પસાર થાવ તો ગુલાબ, મોગરાની મહેક તમારા શ્વાસમાં આવતી જ હોય છે. ડાયનાટ્રોનમાં પણ હું આવી જ પ્રતિભાઓના સંપર્કમાં આવ્યો. એ સમયે અમારા મેનેજિંગ ડિરેક્ટર હતા જગમોહન કેજરીવાલ. એકદમ જિનયસ અને હોંશિયાર માણસ. લંડનમાં તેઓ ઇકોનોમિક્સ ભણ્યા હતા અને દરેક કામમાં હોંશિયાર. આમ તો તેઓ રમેશ ચૌહાણના ફ્રેન્ડ હતા. રમેશ ચૌહાણનું ફ્રેન્ડ સર્કલ બહુ મોટું હતું અને એમના મિત્રો જ રમેશભાઇ ચૌહાણના બિઝનસનું કામકાજ સંભાળતા હતા. કંપનીના બીજા એક ડિરેક્ટર હતા અયુબ ખાન. તેઓ વોરાજી હતા અને એ પણ એટલા જ હોંશિયાર. તેઓ શ્રી જગમોહનની ગેરહાજરીમાં સહી કરતા. એમની પાસેથી પણ મને ઘણું શીખવા મળ્યું.

મોટી પ્રતિભાઓ સાથે રહીને મોટા માણસ બનવાની મારી મહત્વકાંક્ષા વધુ તીવ્ર બની. મેં વિચાર્યું કે હું જે કામ કરી રહ્યો છું એમાં મારે હજુ વધુ શીખવું

# મહત્વકાંક્ષા

# મારા ગોડફાધર જગમોહન કેજરીવાલ



જોઇએ. મારા કામમાં મારે એક્સપર્ટ બની જવું જોઇએ. આ માટે હું મશીનરીના જે કેટલોગ્સ તથા મેન્યુઅલ્સ આવતા એ વાંચતો. મોડી રાત સુધી એનો અભ્યાસ કરતો અને ન સમજાય એ કંપનીના એન્જિનિયરોને પૂછી લેતો. શ્રી ફોન્સેકા ત્યાં ચીફ એન્જિનિયર હતા. કંપનીના એન્જિનિયરો સાથે મારે બહુ સારા સંબંધો હતા, કારણ કે હું સૌ કોઇના કામો કરી આપતો. મને કંપની તરફથી બધી સગવડો મળતી હતી અને હું બહાર ફરતો એટલે એન્જિનિયરો કે અન્ય અધિકારીઓ મને એમના બહારના કામ સોંપતા, જે હું કરી આપતો. આથી મારે જે શીખવું હતું એમાં એ સૌ મને મદદરૂપ થતા.

કેજરીવાલ સાહેબ અને અયુબ ખાન જેવી પ્રતિભા પાસેથી હું સૌથી મોટો પાઠ નવી પાર્ટીઓ ડેવલપ કરવાનું શીખ્યો. બિઝનેસમાં પાર્ટીઓ સાથે સંબંધ કેળવવાનું મહત્વ સૌથી વધુ છે. કેજરીવાલ સાહેબનું માર્કેટમાં ગજબનું નામ હતું. શું એમની શાખ હતી. લોકો એમને એવો આદર આપતા કે આપણે જોતાં જ રહીએ. બસ, એમની પાસેથી હું બિઝનેસ રિલેશન્સના મૂળભૂત પાઠ શીખ્યો, જે આગળ જતાં મને મારા જીવનમાં ખૂબ જ ઉપયોગી નીવડ્યા.

વધુ ટેકનિલ જાણકારી મેળવવા માટેના મારા અથાગ પ્રયાસો પણ ચાલુ જ હતા. મેં કેટલાક ડિપ્લોમા કોર્સમાં પણ પ્રવેશ લીધો. અલબત્ત, પરીક્ષા આપીને ડિપ્લોમાનું સર્ટિફિકેટ મેળવવામાં મને જરાય રસ નહોતો એટલે હું પહેલેથી જ એમને કહી દેતો કે હું ફક્ત ભણવા માટે આવીશ. મને ફક્ત જાણકારી મેળવવામાં રસ છે. એક્ઝામ હું નહીં આપું. એમને તો એમની ફી સાથે મતલબ હતો. આ રીતે હું એન્જિનિયરીંગના સ્ટુડન્ટ તરીકે લેક્ચર્સ એટેન્ડ કરતો. આ સિવાય, એન્જિનિયરીંગ તથા પર્સનાલિટિ ડેવલપમેન્ટને લગતા સેમિનારો કે વર્કશોપ્સ પણ એટેન્ડ કરતો. મને યાદ છે કે બ્રિટિશ ઇન્સ્ટિટ્યુટનો એક પબ્લિક સ્પીકિંગ કોર્સ પણ મેં કર્યો હતો અને એમાં ઓડિયન્સની સામે બોલવાની

મારા ગોડફાધર



# બિસલરી કંપનીમાં આજે પણ સેટેલાઈટ કન્વેયર્સનો સિક્કો જામેલો છે



તથા ઓડિયન્સની પ્રતિક્રિયા સમજવાને લગતી કેટલીક ટેકનીક્સ શીખવવામાં આવી હતી. વર્ષો થઇ ગયા એ વાતોને, છતાં એ દિવસોની અમુક યાદો અવારનવાર મનમાં ઝબક્યા કરે છે.

એ સમયે મારા લગ્ન થયા નહોતા એટલે સમયની કોઇ મર્યાદા નહોતી અને માથાં પર બીજી કોઇ જવાબદારી નહોતી. રાત્રે વહેલા ઘરે પહોંચી જવું કે મોડા આવવું વગેરે જેવા ઘરેલુ ટેન્શન નહોતા. એ સમય મને વાંચવાનો પણ શોખ હતો. મેં સરસ્વતીચન્દ્રના ચારેય ભાગ વાંચી લીધાં હતાં. આ ઉપરાંત રમણલાલ વસંતલાલ દેસાઇ, કનૈયાલાલ મુનશી વગેરેના પુસ્તકો પણ વાંચ્યાં હતાં. અમે ત્યારે વડાલામાં રહેતા હતા ત્યાં ફક્ત એક જ રૂમ હતી એટલે મોડે સુધી વાંચવા બેસીએ તો બીજાની ઊંઘ ઊડી જાય. આથી હું મ્યુનિસિપાલિટિની લાઇટના થાંભલા નીચે ઓશિકું રાખીને ગુજરાતી સાહિત્ય વાંચતો.

પાર્લે કંપનીમાં પરચેઝ મેનેજર તરીકે મેં જે સફળતા મેળવી હતી એવી જ સફળતા મેં ડાયનાટ્રોનમાં પણ મેળવી.




૨૦૧૯
બિસલરી એવોર્ડ

પ્રયાસો



બિસલરીનું મેન્યુફેક્ચરિંગ યુનીટ અને ગોદામ



# પારલેની નોકરી દરમિયાન મારાં વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ થયો

હવે તો નવી પાર્ટીઓ ડેવલપ કરવામાં પણ હું એક્સપર્ટ બની ગયો હતો. બજારમાં મારું પોતાનું એક નામ થઇ ગયું હતું, કારણ કે મારું કામ એકદમ પરફેક્ટ રહેતું. બજારમાં સૌ કોઇ જાણતા કે હું એમને ત્રીસ દિવસમાં પેમેન્ટ ચુકવી દેવાની વ્યવસ્થા કરી આપતો. કંપનીમાં પણ સૌ મારા સિદ્ધાન્તને અનુસરતા. પેમેન્ટ માટેની મારી મંજૂરી ફાઇનલ ગણાતી અને એકાઉન્ટ્સવાળા એ પ્રમાણે ફટાફટ પેમેન્ટ કરી આપતા. સપ્લાયર પાર્ટીઓને હું સૂચના આપતો કે તમારે ચાલીસ દિવસ સુધી રાહ જોવાની અને જો ત્યાં સુધીમાં પેમેન્ટ ન થાય તો જ ફોન કરવાનો, એ પહેલા નહીં.

ડાયનાટ્રોનમાં મેં જે સફળતા મેળવી એ અદ્દભૂત હતી. પરંતુ મને અંદરથી લાગ્યું કે મારો વિકાસ હવે અટકી ગયો છે. મારે કંઇક નવું કરવું જોઇએ. બસ, એ જ સમયે મને લાગ્યું કે મારે મારો પોતાનો બિઝનેસ શરૂ કરવો જોઇએ. અલબત્ત. મારો પોતાનો બિઝનેસ કરવાની ઝંખના તો મને પહેલેથી જ હતી, પરંતુ જીવનના આ તબક્કે એ ઝંખના ફરી જાગૃત થવાના કેટલાક કારણો હતા. એક તો મેં જે લાઇનમાં જે કામ કર્યું હતું એ લાઇનમાં હું હવે એક્સપર્ટ બની ગયો હતો. એ ટુ ઝેડ જાણકારી મેં મેળવી લીધી હતી. બીજું, માર્કેટમાં અનેક સપ્લાયરો અને હિતેચ્છુઓ સાથે ગાઢ સંબંધ બંધાઇ ગયા હતા. એ લોકો મને મારો પોતાનો બિઝનેસ શરૂ કરવા માટે પ્રોત્સાહિત કરતા હતા અને મને પૂરો સહકાર આપવાની ખાતરી પણ આપતા હતા.

આ ઉપરાંત, મારી વધુ મોટી અને વધુ ઝડપી સફળતાને લીધે કંપનીના અમુક સાથીદારોમાં થોડો ઇર્ષ્યાભાવ પણ પેદા થયો હતો. મને જે પ્રકારની સુવિધાઓ મળતી, મારો જે વટ હતો અને મને જે આદર મળતા હતા એ સૌને મળતા નહોતા. આથી અમુક લોકો મારા કામમાં વિના કારણ માથાકૂટ કરવા લાગ્યા. આવી જ એક વાત પર મારું મન સહેજ ખાટું થઇ ગયું.


સપ્લાયરોને સમયસર પેમેન્ટ કરવાનો મારો સિદ્ધાન્ત બહુ પાકો હતો અને એમાં કોઇ ઢીલ થાય એ મને મંજૂર નહોતું. એકવાર સમયસર પેમેન્ટ ન થયું અને મને મારો પિત્તો ગયો. હું હંમેશાં માનતો કે મેં પાર્ટીને અમુક તારીખે પેમેન્ટ કરવાનું વચન આપ્યું હોય તો એ કોઇ પણ ભોગે નિભાવવું જ જોઇએ. ઘટના એવી બની કે એક કંપનીનું પેમેન્ટ



સમયસર ન થયું. ઉપરના સાહેબોને તો કંઇ ખબર જ નહોતી, પરંતુ એકાઉન્ટ્સ વિભાગ સાથે થોડી મચમચ થઇ ગઇ અને મેં ત્યારે જ ફેંસલો લઇ લીધો. હવે આ કંપનીમાં કામ નથી કરવું. હવે હું મારો પોતાનો બિઝનેસ શરૂ કરીશ.

જોકે આટલા વર્ષોની સર્વિસ અને કંપનીના માણસો સાથે આવો આત્મીય સંબંધ હોવાથી કંપની છોડવાનું મન નહોતું થતું, પરંતુ નદીની લહેર તો વહેતી જ રહે. એના કુદરતી પ્રવાહને અટકાવી ન શકાય. એમ મારા જીવનની પ્રગતિની લહેર પણ એની ગતિએ વહી રહી હતી અને હવે એને કોઇ અટકાવી શકે એમ નહોતું. હું મક્કમ બન્યો અને મારાં નવાં સાહસની દિશામાં આગળ વધવાનો પાક્કો નિર્ધાર કર્યો.

કંપની છોડવાનો નિર્ણય તો લીધો, પરંતુ એ વિશેની જાણ કરવાનું મારા માટે ખૂબ જ મુશ્કેલ હતું. જેમની સાથે આટલા વર્ષોના સંબંધ હતા એમની પાસે વિદાય લેવા કઇ રીતે જવું? કઇ રીતે કહેવું કે હવે મારે મારો પોતાનો બિઝનેસ કરવો છે એટલે કંપની છોડી રહ્યો છું? સાચી વાત કહેવાની હિંમત ન ચાલી એટલે મેં કેજરીવાલ સાહેબને કહ્યું કે હવે મારે મારા ભાઇની સાથે બિઝનસમાં જોડાવું પડે એમ છે. આ કારણ એવું મજબૂત હતું કે તેઓ મને રોકવાનો આગ્રહ ન કરી શક્યા. અને એ રીતે મેં પાર્લે કંપની તથા ચૌહાણ પરિવાર અને મારા ગુરુ જેવા સાહેબોને અલવિદા કરી. મારા માટે પાર્લે કંપની એ કોઇ કામ કરવાની જગ્યા નહોતી, પરંતુ શીખવાની મહા વિદ્યાલય હતી, જ્યાં મેં સાચું જ્ઞાન મેળવ્યું, સાચું શિક્ષણ મેળવ્યું. પાર્લે કંપની મારા માટે એક મંદિર હતું. બિઝનેસના અને જિંદગીના ખરાં પાઠ હું ત્યાં શીખ્યો. પાર્લે કંપની છોડી ત્યારે મારી એક આંખમાં સાથીઓથી છૂટા પડવાના આસું હતાં તો બીજી તરફ એક નવી, પડકારરૂપ જિંદગીને ગળે લગાડવાના હર્ષના આસું હતા. કભી ખુશી, કભી ગમની લાગણીવશ સ્થિતિ હતી.



# સામાજિક ફરજ અને પ્રતિષ્ઠા



# પ્રકરણ ૩



ઈન્સ્પાયરીંગ સ્પીચ ઓફ લાયન્સ પ્રેસિડન્ટ

માણસ ગમે એવો સંઘર્ષ વેઠીને આગળ આવે, એ પછી શું કરે છે એના પરથી એનું સાચું વ્યક્તિત્વ બહાર આવે છે. ઘણા લોકોનું જીવનનું ધ્યેય ફક્ત પૈસા કમાવાનું જ હોય છે અને એમનું આ ધ્યેય ક્યારેય પૂરું જ નથી થતું. ખૂબ પૈસા કમાયા પછી ઘણા લોકો વધુને વધુ પૈસા કમાવાની ખેવના જ કરતાં રહે છે, પરંતુ મારી અંદર એવી સ્વાર્થી ભાવના નહોતી. ગોલ્ડ સ્પોટ કંપનીમાં સારી નોકરી કરીને પછી મેં નાગદેવીમાં મારી પોતાની નાની ઓફિસ લીધી હતી અને મારો નાનકડો ધંધો શરૂ કર્યો હતો. એ સમયે હું કંઇ બહુ ધનવાન માણસ નહોતો અને મારી ઉંમર પણ બહુ મોટી નહોતી. હું ત્યારે લગભગ ૨૮ વર્ષનો હતો. આમ છતાં હું થોડો સેટલ થઇ ગયો એટલે મને લાગ્યું કે હવે મારે સમાજના નબળા વર્ગો માટે, જરૂરિયાતમંદ લોકો માટે કંઇક કરવું જોઇએ. આ હેતુથી હું લાયન્સ ક્લબ ઓફ વડાલામાં જોડાયો.

ધ્યેય

# નસીબદાર બનાવ્યા

વિશ્વભરમાં પથરાયેલી લાયન્સ ઈન્ટરનેશનલ એક એવી સંસ્થા છે, જેના સભ્યો નિયમીતપણે પોતપોતાના વિસ્તારના જરૂરતમંદ લોકોને મદદરૂપ થવાનું કાર્ય સતત કરતાં રહે છે. હું વડાલા લાયન્સ ક્લબમાં જોડાયો ત્યારે મારા મનમાં પણ એવી જ ભાવના હતી કે જેમને ઇશ્વરે એટલા નસીબદાર નથી બનાવ્યા એમના જીવનમાં કોઇ ખુશી લાવવાની કોશિશ કરું. ૧૯૬૮થી ૧૯૮૮ સુધી હું વડાલા લાયન્સ ક્લબમાં સક્રીય રહ્યો અને વિવિધ હોદ્દા પર રહીને સેવાના કામ કર્યા. ૧૯૭૭માં હું લાયન્સનો વડાલા લાયન્સ ક્લબનો સૌથી યુવાન પ્રેસિડેન્ટ બન્યો.

હું જે સેવાકાર્યો કરતો એમાં મુખ્યત્વે શિક્ષણ પર વધુ ભાર આપતો. અમારા વિસ્તારમાં જે કોઇ જરૂરતમંદ વિદ્યાર્થીને સ્કૂલ ફી, બૂક્સ, યુનિફોર્મ વગેરે જેવી તકલીફ હોય એ દૂર કરવામાં હું વિશેષ મદદરૂપ થતો. લાયન્સ ક્લબમાં યોગદાન આપવા ઉપરાંત અંગત રીતે પણ હું વિદ્યાર્થીઓને મદદરૂપ થતો. નાની મોટી જરૂરિયાવાળા વિદ્યાર્થીઓ મારા ઘરે આવતા તો હું એમની સમસ્યા ત્યાં ને ત્યાં જ ઉકેલી આપતો. જોકે હું શિસ્ત અને સચ્ચાઇનો આગ્રહી હતો એટલે મદદ માંગવા આવનાર વિદ્યાર્થીની થોડી પૂછપરછ કરતો, જેથી સાચી વાત જાણી શકાય. મને યાદ છે, એ સમયે બાઇ (મધર) મને ઠપકો આપીને કહેતા કે આવી લપ શા માટે કરે છે. બિચારા મદદ માંગવા આવ્યા છે તો સીધી રીતે એને આપી દેને.


અમારા વિસ્તારની ઘણી સ્કૂલોના ગરીબ વિદ્યાર્થીઓના માબાપ યુનિફોર્મ ખરીદી શકે એવી સ્થિતિમાં નહોતા. આ માટે મેં અમુક સ્કૂલના પ્રિન્સિપાલોને કહી રાખ્યું હતું કે જે વિદ્યાર્થીઓ યુનિફોર્મ ખરીદી ન શકતા હોય એની યાદી તમારે અમને મોકલવી. પછી અમે તરત જ એ વિદ્યાર્થીઓને અમારા તરફથી યુનિફોર્મ પહોંચાડતા હતા. એ સમયે વડાલામાં અતુલ ટ્રેડર્સ નામની તૈયાર યુનિફોર્મની દુકાન હતી. એના માલિક શ્રી કેશવજી છેડા પણ સેવાભાવી માણસ હતા અને મારા મિત્ર હતા. અમે જે વિદ્યાર્થીઓની યાદી મોકલતા એમને તેઓ કોઇ નફો રળ્યા વિના યુનિફોર્મ આપતા, એટલું જ નહીં, ક્યારેક યુનિફોર્મની કિંમતના અડધા પૈસા પણ તેઓ પોતે ખિસ્સામાંથી આપતા.




**ડિસ્ટ્રીક્ટ ગવર્નર હરિ પાલે જ્યારે પ્રેસિડન્ટ બનવા માટે મને અભિનંદન આપ્યા**

અમારા વિસ્તારની મોટા ભાગની સ્કૂલોના પ્રિન્સિપાલો સાથે મારે સારા સંબંધ હતા. આથી કોઇ પણ સ્કૂલમાં એડમિશનને લગતી સમસ્યા હોય તો હું મદદરૂપ થતો અને એક ફોન કરીને સમસ્યાનો ઉકેલ લાવી દેતો. ફંડ રેઇઝિંગ માટે લાયન્સ ક્લબ દ્વારા નાના મોટા કાર્યક્રમો તો અવારનવાર થતાં, પરંતુ હું પ્રેસિડેન્ટ હતો ત્યારે મેં ફંડ રેઇઝિંગ માટે એક એવું મોટું ફંક્શન કર્યું, જે યાદગાર બની ગયું. એ ફંક્શન હતું મહેન્દ્ર કપૂર નાઇટ.

માટુંગાની પાયોનીઅર સ્કૂલને રિબિલ્ડ કરીને, રિનોવેટ કરવાની એક યોજના હતી અને એ માટે સારી એવી મોટી રકમની જરૂર હતી. લાયન્સના પ્રેસિડેન્ટ તરીકે મેં આ હેતુથી એક મોટું ફંક્શન કરવાનો નિર્ણય કર્યો. એ સમયે શશિ કપૂર અને શબાના આઝમીની ફિલ્મ 'ફકીરા'



**મહેન્દ્ર કપૂરની સાથે**



**મહેન્દ્ર કપૂર પરફોર્મ કરી રહ્યા છે**




**માટુંગાની આ પાયોનીઅર સ્કૂલના નૂતનીકરણ માટે મહેન્દ્ર કપૂર નાઇટનું આયોજન કર્યું**

ખૂબ જ હીટ ગઇ હતી અને એના ગીતો પણ ખૂબ લોકપ્રિય બન્યા હતા. આ કારણસર ફિલ્મના ટાઇટલ સોંગના ગાયક મહેન્દ્ર કપૂરની પણ બોલબાલા હતી. આથી મહેન્દ્ર કપૂર નાઇટનો શો યોજીએ તો એ ખૂબ સફળ થાય એમ હતું. મેં એ માટેની તૈયારીઓ શરૂ કરી દીધી. શો માટે અમે પહેલા તો શશી કપૂરને મળ્યા હતા અને એમણે આ શો કરવા માટેની તૈયારી પણ બતાવી હતી. પૈસાની બાબતમાં એમણે કોઇ રકઝક નહોતી કરી, પરંતુ પછી એમને કોઇ અંગત કારણ નડ્યું એટલે એમણે શોમાં હાજરી આપવાનું રદ કર્યું. આમ છતાં મહેન્દ્ર કપૂર નાઇટનો શો ખૂબ જ સફળ થયો અને અમે સારી એવી રકમ એકત્ર કરી અને નક્કી થયા મુજબ પાયોનીઅર સ્કૂલના રિનોવેશન માટે લાયન્સ ક્લબ ઓફ વડાલા, સાયન અને માટુંગા તરફથી સંયુક્ત રીતે એ રકમ આપી. જોકે અમે શરત કરી હતી કે



**ડોન બોસ્કો સ્કૂલમાં સ્પોર્ટ્સ ઇવેન્ટઃ હિંમતભાઇ ત્રિવેદી, ગોરધનદાસ કાપડિયા અને જયવંત પારેખની સાથે. શશિ કપૂરે ચીફ ગેસ્ટ તરીકે હાજરી આપી હતી**



આ રકમના બદલામાં સ્કૂલને લાયન્સનું નામ આપવામાં આવશે અને એ રીતે સ્કૂલને નામ આપવામાં આવ્યું 'લાયન્સ પાયોનીઅર સ્કૂલ'.

મહેન્દ્ર કપૂર નાઇટની સફળતા તથા બીજા કેટલાક મોટા કાર્યોને લીધે વડાલા લાયન્સ ક્લબમાં મારો પ્રભાવ ઘણો વધી ગયો. એટલે સુધી કે દાદર લાયન્સ ક્લબન શરૂ થવાની હતી ત્યારે પણ મને જ એની તૈયારી કરવાનું કામ સોંપવામાં આવ્યું. જે. બી. શાહ નામના મારા મિત્ર ત્યારે સી. એ. હતા અને મને લાગ્યું કે દાદરની લાયન્સના ચાર્ટર પ્રેસિડેન્ટ બનવા માટે તેઓ લાયક છે. આથી મેં એમને પ્રેસિડેન્ટ બનાવ્યા.

લાયન્સમાં ક્લબના હોદ્દેદારો નક્કી કરવાથી માંડીને એના કાર્યક્રમોનું બધુ કામકાજ પદ્ધતિસર થતું હોય છે. દાદર ક્લબ માટેની એક બેઠક માટે મારે ચર્ચગેટ જવાનું હતું, જ્યાં ક્લબના ભૂતપૂર્વ ડિસ્ટ્રીક્ટ ગવર્નર શ્રી આર. પી. પોદાર તથા ડિસ્ટ્રીક્ટ ગવર્નર શ્રી અસરાની જેવી મોટી હસ્તીઓની હાજરીમાં મારે મારી રજૂઆતો કરવાની હતી. ચર્ચગેટમાં યોજાયેલી એ બેઠકનો પ્રસંગ મને બરોબર યાદ છે. મને ખબર હતી કે શ્રી અસરાની સમયની બાબતે એકદમ ચુસ્ત છે. જરા પણ મોડું થાય એ એમને પસંદ નથી. બન્યું એવું કે હું મારી ઓફિસથી ચર્ચગેટ જવા નીકળ્યો અને કોઇક કારણસર મોડું થઇ ગયું. મને ખબર પડી ગઇ કે હું મિટિંગમાં સમયસર પહોંચી શકીશ નહીં. મિટિંગમાં શ્રી પોદાર જેવી વ્યક્તિ પણ હાજર રહેવાની હોવાથી મોડું થવા બાબતે હું મૂંઝવણ



**લાયન્સ ક્લબ ઓફ દાદરમાં આપેલી પ્રથમ સ્પીચ**




**લાયન્સ ક્લબ દ્વારા ગાંધી જયંતિ નિમિત્તે સેવા સમાહનું આયોજન કરવામાં આવ્યું હતું**

અનુભવી રહ્યો હતો. આથી અંધેરી સ્ટેશન પર પહોંચીને મેં શ્રી અસરાનીને ફોન કરીને એ વિશે જાણ કરી. આમ છતાં હું જ્યારે મિટિંગમાં પહોંચ્યો ત્યારે થોડો ચિંતિત હતો.

હું પહોંચ્યો અને માફી માંગી તો શ્રી પોદાર કહ્યું ડોન્ટ વરી, અમે તમારી રાહ જોઇ રહ્યા છીએ. હું સ્તબ્ધ થઇ ગયો અને ખુશ પણ. આવી મોટી વ્યક્તિએ મારા માટે રાહ જોવાનું પસંદ કર્યું એ વાત મને સ્પર્શી ગઇ. શ્રી અસરાનીએ મને કહ્યું કે મોડું થવા બાબતે તમે ફોન કરીને જાણ કરી એ વાત અમને સારી લાગી. શ્રી અસરાની જેવી મોટી પ્રતિભાઓને તમે મળો ત્યારે તમારા જીવનમાં જરૂર કોઇક પરિવર્તન આવતું જ હોય છે. એમની પાસેથી હું સમયની કિંમત કરતાં અને સમયની બાબતે શિસ્ત રાખતા શીખ્યો.

દાદર ક્લબના હોદ્દેદારોની યાદી મેં ફક્ત અડતાળીસ કલાકમાં તૈયાર કરી નાંખી હતી. આ યાદી લઇને મારે શ્રી અસરાનીને વરલી ખાતે આવેલી એમની સેન્ચુરી મિલની ઓફિસમાં મળવા જવાનું હતું. અસરાની સાહેબની પંક્ચ્યુઆલિટિથી હું વાકેફ હતો એટલે આ વખતે વહેલો જ ઘરેથી નીકળ્યો અને

સમય કરતાં અડધો કલાક વહેલો ત્યાં પહોંચી ગયો. ઓફિસમાં પહોંચીને મેં નક્કી થયેલા સમયની રાહ જોઇ અને એમના પી. એ. ને કહ્યું કે સાહેબને મળવાનો સમય થાય ત્યારે મને કહેજો. જોકે અસરાની સાહેબે મને સમય કરતાં વહેલો જ બોલાવી લીધો હતો.

એ મુલાકાત દરમિયાન અસરાની સાહેબે મને મારા ધંધા વિશે પૂછ્યું. હું મટીરિયલ હેન્ડલિંગની કન્વેયર સિસ્ટમનો તેમ જ સ્પેર



**લાયન્સ ક્લબ ઓફ દાદર શરૂ કરવામાં ભજવેલી ભૂમિકા બદલ ડિસ્ટ્રીક્ટ ગવર્નર જયવંત પારેખે અભિવાદન કર્યું**




**રામબાગમાં જોડાઇને જ્ઞાતિના ઉદ્ધાર માટે આગવી રીતે યોગદાન આપ્યું**

પાર્ટ્સનો ધંધો કરતો હતો અને સેન્ચુરી મિલમાં એની ઉપયોગિતા હતી. અસરાની સાહેબે મને ઓફર કરતાં કહ્યું કે તમે અમારી મિલને સપ્લાય કરી શકો છો. આ રીતે મારો ધંધો અનેકગણો વધી શકે એમ હતું, છતાં મને ત્યારે સદ્‌બુદ્ધિ સૂઝી અને મેં એમની ઓફરનો સ્વીકાર ન કર્યો. એક કારણ એ હતું કે મારું કામ પૂર જોશમાં ચાલી રહ્યું હતું. હકીકતમાં મેં બેત્રણ નવા યુનીટો શરૂ કર્યા હોવા છતાં કામને પહોંચી વળવામાં તકલીફ પડી રહી હતી. આથી વધારાનું કામ હું લઇ શકું એમ નહોતો. એનાથી પણ મોટું કારણ એ હતું કે લાયન્સના એક જવાબદાર અને કાર્યનિષ્ઠ હોદ્દેદાર તરીકે અસરાની સાહેબ પર મારી એક ખૂબ સારી છાપ હતી. મને લાગ્યું કે જો હું એમની સાથે ધંધાકીય રીતે સંકળાઉં અને વહેવારમાં જો કોઇ અનિચ્છનીય ઘટના બને તો અમારા સંબંધો બગડી જાય. હું આ ઇચ્છતો નહોતો. એ સમયે મારામાં આવી પરિપક્વતા અને દીર્ઘદૃષ્ટિ કેવી રીતે આવી એની મને ખબર નથી, પરંતુ આવી નાની નાની વાતો જીવનની સફળતામાં બહુ મોટી ભૂમિકા ભજવતી હોય છે.

૧૯૭૭-૭૮ના વર્ષની વાત છે. એ વખતે લાયન્સ ક્લબ ઓફ વડાલાનો હું સેક્રેટરી હતો અને અમારા પ્રેસિડેન્ટ હિંમતભાઇ ત્રિવેદી હતા. તેઓ ઉદ્યોગપતિ મોહનભાઇ પટેલ સાથે સારા સંબંધ ધરાવતા હતા. મોહનભાઇના વિચારો જાણવા અમે એમને અમારી એક ડિનર મિટિંગમાં આમંત્રણ આપવા માંગતા હતા. એમણે પોતાના વક્તવ્યમાં કહ્યું કે 'તમારી સ્પીચ એક મિનિ સ્કર્ટ જેવી હોય છે.' જોકે એમની રમૂજી શૈલીએ મિનિ સ્કર્ટને એક ફૂલ સ્કર્ટ બનાવી દીધું. એ વક્તવ્ય સાંભળીને સભ્યોને ખૂબ જ મજા આવી હતી.

લાયન્સ ક્લબ સાથે સંકળાયેલા રહીને સમાજસેવા કરવાનો મોકો મળ્યો, પરંતુ મારી જ્ઞાતિ માટે કંઇક વિશેષ કરવાના સંજોગો બહુ મોડા સર્જાયા. એ સમયે અમારા સમાજની સૌથી મોટી સંસ્થા હતી કચ્છી લોહાણા સેવા મંડળ રામબાગ (માટુંગા). એ સમયે મુંબઇના મેયર શ્રી રવજીભાઇ ગણાત્રાના પુત્ર તુલસીદાસ ગણાત્રા મારા દોસ્ત હતા અને તેઓ મંડળ સાથે સક્રીય રીતે સંકળાયેલા હતા. આ ઉપરાંત વસંતભાઇ માણેક અને વીરસેન પંજવાણી, જશુબહેન, કાંતીલાલભાઈ વગેરે મંડળ સાથે સંકળાયેલા દોસ્તો હતા. એમણે મને આગ્રહ કરીને મંડળમાં જોડવાનાનું કહ્યું. લગભગ ૧૯૮૪ની આસપાસ હું મંડળમાં જોડાયો. થોડા જ સમયમાં હું મંડળનો સેક્રેટરી બન્યો. મંડળ દ્વારા દર વર્ષે ચૈત્રીબીજ ઝુલેલાલ જયંતિની મોટા પાયે ઉજવણી થતી અને આખા સમાજ માટે જમણવારનું આયોજન થતું. જમણવારમાં ખર્ચ ઘણો થતો હતો અને મંડળના હોદ્દેદારો જવાબદારીપૂર્વક પોતાનું કામ કરતાં હતા. આમ છતાં હું રહ્યો બિઝનેસમેન એટલે મારી નજર વ્યવસ્થા પર પહેલી જાય. મને લાગ્યું કે મંડળનાં સંચાલનમાં કોઇક ક્ષતિઓ રહેલી છે. ક્યાંક પ્રોફેશનાલિઝમનો અભાવ છે. મંડળ માટે કામ કરતાં કર્મચારીઓને યોગ્ય પગાર ચૂકવવામાં નહોતો આવતો એટલે તેઓ સંતોષકારક રીતે કામ નહોતા કરતા. પૈસાનો હિસાબ અને વહેવાર જરા અદ્ધર સદ્ધર ચાલતો હોવાનું લાગતા મેં એમાં સુધારા લાવવાનું નક્કી કર્યું.

એ સમયે મારી પાસે કાર હતી. એક વાર મંડળના હોદ્દેદારોની મીટિંગ પૂરી થયા પછી અમે ઘર તરફ પાછા આવી રહ્યા હતા. મારી સાથે કારમાં બીજા કેટલાક હોદ્દેદારો હતા, જેમાં શ્રી કિશોર પોપટ, શ્રી વસનજી લોહાણા, શ્રીમતી જશુબેન ઠક્કર, શ્રી મનુભાઇ કોઠારી, મધુબુક ડેપોવાળા શ્રી લવજીભાઈ, શ્રી રતનશી ઠક્કર, કાંતીલાલ કાનજી ઠક્કર વગેરે જેવા મહાનુભાવોનો સમાવેશ થતો હતો. મેં આ તકનો મોકો ઝડપીને હોદ્દેદારોને મારા મનની વાત કહી. મેં કહ્યું કે આપણી સંસ્થાને વધુ સદ્ધર અને



લાયન્સ ક્લબના એક કાર્યક્રમમાં સ્પીચ આપી ત્યારે ઝોન ચેરમેન ગુણવંતભાઇ મહેતા સાથે



લાયન્સ ક્લબના એક કાર્યક્રમમાં ગોવર્ધનદાસ કાપડિયા અને હિંમતભાઇ ત્રિવેદી સાથે






લાયન્સ ક્લબ ઓફ વડાલાની સ્પોર્ટ્સ ઈવેન્ટમાં વિજેતાઓનું બહુમાન કરી રહેલા




વધુ કાર્યક્ષમ બનાવવી હોય તો મંડળ માટે એક મોટું કોર્પસ ભંડોળ ઊભું કરવું જોઇએ. મારી વાતને સૌએ સમર્થન આપ્યું. એટલું જ નહીં, દરેકે પોતપોતાનું યોગદાન નોંધાવવાની જાહેરાત પણ કરી દીધી અને સન્માનિત રકમની જાહેરાત થઇ. મેં એક બીજો આઇડીયા અમલમાં મૂક્યો જે સભ્ય ૧,૦૦૦ રૂપિયાનો ફાળો આપે એનું નામ મંડળના બોર્ડ પર લખવામાં આવે. આ રીતે જોતજોતામાં મંડળ માટે મોટું ભંડોળ એકત્ર થઇ ગયું. ત્યારની કમિટીમાં આ ઠરાવ પસાર થઇ ગયો. આજે પણ આ પ્રથા ચાલુ છે.

મારી સક્રિયતા અને મારી કામ કરવાની નવી રીતને લીધે હું મંડળમાં લોકપ્રિય બની ગયો. સ્વાભાવિક છે કે મારા ઉદયથી જૂના કેટલાક હોદ્દેદારોને તકલીફ થાય. એવામાં નવા પ્રમુખની ચૂંટણીઓ આવી. મારા સર્કલના મિત્રો મને પ્રમુખ બનવા માટે આગ્રહ કરવા લાગ્યા અને મેં પ્રમુખપદની ચૂંટણીમાં ઝુકાવવાનું નક્કી પણ કર્યું. છતાં છેલ્લી ઘડીએ મને એ યોગ્ય ન લાગ્યું એટલે વિચાર બદલી નાંખ્યો અને સર્વાનુમતે મને ઉપ પ્રમુખ બનાવવામાં આવ્યો. મને હોદ્દો મેળવવા કરતાં મંડળની સ્થિતિ સુધારવામાં, એ દિશામાં કામ કરવામાં વધુ રસ હતો.

સમાજ સેવાની ટેવ મને યુવાકાળથી હતી અને આજે પણ એ કાયમ રહી છે. જરૂરતમંદ લોકોને મદદરૂપ થવામાં ક્યારેય પાછી પાની નથી કરી. મેં જિંદગીમાં ક્યારયે કોની પાસે હાથ ફેલાવ્યો નથી, પરંતુ મારી તરફ ફેલાયેલા હાથને મેં ક્યારેય પાછો નથી ઠેલ્યો. અલબત્ત, ક્યારેક કોઇ ગેરલાભ ન લે એ માટે ચકાસણી કરવી પડે, પરંતુ સાચી વ્યક્તિને હું ક્યારેય નિરાશ ન કરું. હું હમેશાં માથું ઝુકાવીને મદદ કરતો.

સમાજ સેવાની સાથોસાથ હું જાહેર ધાર્મિક પ્રસંગોએ પણ હંમેશાં આગળ રહું છું. ધાર્મિક બાબતમાં મારા મનમાં એક મોટી ઇચ્છા છે. મુલુંડમાં એક સત્યનારાયણનું મંદિર બનાવવાની એક મનોકામના છે. એનું કારણ એ કે મારા બાઇ (મધર)ને સત્યનારાયણ ભગવાનમાં અપાર શ્રદ્ધા હતી. એમની શ્રદ્ધાને અંજલિ આપવા માટે હું સત્યનારાયણનું મંદિર બનાવવા માંગુ છું. અલબત્ત, મંદિરના વહીવટનું કામ મારું નથી એટલે હું એ મંદિરનો કદાચ ટ્રસ્ટી બનું. આ સિવાય બીજા કોઇને જો સત્યનારાયણનું મંદિર બાંધવામાં રસ હોય તો હું એમાં મોટું યોગદાન આપવા તૈયાર છું. મારી શરત ફક્ત એટલી જ રહે કે એમાં કોઇ રીતે મારી માતાના નામનો એટલે કે 'સાકરબાઇ મૂળજી મૃગ' નામનો કાયમી ધોરણે સમાવેશ કરવામાં આવે. મને શ્રદ્ધા છે કે મારી આ ઇચ્છા પણ ટૂંક સમયમાં પૂર્ણ થશે.

# આઝાદ નગર તો ક્યારેય નહીં ભૂલાય



નહીં ભૂલાય



# પ્રકરણ ૪




યુવાનીનો મોટા ભાગનો સમય વડાલામાં વિત્યો હતો એટલે એ સમયની ઘણી યાદો તાજી છે. વડાલાનું આઝાદ નગર એ મારા યુવાનીકાળની મુખ્ય પાર્શ્વભૂમિ છે. બચપણથી માંડીને મારા લગ્નજીવનના પ્રારંભ સુધીનો સમય મેં વડાલામાં વિતાવ્યો. સ્કૂલથી માંડીને કોલેજ અને જીવનની પ્રથમ નોકરીથી માંડીને પોતાના ધંધાના પ્રથમ સોપાન મેં આઝાદ નગરમાં રહીને કર્યાં. અહીં જ મારું વ્યક્તિત્વ ઘડાયું અને અહીં જ હું સંસ્કાર પામ્યો. મારા વિશાળ પરિવાર સાથેના સહજીવને મને દરેક રીતે સમૃદ્ધ બનાવ્યો.

અમે વડાલામાં હતા એ દરમિયાન જ અલગ મુંબઇ માટેની ચળવળ શરૂ થઇ હતી અને ગુજરાતીઓ તથા મરાઠીઓ વચ્ચેની તંગદીલી પણ ત્યારે જ ઊભી થઇ હતી. ૧૯૫૮-૫૯ની આસપાસ આ સંઘર્ષ ચરમસીમાએ પહોંચ્યો અને કેટલીક હિંસક ઘટનાઓ પણ બની હતી. આઝાદ નગરમાં રહેતા ૫૦૦-૭૦૦ પરિવારોમાંના મોટા ભાગના ગુજરાતી કચ્છી હતા અને આવા કટોકટીના સમયે એમનામાં અદભૂત એકતાની ભાવના જાગી હતી. દરેકના પરિવારની સલામતીનો પ્રશ્ન મોટો હતો એટલે સૌએ સાથે મળીને પરિસ્થિતિનો સામનો કર્યો. એ સમયે જીવરાજભાઇ નામના એક શિક્ષક અમારી ચાલીમાં રહેતા હતા. એમને લાઠી ચલાવતા આવડતી હતી અને ત્યારે એમણે સ્વબચાવ માટે આઝાદનગરના યુવાનોને લાઠી ચલાવતા શીખવ્યું હતું. ત્યારે હું પણ લાઠી ચલાવતા શીખ્યો હતો. એ વાત અલગ છે કે એ વિદ્યાનો જીવનમાં ક્યારેય ઉપયોગ કરવાની નોબત ન આવી, પરંતુ એનાથી આત્મવિશ્વાસમાં જબરો વધારો થયો હતો.

તંગદીલીભર્યો માહોલ મહિનો દોઢ મહિનો ચાલ્યો. એ દરમિયાન એક દુઃખદ ઘટના બની. અમારા પડોશી, ચાલ નંબર ૨૦માં રહેતા માનનીય જમ્મુભાઇ ગોસરનો સાથે કોઇ અણબનાવ બની ગયો અને કોઇએ એમના પર વાર કર્યો. એમની છાતીમાંથી લોહી વહેવા માંડ્યું. ચાલીમાં હલચલ મચી ગઇ. અમે સૌ ચિંતિત થઇ ગયા. તરત જ અમે પોલીસ સ્ટેશને જઇને ફરિયાદ નોંધાવી. અમારામાંના ઘણા ત્યારે બહુ વગદાર હતા એટલે આ વાત ત્યારના બોમ્બે સ્ટેટના મુખ્ય પ્રધાન મોરારજી દેસાઇ સુધી પહોંચી ગઇ. મોરારજીભાઇએ તરત જ એક્શન લીધું. એમણે ગુજરાતથી ખાસ સુરક્ષા કર્મચારીઓને બોલાવ્યા અને આઝાદનગરમાં ગોઠવી દીધા. અમારી સુરક્ષા માટે મોરારજી દેસાઇએ આવું તત્કાળ પગલું લીધું એ વાત આઝાદનગરના રહેવાસીઓ ક્યારેય નહીં ભૂલે.




આનંદ વાડીમાં લાયન્સ ક્લબ ઓફ વડાલાએ વેલ્ફેર સેન્ટર શરૂ કર્યું ત્યારની તસવીર. સાર્વજનિક સ્કૂલના પ્રિન્સિપાલ આર. સી. અંકલેશ્વરિયા, નાનાલાલ મહેતા, જ્યોતિન્દ્ર દવે, હીરાભાઈ દેસાઈ, તથા અન્ય સભ્યો



નવરાત્રોત્સવનું આયોજન અનોખી રીતે થતું



આઝાદ નગર હવે રિડેવલપમેન્ટમાં છે એટલે એનો નકશો બદલાઈ જશે

આઝાદ નગરના રહેવાસીઓનો સંપ આમેય અનોખો હતો. મુસીબતના સમયમાં સૌ એકબીજાને મદદરૂપ થાય. ઉત્સવો પણ એટલા જ ઉત્સાહથી ઉજવાય. અમારા એક પડોશી હતા કલ્યાણીબાઇ. પૈસેટકે સુખી હતા એટલે જેને પણ પૈસાની જરૂર હોય એ કલ્યાણીબાઇ પાસે પહોંચી જતા અને એને પૈસા મળી જતા. કલ્યાણીબાઇને અમે રિઝર્વ બેન્ક કહેતા. તેઓ શંભુભાઇ (નારાયણ) હીરજીના માતુશ્રી હતા.

પ્રારંભના દિવસોમાં અમે પાંચ ભાઇઓ, એક બહેન, અને અધા તથા બાઇ એક નાની રૂમમાં રહેતા હતા. એ રૂમ આમ તો વન રૂમ કિચન જેટલા વિસ્તારની હતી, પરંતુ આગળ એક વરંડો હતો, જેને અમે બગીચો કહેતા. આથી મહેમાનો આવે તોય એમનો ઘરમાં સમાવેશ થઇ જતો. મોટી બહેન ગોદાવરીના લગ્ન અમે ઘાટકોપરમાં હતા ત્યારે જ થઇ ગયા હતા. સાવિત્રીબહેનના લગ્ન અમે આઝાદ નગરમાં રહેતા હતા ત્યારે થયા. એમના લગ્ન વખતે આર્થિક સ્થિતિ એટલી સારી નહોતી. આમ છતાં પરંપરા મુજબ લગ્ન તો વિધિસર કરવાના જ હતા એટલે ખર્ચો માથે ઊભો જ હતો. મને યાદ છે કે મોટાભાઇ શંકરભાઇ અને વિજયભાઇએ ત્યારે બાઇને કહ્યું હતું કે અમારી પાસે જેટલા પૈસા છે એ બધા ખર્ચાઇ જાય તો વાંધો નથી. અમારી પાસે ફક્ત બે જોડ કપડાં રહેશે તો ચાલશે. આ પ્રકારની કુટુંબભાવના અમારા પરિવારમાં હતી એ સમયે.





વિજયભાઇ અને વસંત ભાભીએ કાલીકટમાં સ્થાયી થઇ જવાનું નક્કી કર્યું, અમે મુંબઇમાં રહ્યા

વિજયભાઇ સાથેના મારા સંબંધમાં અનેક ઊતારચઢાવ આવ્યા. સ્કૂલ અને કોલેજમાં હતો ત્યારે એમણે મારી ખાસ કાળજી રાખી, અધાની ખોટ સાલવા ન દીધી અને એમના કારણે જ હું વેપારધંધાની મૂળભૂત રીતભાત શીખ્યો. વિજયભાઇના પોતાના જીવનમાં પણ અનેક ઊતારચઢાવ આવ્યા. તેઓ ભણવામાં હોંશિયાર હતા, છતાં અદાના અવસાનને કારણે તેઓ એસ. એસ. સી.થી આગળ ભણી ન શક્યા અને અદાના ભાગીદારો સાથે ધંધામાં જોડાયા. વિજયભાઇના લગ્ન વસંતબહેન સાથે થયા અને પછી એમના બાળકો તથા પરિવાર સાથે એમણે કાલીકટમાં રહેવાનું પસંદ કર્યું.

વિજયભાઇનો ધંધો મુખ્ય કાલિકટના વેપારીઓ સાથે હતો અને એમની સાથે સંબંધ પણ ઘણા વિકસ્યા હતા. આખરે ધંધા માટે એમણે કાલીકટ જઇને વસવાટ કરવાનું નક્કી કર્યું. કાલીકટમાં વિજયભાઇનો ધંધો સારો જામી ગયો એટલે સૌથી નાના ભાઇ અરવિંદને પણ એમણે કાલીકટ બોલાવી લીધો. અરવિંદ જોકે પછીથી મેંગલોર શિફ્ટ થઇ ગયો અને ત્યાં એણે પોતાનો ધંધો શરૂ કર્યો. દરમિયાન શંકરભાઇને ઇરાની માલિકની બુશેરી કંપનીમાં નોકરીમાં થોડી તકલીફ શરૂ થઇ. પગાર મળે ન મળે એવું બનવા લાગ્યું એટલે વિજયભાઇએ શંકરભાઇને પણ કાલીકટ બોલાવી લીધા. આમ અમારા પરિવારના અડધા ભાગના સભ્યો સાઉથમાં વસી ગયા.

અહીં વડાલામાં રૂમ નાની પડતી હોવાથી અમે એક ટુ બેડરૂમનો ફ્લેટ ખરીદ્યો હતો અને અમે ત્યાં રહેવા ગયા હતા. દત્ત કુટીરના એ ફ્લેટ સાથે પણ અનેક યાદો સંકળાયેલી છે. અમે સંયુક્ત કુટુંબમાં રહેતા હતા. તદઉપરાંત, બીજો એક ફ્લેટ પણ બાજુના ‘કબીર’ બિલ્ડીંગમાં ખરીદ્યો હતો.



સૌથી નાના અરવિંદભાઇ તથા એમના પત્ની હેમાબહેન

હકીકતમાં રિયલ એસ્ટેટ એ મારો સાઇડ બિઝનેસ હતો. ૧૯૬૯માં મેં સ્પેર રાઇટ વર્ક્સ દ્વારા પોતાનો ધંધો શરૂ કર્યો ત્યારથી મારી કમાણીમાં સારો એવો વધારો થયો હતો. મારી પાસે મોટા મોટા ઓર્ડર આવતા અને એને પહોંચી વળવા માટે મેં બીજા બે ત્રણ ગાળા લીધા હતા. મારું કામ પૂરજોશમાં ચાલતું હતું અને કમાણી પણ એવી જ હતી. મારી પાસે સ્પેરમાં પૈસા ઘણા રહેતા. એ સમય દરમિયાન મેં બિલ્ડિંગ લાઇનમાં ઇન્વેસ્ટમેન્ટ શરૂ કર્યું.

બિલ્ડીંગ લાઇનમાં અનેક બિલ્ડરો તથા દલાલો મારા મિત્રો બની ગયા હતા. એ લોકો મને હંમેશાં પૈસા ઇન્વેસ્ટ કરવાને લગતી સલાહ આપતા અને મને વધુ રિટર્ન મળે એ માટેની વ્યવસ્થા પણ કરી આપતા. ઇન્વેસ્ટમેન્ટ કરવાની એક સિસ્ટમ હતી. કોઇ નવા બિલ્ડીંગનું ખાત મૂરત થાય ત્યારે બિલ્ડર અમારા જેવા ઇન્વેસ્ટરોને બોલાવતા અને પ્રોજેક્ટ વિશેની જાણકારી આપતા. અમે સસ્તાં ભાવે ફ્લેટ બૂક કરાવતા અને પછી જ્યારે પ્રોજેક્ટ આગળ વધે અને ફ્લેટના ભાવ વધે ત્યારે અમે અમારો ફ્લેટ વેચીને નફો રળી લેતા. ત્યાર પછી તરત જ બીજા પ્રોજેક્ટમાં પૈસા ઇન્વેસ્ટ કરતાં. આ રીતે બિલ્ડીંગ લાઇનમાં ઇન્વેસ્ટ કરીને પણ હું ખૂબ પૈસા કમાતો હતો. પછી તો જોકે મને પોતાને આ કામમાં ફાવટ આવી ગઇ હતી અને રિયલ એસ્ટેટમાં ક્યાં ઇન્વેસ્ટ કરવું એની સલાહ હું પોતે મારા મિત્રોને આપતો થઇ ગયો હતો. રિયલ એસ્ટેટની મારી સૂઝ મને હંમેશાં ઉપયોગી નીવડી અને આજે પણ હું જગ્યા જોઇને તરત એની રિયલ વેલ્યુનો અંદાજ લગાવી શકું છું.

એ સમય એવો હતો જ્યારે મારો સિતારો ચમકતો હતો. દરેક રીતે મારા નામની બોલબાલા હતી. બધા ભાઇઓમાં સૌથી વધુ પ્રભાવ મારો હતો, કારણ કે મારી કમાણીની રીત અલગ હતી. મારું ફ્રેન્ડ સર્કલ મોટું હતું અને લાગવગની દૃષ્ટિએ પણ મારી પહોંચ ઊંચી હતી. જોકે પારિવારિક સંબંધોમાં મારું આ ચડિયાતાપણું ક્યારેય વચ્ચે આવતું નહોતું. ભાઇઓ સાથેના સંબંધો એટલા જ સુમેળભર્યા હતા.

સૌથી મોટા શંકરભાઇ પહેલેથી ભલા માણસ હતા. ૧૯૫૩-૫૪માં એમના લગ્ન થયા. કુસુમભાભી પ્રેમાળ સ્વભાવના. એમના બાળકોના નામ આશા, અજીત અને દીપા. શંકરભાઇ શરૂઆતથી ખારેક અને ખજૂરના વ્યવસાયમાં હતા. મહમ્મદ રઝા બુશેરી નામની કંપનીના માલિક ઇરાની હતા. એ કંપનીમાં રામજીભાઇ ખજૂરવાળા ભાગીદાર હતા એટલે શંકરભાઇને ત્યાં નોકરી મળી ગઇ હતી. પછીથી નોકરીમાં તકલીફ ઊભી થતાં તેઓ વિજયભાઇના કહેવાથી કાલિકટ જતાં રહ્યા.



બચપણના મિત્ર મનુભાઇ શાહને વર્ષો પછી મળ્યો ત્યારે



માટુંગાનો ફાઇવ ગાર્ડન વિસ્તાર અમારી ફેવરિટ જગ્યા હતી દોસ્તારો સાથે ત્યાં ખૂબ મજા કરતા


મારાથી નાના જયસિંહભાઇ સાથેની મારી લેણદેણ જરા વધુ રહી. ગોલ્ડ સ્પોટ કંપની સાથે મારે સારા સંબંધો હતા અને





વિજયભાઇના કહેવાથી શંકરભાઇ અને કુસુમ ભાભી પોતાના પરિવાર સાથે કાલીકટ સ્થાયી થઇ ગયા.

ત્યાંના અધિકારીઓ સાથે સંબંધો પણ સારા હતા. એ સંબંધના આધારે મેં જયસિંહભાઇને ગોલ્ડ સ્પોટ કંપનીમાં સ્ટોરકીપર તરીકેની નોકરીએ લગાડી દીધા હતા. જયસિંહભાઇ જોકે આરામપ્રિય માણસ એટલે સ્ટોરકીપર તરીકેનું કામ જામ્યું નહીં. એ દરમિયાન એમણે લાઇફ ઇન્સ્યોરન્સ કંપની (એલઆઇસી)માં ચાન્સ મળી ગયો અને



જયસિંહભાઇ સાથે જીવનમાં લેણાદેણી વધુ રહી

એમને ત્યાં નોકરી મળી ગઇ. એલઆઇસીનું સરકારી ખાતાં જેવું કામ જયસિંહભાઇને ફાવી ગયું એટલે તેઓ વર્ષો સુધી, છેક નિવૃત્ત થયા ત્યાં સુધી એલઆઇસીમાં રહ્યા.

જયસિંહભાઇના લગ્ન ૧૯૭૪માં રૂકમણીબહેન સાથે થયા. યોગાનુયોગ એવો કે રૂકમણીભાભી અને મારી પત્ની વચ્ચે પણ બહુ સારો સુમેળ થઇ ગયો. બંનેને એકબીજા સાથે બહુ જામે. બંને બહેનો હોય એવા સંબંધો બંધાયા. જયસિંહભાઇના ત્રણ સંતાનો. રાહુલ, જિજ્ઞા અને ચૈતાલી. લગ્ન પછી રહેવા માટે મેં અંધેરીમાં મારા માટે ફ્લેટ લઇ રાખ્યો હતો, કારણ કે મારું બધુ કામકાજ અંધેરીમાં જ હતું. મેં જ્યારે બાઇને અંધેરી રહેવા જવાની વાત કરી ત્યારે બાઇએ ફક્ત એટલું કહ્યું કે હું છું ત્યાં સુધી તારે અહીં, વડાલામાં જ રહેવાનું છે. અને મેં બાઇના શબ્દને આદર આપ્યો.

વડાલામાં દોસ્તો સાથે મેં જે મજા કરી છે એ તો જિંદગીભરનું સંભારણું છે. મારું ફ્રેન્ડ સર્કલ પણ બહુ મોટું હતું અને દોસ્તો સાથે ફિલ્મ જોવા જવાના

પ્રોગ્રામ પણ અવારનવાર બનતા. મારા ફ્રેન્ડ સર્કલમાં બધા જ મારા જેવા શોખીન હતા. મારી ઓફિસ ત્યારે નાગદેવીમાં હતી. જે દિવસે ફિલ્મ જોવાનો પ્રોગ્રામ બનતો એ દિવસે અમે ઠાકર લોજમાં એકઠા થતા અને ત્યાં જમતાં. જમીને પછી સુખ સાગરમાં જ્યુસ પીવા જતાં. જ્યુસ પીધા પછી ભવન્સ સામેના વિખ્યાત પાનવાળાને ત્યાં પાન ખાવાનું. ભવન્સની ચોપાટીથી પછી અમે ઘોડાગાડી કરીને નરીમાન પોઇન્ટ વિસ્તારમાં આવેલા થિયેટરમાં ફિલ્મ જોવા જતાં. ફિલ્મનો લાસ્ટ શો રાત્રે બાર વાગ્યે છૂટે એટલે ત્યાંથી બે ત્રણ ટેક્સીઓ કરીને સીધા વડાલા પહોંચતા. જોકે ત્યાર પછી પણ અમારો પ્રોગ્રામ ચાલુ જ રહેતો.



**અમારો અડ્ડોઃ હજામનો ઓટલો. અહીં દોસ્તારો એકઠાં થતાં અને પછી પ્રોગ્રામ બનાવતા**



વડાલા સ્ટેશનની સામે હીરા મહલ નામનું એક બિલ્ડીંગ હતું એ અમારો અડ્ડો હતો. ફિલ્મો જોયા પછી હીરા મહલના ઓટલા પર પહોંચીને અમે પાન ખાતાં અને જો વાતચીતનો દોર ચાલ્યો તો પછી સોડા પણ પીતા અને થોડા વધુ ગપાટા મારતા. હીરા મહલ બિલ્ડીંગ પાસે નંદુ પાનવાળો અમારો ફેવરીટ હતો. ત્યાં એક ઇરાની હોટલ પણ હતી અને આજે પણ છે. અમે બધા મિત્રો ખમતીધર હતા, છતાં કોઇ મનદુખ ન થાય એટલે અમે એક વ્યવસ્થા ઊભી કરી હતી. અમે સોલ્જર સિસ્ટમ અપનાવી હતી અને જે કંઇ ખર્ચ થાય એને સરખા ભાગે વહેંચી લેતા. ક્યારેક કોઇ મિત્ર હોંશથી કોઇ ખર્ચ પોતાના માથાં પર ઊપાડી લેતો. મનોજ કુમાર અને હેમા માલિનીની ફિલ્મ સંન્યાસી' રિલીઝ થઇ ત્યારે અમારા ગૃપના સૂર્યકાન્તે જાહેર કર્યું કે 'સંન્યાસી' ફિલ્મની ટિકિટની વ્યવસ્થા જો કોઇ કરી આપે તો બધા પૈસા હું આપીશ. ફિલ્મ રિલીઝ થયાને એક જ અઠવાડિયું થયું હતું અને હાઉસફૂલ જતી હતી. એ સમયે એક બે ટિકિટ મેળવવાનાય વાંધા હતા એમાં અમારે તો આખી ગેંગ માટેની બાવીસ ટિકિટો ખરીદવાની હતી. આમ છતાં ટિકિટો લાવી આપવાનો પડકાર મેં ઝીલી લીધો. મેં કહ્યું કે હું ટિકિટ લાવી આપીશ. સૌ મારી સામે આશ્ચર્યથી જોતાં રહ્યા, પરંતુ પડકાર ઝીલવાનું મને હંમેશાં ગમતું હોય છે.

**બચપણના મિત્ર 'કરોડપતિ' સૂર્યકાન્તને વર્ષો પછી એમની ઓફિસમાં મળ્યા ત્યારે**



**વડાલા સ્ટેશનની બહાર હવે તો ચહલપહલ ઘણી વધી ગઇ છે**




**ચિત્રા સિનેમામાં ૨૨ મિત્રો એકસાથે 'સંન્યાસી' ફિલ્મ જોવા ગયા હતા.**



સંન્યાસી' ત્યારે દાદરના ચિત્રા થિયેટરમાં પણ ચાલતું હતું.બીજા દિવસે હું થિયેટર પહોંચ્યો અને સીધો થિયેટરના મેનેજરની કેબિનમાં ઘૂસી ગયો. મેં મારી ઓળખાણ આપી અને લાયન્સ ક્લબ સાથેના મારા કનેક્શન વિશેની વાત કરી. મેં બીજી થોડી ઓળખાણો પણ આપી. શરૂઆતમાં તો એમણે ટિકિટ આપવાની ના પાડી, પરંતુ પછી મેં મારી તકલીફ સમજાવતા એમને કહ્યું કે તમે એક એક જણને ફક્ત ચાર ટિકિટો આપો છો એટલે મારે છ માણસોને લાઇનમાં ઊભા રાખવા પડશે. બધાનો સમય બગડશે. ખૂબ સમજાવટને અંતે મેં બાલ્કનીની ૨૨ ટિકિટો મેળવી લીધી.

મિત્રોની અમારી ગેંગ ફિલ્મો જોવા ઉપરાંત બીજી મોજમજામાં પણ પાછી નહોતી પડતી. ખાસ તો નવરાત્રિ વખતે અમે રાતના રાજા બની જતા. શહેરભરના અનેક નવરાત્રિ મંડળોમાં અમે ફેમસ હતા. મને વ્યક્તિગત રીતે અનેક નવરાત્રિ મંડળના આયોજકો ઓળખતા હતા. ખાસ તો ચીચ બંદરના નવરાત્રિ મંડળમાં અમે અવારનવાર જતાં. શંભુ ભગત નામના ત્યાંના મુખ્ય આયોજકને મારા પર વિશેષ માન હતું અને અમે ત્યાં જતાં ત્યારે અમારા માટે ખાસ વ્યવસ્થા કરતાં. અમુક નવરાત્રિ મંડળો મને ચીફ ગેસ્ટ તરીકે બોલાવતા અને ક્યારેક જજ તરીકે પણ બોલાવતા.

એક વાર અમે રાત્રે અઢી ત્રણ વાગ્યે ચીચ બંદરના નવરાત્રિ મંડળમાં પહોંચ્યા. એ સમયે ત્યાં ઢોલી હાજર નહોતા. ત્યારે મેં એવું સજેસ્ટ કર્યું કે ચાલો આજે અમે શરણાઇ પર દાંડિયા રમીએ. આ એક નવી વાત હતી, પરંતુ અમે દાંડિયા રાસ રમવા



**આઝાદ નગરના મૂળ રહેવાસીઓ હજુય ત્યાંના માતાજીમાં શ્રદ્ધા ધરાવે છે અને નિયમિતપણે દર્શન કરવા જાય છે**

માટે મક્કમ હતા. અને પછી તો શરણાઇના સૂર પર અમે દાંડિયાની રમઝટ જમાવી. બધા જોતાં જ રહી ગયા. શંભુ ભગત પણ ખુશ થઇ ગયા. પછી તો ઢોલી આવ્યા અને અમે સવારના પાંચ વાગ્યા સુધી રમતા રહ્યા. મસ્જિદ બંદર પાસે ત્યારે 'પાઠક હોટલ' હતી, જ્યાં વહેલી સવારે ગરમાગરમ ફાફડા જલેબી મળતા. રાત આખી દાંડિયા રમીને પછી અમે ફાફડા જલેબીની મોજ માણી.

દાંડિયા રમવામાં હું એક્સપર્ટ હતો અને મારા જેવાં જોશથી ભાગ્યે જ કોઇ રમી શકતું. હું દાંડિયાનો અનક્રાઉન્ડ કિંગ હતો. એક વાર વસનજીભાઇ નામના એક મિત્રે મને ચેલેન્જ કરી. અલબત્ત, વસનજી ભાઇ પણ બહુ જ સારું રમતા હતા, પરંતુ મને દાંડિયાની બાબતે કોઇ ચેલેન્જ કરે એ પસંદ નહોતું. મેં એમની ચેલેન્જ ઊઠાવી લીધી. વસનજીભાઇની એક ખાસિયત એ હતી કે તેઓ ખૂબ જોશપૂર્વક રમતા છતાં એમનું શરીર ગરમ જ નહોતું થતું. એમને જાણે થાક જ નહોતો લાગતો.

# 'ધમાલ' 'હમચી મુંબઇ'



આઝાદ નગર નવરાત્રોત્સવ

અમારી કોમ્પિટિશન શરૂ થઇ. એ સમયે મેં એક વ્યૂહ અપનાવ્યો. મેં 'ધમાલ વિથ હમચી મુંબઇ' સ્ટાઇલમાં રમવા માટે વસનજીભાઇને ગુંચવી નાંખ્યા અને એ રીતે એમના પર હાવી થઇ ગયો. એ સમયે દાંડિયા રમવાની 'ધમાલ' સ્ટાઇલ તો બહુ કોમન હતી, પરંતુ 'હમચી' જરા નવી હતી અને એ બિનપરંપરાગત હતી. 'ધમાલ'માં સિસ્ટેમેટિક રિધમ સાથે દાંડિયા રમવાના હોય, જ્યારે 'હમચી મુંબઇ'માં બેફામ રીતે રમવાનું હોય. મેં બંનેને મિક્સ કરીને નવી સ્ટાઇલ સાથે રમવાનું શરૂ કર્યું.મારી છટા જોઇને સૌ ખુશ થઇ ગયા અને દાંડિયાના કિંગ તરીકેની નામના મેં જાળવી રાખી. આયોજકો અમુભાઇ રૂખાણા અને શંભુ ભગતે ખુશ થઇને બધાને ફીમાં ચા નાસ્તો કરાવ્યા. એ રાત્રે ત્યાં ૫૦૦ ખેલૈયા હાજર હતા.

અમારા મિત્રોની ગેંગ વડાલા ઓટલા કમિટિ તરીકે ઓળખાતી. મિત્રો તો ઘણા હતા, પરંતુ મનુભાઇ શાહ, પ્રભુદાસ પરમાર, બાબુભાઇ ઠક્કર, નેમજી ધનજી શાહ, સુર્યકાન્તભાઇ શાહ, મનહર શાહ જેવા મિત્રો સાથે જરા વધુ ઘનિષ્ટતા હતી. થોડા સમય પહેલા મને એવોર્ડ્સ મળ્યા અને એ વિશે અખબારોમાં છપાયું ત્યારે કેટલાક જૂના મિત્રોના ફોન આવ્યા હતા અને એ સાથે જ આ જૂની યાદો તાજી થઇ ગઇ હતી.







# વડાલાની યાદો


વર્ષો પછી આઝાદ નગરની મુલાકાત લીધી ત્યારે લાગણીશીલ બની ગયો. કઝીન ભાઇ કરસનદાસ દેવચંદ સાથે વાતો કરીને મધુર યાદોં તાજી કરી

વડાલા જ્યારે છોડ્યું ત્યારે એક નવી જિંદગીની શરૂઆત કરી હતી, પરંતુ વડાલાની યાદો હંમેશાં માટે મનમાં સંઘરાયેલી છે. અમારી માફક પછી તો ઘણા પરિવારો વડાલાની ચાલ છોડીને અલગ અલગ પરાંના ફ્લેટમાં રહેવા ગયા, છતાં અમારી જેમ સૌ આઝાદ નગર સાથેના લાગણીના બંધનમાં તો આજેય બંધાયેલા છે. આજેય હું દર વર્ષે નવરાત્રિમાં આઝાદ નગરની મુલાકાત અવશ્ય લઉં છું. હવે ત્યાં ઘણું બદલાઇ ગયું છે. કેટલાક નવાં લોકો રહેવા આવી ગયા છે, છતાં અનેક જૂના જોગીઓ અને એમના સંતાનો હજુ ત્યાં જ રહે છે. નવરાત્રિ જેવા ઉત્સવોનું આયોજન તેઓ પહેલાની જેમ કરે છે.

આઝાદ નગરથી અલગ થયેલા અમારા કેટલાય જૂના સાથીઓને હું નવરાત્રિના સમયે મળું છું. મારી જેમ એ સૌની આઝાદ નગર સાથેની માયા પણ હજુ છૂટી નથી. અને ખાસ તો માતાજીની શ્રદ્ધાને કારણે અમે આઝાદ નગરના નવરાત્રિ ઉત્સવમાં પહોંચી જઇએ છીએ. ત્યાંના માતાજીના મંદિરનો ખાસ મહિમા છે અમારા માટે.

હવે જોકે આઝાદ નગરની સિકલ કદાચ બદલાઇ જશે. આઝાદ નગરનું રિડેલવપમેન્ટ થઇ રહ્યું છે એવા સમાચાર મને મળ્યા છે. અમે ત્યાં રહેતા હતા ત્યારે એક રૂમનું ભાડું દશ થી ત્રીસ રૂપિયા હતું. આજે  એક એક રૂમની વેલ્યુ દોઢ કરોડ રૂપિયા જેટલી થઇ ગઇ છે. આઝાદ નગરની આ સમૃદ્ધિથી હું ખુશ છું. જોકે મેં તો આઝાદ નગરની રહેણીકરણીની અને અમારા જૂના સાથીઓની દોસ્તી જોઇ છે, માણી છે.

સાથ સહકાર



# જીવનસાથીનો સાથ અને સહકાર



# પ્રકરણ ૫

દરેક માણસની સફળતામાં એની પત્નીનો ફાળો મહત્વનો હોય છે. પત્ની સક્રિય રીતે પતિના વ્યવસાય સાથે સંકળાયેલી ન હોય તો પણ પરોક્ષ રીતે પતિના પ્રયાસોમાં મૂક રીતે સામેલ થતી જ હોય છે. પુરુષનું સાંસારિક જીવન શાંત અને સંતોષકાર હોય એ એની વ્યાવસાયિક સફળતા તેમ જ અન્ય સિદ્ધિઓ માટે આવશ્યક છે. આ બાબતે હું મારી જાતને સદનસીબ માનું છું. જીવનસાથી મનોરમાએ મને જીવનના દરેક સોપાન પર સાથ આપ્યો છે એટલું જ નહીં, જરૂર હતી ત્યાં પ્રોત્સાહિત પણ કર્યો છે.

મનોરમાનો જન્મ ૨૦ સપ્ટેમ્બર, ૧૯૪૧ પૂણેમાં થયો અને ઉછેર પણ પૂણેમાં જ થયો. અમારી સગાઇ નક્કી થઇ ત્યારે એ પૂણેમાં જ રહેતા હતા. મારા સૌથી મોટા બહેન ગોદાવરી બહેનના સાસરિયાનો પરિવાર અને મનોરમાનો પરિવાર સગામાં થાય. ગોદાવરી બહેન મને સારી રીતે જાણે અને







મનોરમાને પણ જાણે. એમને લાગ્યું કે આ બંનેની જોડી સારી જામશે એટલે એમણે બાઇને વાત કરી. મારા સગપણની બાબતમાં શંકરભાઇ અને વિજયભાઇએ પણ ઘણો જ સાથ સહકાર આપ્યો. ગોદાવરીબહેનના પુત્ર રતનશીભાઇએ આ વાત કરતી વખતે અમને એક લગ્નપ્રસંગ યાદ કરાવ્યો, જેમાં મનોરમાએ હાજરી આપી હતી. મેં મારી યાદદાસ્તને ઢંઢોળી તો મને પણ મનોરમાને જોયા હતા એ યાદ આવ્યુ. મારી નજર સામે એમનો ચહેરો તરવર્યો અને મને મારા મનમાં રોમાન્સની ફિલીંગ્સ જાગી. મને યાદ આવ્યું કે એ લગ્નપ્રસંગમાં પણ મને મનોરમા ગમ્યા હતા. મેં આ સંબંધ બાબતે આગળ વધવાની હા પાડી.

**એમના સાંનિધ્ય, સમજણ, અને સહકાર વિના હું અધૂરો રહ્યો હોત**

મનોરમાને જોવા માટે અમે સૌ ટેક્સી કરીને પૂણે ગયા. એમનો પરિવાર પૂણેના કેમ્પ વિસ્તારમાં રહેતો હતો. ઘરમાં અમારું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું. વાતાવરણ શુભ હતું. વડીલોએ પોતાની રીતે વાતચીત કરી અને મને તથા મનોરમાને એક અલગ રૂમમાં એકલા વાતચીત માટે મોકલવામાં આવ્યા. મનોરમાએ બીએડ સુધી અભ્યાસ કર્યો હતો અને ટીચર તરીકે નોકરી કરતાં હતા. પૂના ગુજરાતી કેળવણી મંડળ દ્વારા સંચાલિત શેઠ હકમચંદ ઇશ્વરદાસ ગુજરાતી પ્રાથમિક શાળામાં એમણે શિક્ષિકા તરીકે કામગીરી નિભાવી હતી અને એની કદરરૂપે શાળા તરફથી એમને એક આદર્શ શિક્ષકા તરીકેનું સન્માનપત્ર પણ આપવામાં આવ્યું હતું.

જીવનમાં કેટલાક સિદ્ધાન્તો મેં નાની ઉંમરમાં જ અપનાવી રાખ્યા હતા. મેં ત્યારે નવો નવો બિઝનેસ શરૂ કર્યો હતો અને મારો ધંધો બહુ આગળ વધશે એની મને ખાતરી હતી. આથી લગ્ન પછી મારી પત્ની મારું ઘર સંભાળે અને હું કમાણી કરવા પર ધ્યાન કેન્દ્રીત કરું એવી ગોઠવણ મેં મારા મનમાં કરી રાખી હતી.



**અમે પ્રભુતામાં પગલાં પાડ્યા અને નવાં જીવનનો પ્રારંભ થયો**



મનોરમા સાથેની પહેલી વાતચીતમાં મેં એમને મારા આ વિચારો જણાવ્યા. અલબત્ત, કોઇ પૂર્વશરત નહોતી રાખી, છતાં મેં મારી ઇચ્છા વ્યક્ત કરતાં કહ્યું કે હું આ રીતે સંસાર ચલાવવાની માન્યતા ધરાવું છું. મારા સુખદ આશ્ચર્ય વચ્ચે મનોરમા તરત જ મારી વાતે સહમત થઇ ગયા.

અમે એકબીજાને વ્યક્તિ તરીકે તો પસંદ કરતાં જ હતા, હવે વૈચારિક રીતે પણ સુમેળ જામી ગયો એટલે સગાઇ બાબતે હવે કોઇ અવરોધ રહ્યો નહીં. જોકે સગાઇ નક્કી થઇ એ પહેલા મને જોવા માટે પણ સાસરિયાવાળા એક વાર આવી ગયા હતા. અલબત્ત, મારા સાસરા કે સાળાના મનમાં કોઇ શંકા નહોતી, પરંતુ મનોરમાના બનેવી હરીરામભાઇ જરા ચોકસાઇભર્યા સ્વભાવના હતા. એમને લાગ્યું કે સગાઇનું નક્કી કરતાં પહેલા મારે છોકરાને જોવો છે. હરીરામભાઇ તથા બીજા કેટલાક સજ્જનો ત્યારે મારી નાગદેવીની ઓફિસમાં મને મળવા આવ્યા હતા. ૧૯૬૮માં મેં મારી પોતાની કંપની ‘સ્પેર રાઇટ વર્ક્સ’ શરૂ કરી હતી. મારી ઓફિસ બહુ નાની હતી. મને હમેશાં ઓફિસ, ટેબલ ખુરસી વગેરે વ્યવસ્થિત રાખવાની ટેવ. આ ઉપરાંત તેઓ આવ્યા ત્યારે મારી બાજુની કેબિન પણ ખાલી હતી એટલે એકંદરે મારી ઓફિસ વધુ મોભાદાર લાગી. ઔપચારિક વાતચીત થઇ અને હું પરીક્ષામાં પાસ થઇ ગયો. સગાઇનું નક્કી થઇ ગયું. એ સમયે મારા પ્રિય એક્ટર રાજ કપૂર હતા અને રાજ કપૂર એક ગ્રેટ શો મેન હતા એમનું અનુકરણ કરીને હું પણ થોડી શોમેનશીપ કરી લેતો.



**લગ્નપૂર્વેની સંગીત સંધ્યામાં અમે બંને દિલથી નાચ્યા**



## પ્રણયની મહેકઃ એકમેકને ગમતાં રહીએ

અમારી સગાઇ છ આઠ મહિના સુધી રહી અને પછી લગ્ન થયા. લગ્નોત્સુક યુવાન યુવતી માટે સગાઇ અને લગ્ન વચ્ચેનો ગાળો સૌથી વધુ રોમેન્ટીક હોય. એકબીજાને મળવાનું રોજ મન થાય, પરંતુ અમારા માટે કેટલીક મર્યાદાઓ હતી. એક તો મારો નવો ધંધો શરૂ થયો હતો એટલે મારી પાસે સમય મર્યાદિત રહેતો. બીજું, મનોરમા પૂણે રહે એટલે મળવા માટે મારે પૂણે જવું પડે અથવા એણે મુંબઇ આવવું પડે. મુલાકાતના પર્યાય તરીકે અમે ટેલિફોન ઉપર લગભગ દરરોજ વાત કરી લેતા. અમારા ઘરે ફોન હતો, પરંતુ મનોરમાને ઘરે ફોન નહોતો. એમને પડોસીનો કેર ઓફ નંબર વાપરવો પડતો. આમ છતાં અમારી વાતચીત નિયમિતપણે થતી. જીવનના એ તબક્કાના અરમાનો અને મધુર ભવિષ્યની કલ્પનાઓનું વિશ્વ જ કંઇક અલગ હોય છે.



જોકે અમારી મુલાકાતો પણ સારા એવા પ્રમાણમાં થતી. મનોરમા ડેક્કન ક્વીન ટ્રેનમાં બેસીને પૂણે-મુંબઇ વચ્ચે આવજા કરતાં. વહેલી સવારે ઉપડતી ડેક્કન ક્વીન બપોરે મુંબઇ પહોંચતી ત્યારે હું એમને લેવા માટે દાદર અથવા વીટી જતો. મનોરમાના સિસ્ટર કાશીબહેન હરીરામ ચંદન ત્યારે મુલુંડ રહેતા. આ ઉપરાંત, રતનશીભાઇ વિક્રોલીમાં રહેતા. મનોરમા એમને ત્યાં ઊતરતા અને પછી ત્યાંથી અમે બહાર ફરવા જતાં. ક્યારેક અમે આખો દિવસ ફરતા રહેતા.

મનોરમાને કોઇ વાતનો વિશેષ શોખ નહોતો, છતાં મુંબઇ નગરી એટલે મુંબઇ નગરી. એનું એક આકર્ષણ તો હોય જ અને હું મુંબઇનો ભોમિયો હતો. મેં એમને મુંબઇના મન ભરીને દર્શન કરાવ્યા. ગિરગામની ચોપાટી, શિવાજી પાર્ક વગેરે અમારા ફેવરીટ સ્થળો હતા ફરવા માટેના. મારી ઓફિસ નાગદેવીમાં હતી અને ત્યાંની બાદશાહ કોલ્ડ ડ્રિન્કસની દુકાન બહુ જ ફેમસ હતી. ત્યાંનો ફાલુદા ખૂબ વખણાતો. અમે



# પ્રણયની મહેક



અવારનવાર બાદશાહ કોલ્ડ ડ્રીન્કસની મુલાકાત લેતા.

હુ લાયન્સ ક્લબ સાથે સંકળાયેલો હોવાથી શહેરની બધી જ મોટી હોટલોની જાણકારી ધરાવતો હતો. હું અને મનોરમા તાજ મહાલથી માંડીને સન એન્ડ સેન્ડ સુધીની તમામ ફાઇવ સ્ટાર હોટલમાં ફર્યા હતા. લાયન્સ ક્લબ સાથે સંકળાયેલો હોવાથી અસંખ્ય લોકો મને ઓળખતા હતા અને અમે જ્યારે પણ હોટલમાં જઇએ ત્યારે મને કોઇને કોઇ ઓળખીતું મળી જતું. મનોરમાને મારા વ્યક્તિત્વનાં આ પાસાંનો પરિચય નહોતો. એક મજાનો પ્રસંગ બન્યો ત્યારે અમને બહુ રમૂજ થઇ હતી.

મુંબઇમાં ફરવા ઉપરાંત અમે સાથે સિનેમા જોવા પણ અવારનવાર જતા. એ દિવસે બપોરના ત્રણના શોમાં અમે રિગલ થિયેટરમાં ફિલ્મ જોવા ગયા હતા. એ ફિલ્મ હતી રાજ કપૂર અને સુરૈયાની ‘દાસ્તાન.’ લાયન્સના હોદ્દેદાર તરીકે હું અનેક લોકોના પરિચયમાં આવતો, જેમાં અમુક બહેનો પણ હતી. રિગલ થિયેટરમાં હું અને મનોરમા એક ખૂણામાં ઊભા હતા ત્યારે મને ઓળખતી બેત્રણ બહેનો ત્યાં મળી ગઇ. અમને જોઇને તરત જ તેઓ અમારી પાસે આવી અને મારી સાથે વાતચીત કરવા લાગી. મનોરમાને કદાચ નવાઇ લાગી હશે, પરંતુ એ કંઇ ન બોલ્યા. પછી પેલી સ્ત્રીઓએ હસતાં હસતાં કહ્યું કે તમારા ફ્રેન્ડ સાથે અમારો પરીચય તો કરાવો. મેં ખુલાસો કરતાં કહ્યું કે આ મારા ફિયોન્સી છે. એમની સાથે મારા લગ્ન થવાના છે.

મનોરમા સાથે ફરવા જતો ત્યારે ઘણી વાર રસપ્રદ પ્રસંગો બનતા. એક વાર અમે ફિલ્મ જોવાનો પ્રોગ્રામ બનાવ્યો. સવારે ગુલાલવાડી ખાતેના સત્યનારાયણ મંદિરના દર્શન કરવા ગયા અને ત્યાંથી પછી ફિલ્મ જોવા ગયા. ફિલ્મ ઓપેરા હાઉસમાં હતી. અમે થિયેટર પર પહોંચ્યા અને નિરાશ થઇ ગયા, કારણ કે બાલ્કનીની બધી જ ટિકિટો ખતમ થઇ ગઇ હતી. અપર સ્ટોલમાં પણ કોઇ ચાન્સ નહોતો. ફક્ત લોઅર સ્ટોલમાં એટલે કે એકદમ





આગળના બાંકડા પર બેસીને ફિલ્મ જોઇ શકાય એવી શક્યતા બચી હતી, પરંતુ મનોરમાની સાથે બાંકડા પર બેસીને ફિલ્મ કેવી રીતે જોવાય. હું મૂંઝાયો. મનોરમાએ પૂછ્યું તો મેં સાચી વાત કરી. મારા આશ્ચર્ય વચ્ચે મનોરમાએ બાંકડા પર બેસીને ફિલ્મ જોવાની હા પાડી. એને વાંધો નહોતો. એ સમય એવો હતો, જ્યારે ફિલ્મ જોવાનો મૂડ થાય તો પછી એ જોવી જ પડતી. ફિલ્મ જોવાનો પ્રોગ્રામ કેન્સલ થઇ જાય તો મૂડ ખરાબ થઇ જાય. અમે બંને આખરે ઓપેરા હાઉસના લોઅર સ્ટોલના બાંકડા પર ગોઠવાયા. એક તરફ ફિલ્મ જોવાની હોંશ હતી અને બીજી તરફ શરમ અનુભવાતી હતી. એવો પણ વિચાર આવતો કે કોઇ આપણને લોઅર સ્ટોલમાં જોઇ જાય તો શું થાય. અને ખરેખર એવુ જ બન્યું. મને ઓળખતા હોય એવા માણસો મુંબઇના કોઇ પણ ખૂણે મળી જાય. મારા એક મિત્રે અચાનક મને દૂરથી બૂમ પાડી અને હું ચમક્યો. એમણે નજીક આવીને મને આ વિશે પૂછ્યું એટલે મેં સાચી પરિસ્થિતિ જણાવી. તરત જ એ અમને બંનેના પાછળની સીટ પર લઇ ગયા. સદ્દનસીબે આખી ફિલ્મ અમારે લોઅર સ્ટોલના બાંકડા પર બેસીને જોવી ન પડી.

જોકે ફિલ્મ જોવા માટે લોઅર સ્ટોલના બાંકડા પર બેસવું પડે એવી સ્થિતિ મોટે ભાગે તો આવતી નહોતી, કારણ કે હું કાળાબજારમાં ટિકિટ લેવામાં નિપૂણ હતો. આટલી આટલી ફિલ્મો જોઇ, પણ કોઇ દિવસ ફિલ્મ જોયા વિના, હતાશ થઇને પાછું નથી ફરવું પડ્યું. ફિલ્મ જોવી એટલે જોવી એવી જિદ્દ હતી. એ માટે કંઇ પણ કરવાની તૈયારી રહેતી અને વધુ પૈસા ખર્ચવાની પણ તૈયારી રહેતી.

મનોરમા સાથે ફિલ્મ જોવા જતો ત્યારે તો ફક્ત બે ટિકિટની વ્યવસ્થા કરવાની રહેતી અને એમાં ઓછી તકલીફ પડતી, પરંતુ બાળકોને લઇને ફિલ્મ જોવા જતો ત્યારે વધુ ટિકિટોની વ્યવસ્થા કરવી પડતી અને ત્યારે થોડી માથાકૂટ થતી. જોકે મારા માટે આ કામ કોઇ મુશ્કેલ નહોતું. જયસિંહ ભાઇના બાળકો જિજ્ઞા, ચૈતાલી અને રાહુલ તેમ જ મારી દીકરી દર્શનાને પણ હું અવારનવાર ફરવા બહાર લઇ જતો. ખાસ તો શનિવારે હું વહેલો આવું ત્યારે બાળકો ખુશ થઇ જતાં, કારણ કે હું એમને બહાર





ગાર્ડન સિટી મૈસૂરની મુલાકાતે ગયા ત્યારની તસવીર

# યાદોં



કાશ્મીર ફરવા ગયા હતા ત્યારની યાદોં

ફરવા લઇ જતો અને ખૂબ મજા કરાવતો. એ સમયે મારી પાસે કાર હતી. મારી કારને આવતા જોઇને જ ચૈતાલી બૂમો પાડવા માંડતી કે 'કાકા આવ્યા કાકા આવ્યા.'

બાળકોને લઇને હું મોટે ભાગે માટુંગાના બાદલ, બીજલી અને બરખા નામના બાજુબાજુમાં આવેલા ત્રણ થિયેટરોમાં ફિલ્મ જોવા લઇ જતો. એ સમયે પણ ફિલ્મોની ટિકિટ મળવાનું મુશ્કેલ તો હતું જ. એમાંય અમારે પાંચ- છ ટિકિટો લેવાની હોય. એ ટેન્શન દૂર કરવા માટે મેં એક વ્યવસ્થા કરી રાખી હતી. મારા એક ફ્રેન્ડે મને બાદલ થિયેટરની સામેના એક પાનવાળા સાથે ઓળખાણ કરાવી હતી. આ પાનવાળો બ્લેકમાં ટિકિટ વેંચતો હતો અને ફક્ત ઓળખીતા લોકો સાથે જ વાત કરતો. ટિકિટ વેંચવાની એની સ્ટાઇલ પણ અલગ હતી. ટિકિટ અને ભાવ બાબતે વાતચીત થયા પછી હું એક માચીસમાં પૈસા રાખીને માચીસ એને આપતો અને એ માચીસમાંથી પૈસા કાઢીને ટિકિટ મૂકીને મને પાછું આપતો. બ્લેકમાં ફિલ્મની ટિકિટો ખરીદવાની આવી જ વ્યવસ્થા મેં સત્યમ, શિવમ અને સુંદરમ થિયેટર પાસે પણ કરી રાખી હતી.





વિખ્યાત નાયગ્રા ફોલની મુલાકાત

મનોરમા સાથે આખું મુંબઇ ફર્યો અને કુંવારા ખૂબ મજા કરી. આખરે ઇંતજારનો અંત આવ્યો અને મારા લગ્નનો દિવસ આવી પહોંચ્યો. પૂણેની મહાજન વાડીમાં લગ્નનું આયોજન થયું હતું. મુંબઇથી અમે એક બસ કરીને પૂણે પહોંચ્યા. લગ્નના આગલા દિવસે દાંડિયા રાસનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. વિધિવત લગ્ન થયા અને પછી અમે મુંબઇ પાછા ફર્યા. લગ્ન પછી પણ હું અને મનોરમા મુંબઇમાં ફરવા જતા અને ફિલ્મો જોતાં, પરંતુ ધીમે ધીમે મોટા, સંયુક્ત પરિવારમાં મનોરમા વ્યસ્ત થઇ ગયા. પછી તો મારો ધંધો પણ ખૂબ વધી ગયો હતો એટલે હુંય ખૂબ વ્યસ્ત થઇ ગયો હતો.

મનોરમા ભણેલા છે અને ટીચર હતા, છતાં એક ગૃહિણીની ભૂમિકામાં તેઓ બરોબર રંગાઇ ગયા હતા. બાઇની તબિયત સારી નસરસી રહેતી હોવાથી મનોરમાના માથાં પરની જવાબદારીઓ પણ થોડી વધી હતી. એકંદરે અમારું સાંસારિક જીવન સંતોષકારક રીતે ચાલી રહ્યું હતું.

લગ્ન પછીની મારા જીવનની સૌથી મોટી ઘટના મારી દીકરી દર્શનાના જન્મની હતી. પ્રથા મુજબ સુવાવડ માટે મનોરમાએ પૂણે જવાનું હતું. જન્મ પહેલાના થોડા દિવસો હું બહુ વ્યાકૂળ રહ્યો હતો અને શુભ સમાચારની રાહ દરરોજ જોતો હતો. આખરે એ ન્યૂઝ મળી ગયા. મારી ખુશીનો પાર ન રહ્યો. હકીકતમાં આવનારા બાળકની ખુશી મેં અગાઉથી મનાવી લીધી હતી. એ નિમિત્તે મેં મારા જીવનની પહેલી કાર ખરીદવાનો નિર્ણય પણ કર્યો હતો.

૧૯૭૮ના ડિસેમ્બરમાં મેં ફિયાટ કાર બૂક કરાવી હતી અને એ પહેલા જ ડ્રાઇવિંગ શીખી ગયો હતો. ૧૯૭૯ની પહેલી જાન્યુઆરીએ મને મારી પહેલી કારની ડિલિવરી મળી અને છઠ્ઠી જાન્યુઆરીએ દીકરીના જન્મના શુભ સમાચાર મળ્યા.

પુત્રીના જન્મના સમાચાર મળતાં જ વધામણા માટે હું અને બાઇ ટેક્સી કરીને પૂણે પહોંચ્યા. જન્મ પછીના છઠ્ઠી, નામકરણ વગેરે જેવા કેટલાક વિધિ પણ પૂણેમાં જ થયા. બાઇ એકદમ સીધા અને સરળ વ્યક્તિ હતા. એમણે કહ્યું કે હીરાની દીકરીના મને દર્શન થયાં એટલે દીકરીનું નામ દર્શના. આ રીતે મારી પુત્રીનું નામ પડ્યું દર્શના.





દર્શનાના બર્થ ડે સેલિબ્રેશનનો પ્રસંગ



લાડકી દર્શના



## દર્શનાનો જન્મ:
## જીવનમાં નવી ખુશીઓ આવી

દર્શનાને એના મમ્મી પપ્પાના જ નહીં, સમગ્ર પરિવારના લાડ પ્યાર મળ્યા. દર્શના પહેલેથી ટોકેટિવ છે. એને સતત બોલવા જોઇએ. જે કોઇ દર્શનાને મળતા એને 'ટોકેટિવ ડોલ' કહેતા. દીકરી મોટી થવા માંડી. કેજીમાંથી સ્કૂલમાં આવી ગઇ. એ સમયે ભાઇના બાળકો દાદર પારસી સ્કૂલમાં ભણતા હતા અને એ સ્કૂલ પ્રમાણમાં પ્રતિષ્ઠિત ગણાતી. દર્શનાના એડમિશન માટે થોડી સમસ્યા હતી, પરંતુ લાયન્સ ક્લબની ઓળખાણો કામ લાગી. એ સમયે અમારા વિસ્તારમાં રૂસ્તમ તિરંદાઝ નામના એક આખાબોલા અને તોફાની સ્વભાવના રાજકારણી બહુ સક્રિય હતા. દાદર પારસી સ્કૂલમાં એમનો પ્રભાવ સારો એવો હતો. એમણે મને એડમિશન તો અપાવ્યું, પરંતુ સ્કૂલ માટે પ્રેમથી પૈસા પણ માંગી લીધા, જે હું રાજીખુશીથી આપવા તૈયાર હતો.

દાદર પારસી સ્કૂલમાં દર્શના સાતમા ધોરણ સુધી ભણી. ત્યાર પછી અમે અંધેરી રહેવા ચાલ્યા ગયા હતા એટલે આઠમા ધોરણથી એસએસસી માટે અંધેરીની કોઇ સ્કૂલમાં એડમિશન લેવું પડે એમ હતું. એ સમયે લેડી વસનજી હાઇસ્કૂલ પ્રતિષ્ઠિત ગણાતી અને મેં દર્શનાનું એડમિશન ત્યાં લેવાનું નક્કી કર્યું. જોકે આ સ્કૂલમાં એડમિશન મેળવવા માટેના ધારાધોરણો અતિશય કડક હતા. સ્કૂલના પ્રિન્સિપાલ પણ એવા જ સિદ્ધાન્તવાદી અને કડક હતા.

દર્શનાનું એડમિશન લેવા માટે હું ગયો અને વડાલાથી અંધેરી અમે શિફ્ટ થવા વિશે પ્રિન્સિપાલને વાત કરી. પ્રિન્સિપાલે વાત સાંભળી અને પછી સ્પષ્ટપણે કહી દીધું કે એડમિશન નહીં મળે. મેં બહુ વિનવણી કરી, પરોક્ષ રીતે ડોનેશન આપવાની ઓફર કરી, પરંતુ પ્રિન્સિપાલ ટસના મસ થતા નહોતા. છેવટે મેં મારું આખરી શસ્ત્ર વાપર્યું અને એક બ્લેન્ક ચેક પ્રિન્સિપાલને ધરી દીધો. ડોનેશનની એમાઉન્ટ તમારે જે ભરવી હોય એ ભરી દો. આમ છતાં એ પ્રિન્સિપાલનો નિર્ણય ન બદલાયો. એમણે મને અંધેરીની બીજે બેત્રણ સ્કૂલોના નામ આપ્યા અને ત્યાં ટ્રાય કરવાનું કહ્યું. હું નિરાશ થઇ ગયો.

મારી ઓળખાણ કે પૈસા ખર્ચવાની તૈયારી હોવા છતાં કામ ન થાય એવું પહેલી વાર બની રહ્યું



# લાડકી

## દર્શના પહેલેથી બાઈની લાડકી હતી

હતું. એ પછીના દિવસે હું ગોલ્ડ સ્પોટ કંપનીમાં કોઇક કામસર ગયો હતો. કંપની સાથે મારે ધંધો પણ હતો અને કંપનીના બધા જ કર્મચારીઓ સાથે મારે ઓળખાણ પણ હતી. ત્યારે કંપનીમાં રિસેપ્શનિસ્ટ તરીકે કામ કરતી કમલ મારી જૂની દોસ્ત હતી. એણે મને પૂછ્યું કે 'કેમ મૂડ ખરાબ છે?' મેં એડમિશનની સમસ્યા વિશે એણે કહ્યું તો કમલ બોલી કે 'અરે, એ સ્કૂલની પ્રિન્સિપાલ તો મારી ખાસ ફ્રેન્ડ છે.'હું ખુશીથી ઉછળી પડ્યો. મેં કહ્યું કે 'તો પછી મને દર્શના માટે ત્યાં એડમિશન અપાવ.'કમલે કહ્યું કે 'હું ટ્રાય કરીશ.'મેં કહ્યું કે 'પછી નહીં, આજે જ મારી સાથે ચાલ.'તરત જ મેં કમલના બોસને વાત કરી.

# એક ની એક

## અમે બે અને અમારી એક ની એક: કૌટુંબિક જીવનનો સંતોષ

# સંતોષ



એમને કહ્યું કે કમલને લઇને હું બહાર જાઉં છું, ફરવા માટે નહીં, પણ મારા કામ માટે લઇ જાઉં છું. પરમિશન મળી ગઇ. હું અને કમલ સ્કૂલમાં પહોંચ્યા. બંને ફ્રેન્ડસ એકબીજાને મળીને ખુશ થઇ ગઇ. કમલે મારી સમસ્યા વિશે વાત કરી અને ચમત્કાર થઇ ગયો. તરત જ પ્રિન્સિપાલે એડમિશન ઓકે કરી દીધું.

પછીથી મને ખબર પડી કે એ વખતે ફક્ત બે જ છોકરીઓને એ સ્કૂલમાં એડમિશન મળ્યું હતું. એક દર્શના અને બીજી કોઇ એનઆરઆઇ પરિવારની છોકરી હતી. એ દિવસે મને જીવનનો એક નવો પાઠ શીખવા મળ્યો કે દર વખતે પૈસાથી જ કામ નથી થતું, ક્યારેક ઓળખાણ તો ક્યારેક સાચવેલો સંબંધ બહુ મોટી ભૂમિકા ભજવે છે. જે કામ એક બ્લેન્ક ચેકથી ન થઇ શક્યું એ કામ ફક્ત એક ફ્રેન્ડશીપે કરી આપ્યું. મારા માથા પરનું એક મોટું ટેન્શન ગયું.

પરિવારના સભ્યો મોટા થતાં ગયા એમ શુભ પ્રસંગો પણ આવતા ગયા. જયસિંહભાઇના લગ્ન મુલુંડનિવાસી રૂકમણીબહેન સાથે થયા. લગ્ન મહાજન વાડીમાં યોજાયા હતા, પરંતુ એ સમયે કોઇક સમસ્યા





હવાફેર માટે હિલ સ્ટેશને અવારનવાર જવાનું બનતું

હતી એટલે સત્તાવાર રીતે લગ્નમાં જમણવાર કરવા પર મનાઇ હુકમ હતો. સામૂહિક જમણ પર પ્રતિબંધ હતો. આવી સ્થિતિમાં અમે વેવાઇ શ્રી વિશ્રામ માવજી ભલ્લા સાથે મળીને એક આઇડીયા કર્યો હતો. મુંલુંડની વિશ્વ ભારતી હોટલમાં અમે જમવાની દોઢસો બસ્સો કૂપનો ખરીદી લીધી અને પછી જાનૈયાઓને એ કૂપન આપી દીધી. આ રીતે અમે બિનસત્તાવાર રીતે જમણવાર કરી જ નાંખ્યો. લગ્નનો પ્રસંગ હોય અને જમણવાર કર્યા વિના કેમ ચાલે?

વડાલાની રૂમ ઉપરાંત અમે ટુ બેડરૂમનો એક ફ્લેટ પણ રાખ્યો હતો. જગ્યા ભલે બે હતી, પરંતુ અમારું ઘર એક જ હતું. આથી કિચન એક જ હતું, ફક્ત રાત્રે સૂવા થોડી અલગ વ્યવસ્થા કરી હતી. સંયુક્ત પરિવારની ભાવના પણ જળવાઇ રહે અને સૌની સગવડતા પણ સચવાઇ જાય એવી વ્યવસ્થા અમે ગોઠવી હતી.



# સાથ

## પળેપળનો સાથ અને સંગાથ

# સંગાથ

## દર્શના મોટી થઈને સ્વતંત્ર બની : મારા પગલે પગલે આગળ વધી





વડાલાના રહેવાસ દરમિયાન એક દુ:ખદ ઘટના પણ બની હતી. શંકરભાઇને નોકરીમાં તકલીફ ઊભી થઇ. પગાર મળવામાં અનિયમીતતા થઇ અને એવો અણસાર આવી ગયો કે હવે આ નોકરી ટકી શકે એમ નથી. આથી શંકરભાઇ કલિકટ શિફ્ટ થઇ ગયા, વિજયભાઇની સાથે જોડાવા માટે. કલિકટમાં શંકરભાઇ સ્થાયી તો થઇ ગયા, પરંતુ થોડા જ સમયમાં એમને એક મોટી બિમારી થઇ. હું એ દરમિયાન કલિકટ ગયો હતો અને મને એમની બિમારી વિશેની ખબર પડી. મને એ હકીકતની જાણ થઇ કે એમને કેન્સર થયું છે. ત્યારે મેં મારાથી શક્ય હતી એટલી એમને મદદ કરી અને એમના દીકરા અજીતને મેં કહ્યું કે શંકરભાઇને મુંબઇ મોકલો. ત્યાં એમની વધુ સારી સારવાર થશે. વિજયભાઇએ પણ શંકરભાઇના પરિવારને આ બાબતે સમજાવ્યા અને સારવાર માટે મુંબઇ આવવા તૈયાર કર્યા અને દરેક રીતે એમણે મદદ કરી.

થોડા સમય પછી શંકરભાઇ અને ભાભી મુંબઇ આવ્યા. વડાલામાં જયસિંહભાઇ તથા એમના પરિવારે શંકરભાઇ તથા ભાભીની ખૂબ કાળજી રાખી. એમની સારવાર માટે અમે સૌએ ખૂબ પ્રયાસો કર્યા. મેં પણ મારી રીતે તન, મન, ધનથી શંકરભાઇને સાજા કરવા માટેના પ્રયાસ કર્યા,પરંતુ કેન્સર સામે શંકરભાઇ હારી ગયા. પાંચ ભાઇઓમાંના એક ભાઇ મેં ગુમાવ્યા. પિતા સમાન મોટાભાઇ ગુમાવ્યા. જીવનનું ચક્ર તો ફરતું જ રહે છે. નાના મોટા મુકામ પર થંભી જવાનું અને પછી મંઝિલ તરફ સતત આગળ વધતા રહેવાનું નામ તો જિંદગી છે. અમે સૌ પોતપોતાની જિંદગીમાં વ્યસ્ત હતા અને આગળ વધી રહ્યા હતા. હું અંધેરી શિફ્ટ થયો એ પછી મારી જિંદગીનો એક નવો તબક્કો શરૂ થયો.




**માથેરાન જતાં ત્યારે ટાબરિયાંઓને પણ સાથે લઈ જતા**



# મધ્યાહ્ન સફળતા

અંધેરી: જીવનનો મધ્યાહ્ન અને સફળતાના સોપાન



# મધ્યાહ્ન સફળતા

## પ્રકરણ ૬

વડાલાની લાઇફ તો અલગ જ હતી. એ મજા, એ મસ્તી અને એ આનંદમસ્તી ક્યારેય નહીં ભૂલાય. વડાલા છોડીને હું અંધેરી ગયો ત્યારે મારી લાઇફ સ્ટાઇલ સાવ બદલાઇ જવાની હતી. સંયુકત કુટુંબમાંથી એક વિભક્ત કુટુંબ તરીકે નવી જિંદગી શરૂ કરવાની હતી. એક રોમાંચ હતો અને એ સાથે જ એક અજાણ્યો ડર પણ હતો. લગ્નના આટલા વર્ષ પછી જાણે નવેસરથી ઘર માંડતા હોય એવો એ અનુભવ હતો, કારણ કે વડાલાના ઘરમાંથી મેં મારા ઘર માટે એક પણ ચીજ લીધી નહોતી. બધુ જ નવું વસાવ્યું.

અંધેરી કુર્લા રોડ પરના ચંદન નિવાસ બિલ્ડિંગના એ ફ્લેટની સાથે પણ મારી બિઝનેસ સૂઝની એક કહાણી સંકળાયેલી છે. હકીકતમાં એ બિલ્ડિંગ મારા કોન્ટ્રેક્ટર મિત્રો મધુભાઇ અને મદનભાઇ રિડેવલપ કરી રહ્યા હતા. આર્કિટેક્ટ ડી. એમ. શાહ હતા. નવું બિલ્ડિંગ બનાવવા માટે શરૂઆતમાં કોન્ટ્રેક્ટરો પાસે પૂરતું ભંડોળ નહોતું એટલે ઇન્વેસ્ટરોને તેઓ શોધી રહ્યા હતા. મને ઇન્વેસ્ટમેન્ટની આ સારી તક લાગી. આથી મેં ત્રણ ફ્લેટ્સ બૂક કરાવ્યા અને એના બદલામાં સસ્તો ભાવ નક્કી કરાવ્યો. બિલ્ડિંગ બની ગયા પછી મેં બે ફ્લેટ્સ ત્યારના ભાવે વેંચી દીધા અને આખરે મારો બે બેડરૂમ હોલ કીચનનો ફ્લેટ મને સાવ મફતમાં પડ્યો. મારી આ સૂઝ જોઇને મારા મિત્રોએ ટકોર કરી હતી કે આ હીરાલાલ તો જૂઓ, કેવા શાણા છે. મફતમાં ફ્લેટ લઇ લીધો. ત્યારે અમારા સોલિસિટર શ્રી શરદ ચિટણીસે કહ્યું કે મફતમાં ફ્લેટ લેવા માટે એમણે આટલા બધા રૂપિયાનું ઇન્વેસ્ટમેન્ટ કર્યું એની કોઇ વેલ્યું નહીં?



અંધેરીમાં પોતાનું ઘર અને સ્વતંત્ર કુટુંબ જીવનનો પ્રારંભ

# શુભ મંગલ



**શુભ મંગલ ગૃહ પ્રવેશ**

ફ્લેટ લીધા પછી એમાં ઇન્ટિરિયર પણ થયું અને એમાં ઘરવખરીનો સામાન પણ અમે વસાવ્યો. જેમ એક મશીન બનાવવાનું હોય અને એના એક એક પાર્ટની ચીવટથી પસંદગી કરવી પડે, ગોઠવણી કરવી પડે અને એનું સંયોજન કરવું પડે એમ મેં ઘરની પણ દરેક સગવડ, સુવિધા તથા ગોઠવણનું પૂરી ચીવટથી પ્લાનિંગ કર્યું. જાણે ઘર બનાવવા માટેનો એક એન્જિનિયર બની ગયો. ઘરમાં કઇ કઇ ચીજની જરૂર પડશે એના વિચાર કરીને આખી યાદી બનાવી અને એ પ્રમાણે ખરીદી શરૂ કરી. હું અને મનોરમા વડાલા રહેતા હતા ત્યારે અમે ઘર માટેની ચીજવસ્તુઓની ખરીદી શરૂ કરી દીધી હતી. અમુક ચીજોમાં મારી પસંદગી ફાઇનલ થતી તો અમુકમાં મનોરમા કહે એ પ્રમાણે ખરીદી કરતાં. કચ્છી લોકોમાં એમ કહેવાય છે કે ઘરમાં તમે મહિનો દોઢ મહિનાનું ધાન્ય ભરી દો એટલે તમે રાજા. અમે પણ ઘરમાં ખાવાપીવાની પૂરતી ચીજો ભરી દીધી.





**અંધેરીમાં વ્યસ્તતા ઘણી હતી, છતાં ઘર માટે પૂરતો સમય ફાળવતો**



**જીવનસાથીના સહકારને લીધે પારિવારિક જીવનની દરેક જવાબદારી નિભાવી**

ઘરમાં રહેવા જતાં પહેલા અમે ત્યાં સત્ય નારાયણની મોટી પૂજા કરાવી. નવાં ઘરમાં વાસ્તુપૂજન કરવાનું જરૂરી હતું અને એમાં સગાંસંબંધીઓ તથા મિત્રોને બોલાવવાનું જરૂરી હતી. મારે એટલા બધા લોકો સાથે સંબંધો હતા કે કોને બોલાવવા અને કોને ન બોલાવીએ તો ચાલે એ નક્કી કરવાનું મુશ્કેલ હતું. આખરે આ મારા જીવનનો બહુ મોટો પ્રસંગ હતો. સંભવિત મહેમાનોની એક કાચી યાદી બનાવી તો ૨૫૦ માણસોનો અંદાજ આવ્યો. ચંદન નિવાસની સામે જ વિશાલ' હોલ હતો,જ્યાં જમવાની વ્યવસ્થા કરવામાં આવી. વિલે પાર્લેના કપોળ કેટરર્સને રસોઇનો કોન્ટ્રેક્ટ આપ્યો. જોકે અઢી સો માણસોની યાદી ધીમે ધીમે લાંબી થતી ગઇ અને કુલ ૪૦૦ માણસોને જમવાનું આમંત્રણ આપ્યું. અને વાસ્તુના દિવસે તો ૪૫૦ માણસો થઇ ગયા. આટલો પ્રેમભાવ હતો લોકોનો. બહુ ધામધૂમથી મારો એ વાસ્તુપૂજનનો પ્રસંગ પાર પડ્યો.

હકીકતમાં એ પ્રસંગ માટે મારે મારા નામના બેનર્સ પણ બનાવવા પડ્યા હતા. વાસ્તુપૂજન માટે લોકો વિવિધ સ્થળોએથી અહીં આવવાના હતા અને આ મારું નવું ઘર હતું એટલે એ સૌને સરળતાથી ન મળે એવી પૂરી શક્યતા હતી. આથી મેં સ્ટેશનથી ચંદન નિવાસ બિલ્ડીંગ સુધી કેટલાક બેનર્સ લગાવ્યા હતા, જેમાં 'હીરાલાલ મૃગ વેલકમ્સ યુ' ના લખાણ સાથે મારા ઘર તરફનો રસ્તો એરો બતાવીને દર્શાવ્યો હતો.



**પરંપરા મુજબ નવા ઘરમાં હોમ હવન અને સત્યનારાયણની પૂજા કરવામાં આવી હતી**

અંધેરીમાં રહેવા આવ્યા પછી જિંદગી ઘણી રીતે બદલાઇ ગઇ. ખાસ તો મારી પાસે થોડો સમય વધુ ઉપલબ્ધ થયો. વડાલા હતો ત્યારે રોજ વડાલાથી અંધેરી જવાનું રહેતું. સવારે નવ વાગ્યે નીકળી જતો અને મોડી રાત્રે ઘરે આવતો. હવે અંધેરીમાં જ રહેવાનું હોવાથી સવારે જરા ફૂરસદનો સમય રહેતો. આથી હું દરરોજ વહેલો ફેક્ટરી પર જવા લાગ્યો. ફેક્ટરીમાં વધુ સમય વિતવા લાગ્યો. હવે મેં પાર્ટનરશીપમાં ધંધો શરૂ કર્યો હતો. ફેક્ટરી પર પહેલા ઉપરછલ્લું ધ્યાન આપતો હતો, પરંતુ હવે ફેકટરીની નાની નાની વાતો મારા ધ્યાનમાં આવવા લાગી. ફેક્ટરીના કર્મચારીઓ સાથેની વાતચીત વધી. ફેક્ટરી સંબંધિત સમસ્યાઓ મારી નજર સામે આવી. ફેક્ટરીમાં કર્મચારીઓની સમસ્યા ઊભી થાય ત્યારે માલિકોને ભારે ટેન્શન થાય. જોકે આવી સમસ્યા ઉકેલવામાં મને ફાવટ હતી અને કોને કઇ રીતે હેન્ડલ કરવા એની મને સૂઝ હતી. કામદારોને અંકુશમાં રાખવા માટે મેં એક યુનિયન લીડરને પણ મનાવી રાખ્યો હતો અને નાની સમસ્યાઓને મોટી થવા જ નહોતો દેતો. જોકે હું રોજબરોજના વહીવટની કામગીરીમાં વધુ ઇન્વોલ્વ નહોતો થતો. પછી એક સમય આવ્યો, જ્યારે મારે આ બાબતમાં ઝૂકાવવું પડ્યું. કર્મચારીઓની સમસ્યાથી છૂટકારો મેળવવા માટે મેં એક બીજી જગ્યાએ, નવી ફેક્ટરી શરૂ કરવાનો નિર્ણય લીધો. સ્પેર રાઇટ વર્ક્સ અને રોલ્સ બોલ્સ સિવાય મેં સેટવેલ નામની ત્રીજી કંપની શરૂ કરી. અલબત્ત, એ પણ ભાગીદારીમાં જ હતી, પરંતુ એની ફેક્ટરી મેં મારી મરજીથી ચલાવવાનો નિર્ણય લીધો. મારે મૂળ તો કામદારોની સમસ્યાનો ઉકેલ લાવીને ફેક્ટરીનું કામ સરળતાથી ચાલતું રહે એની વ્યવસ્થા કરવાની હતી.

નવી ફેક્ટરી મેં અંધેરીના મોગરાપાડા વિસ્તારમાં લીધી. આ વિસ્તાર જરા નામચીન હતો અને અમુક પ્રકારના તત્વોની ત્યાં ધાક હતી. ત્યાં આમીરભાઇ નામના મારા એક જૂના પરિચિત રહેતા હતા અને એમની પાસે હજારેક ફૂટની એક જગ્યા હતી. એ જગ્યા મેં ભાડે લેવાનું નક્કી કર્યું હતું. આમીરભાઇ પણ એ વિસ્તારના ખમતીધર માણસ હતા અને એમનીય બધે પહોંચ હતી. એમની જગ્યા પર ફેક્ટરી શરૂ કરીશ તો મને બીજી કોઇ તકલીફ નહીં પડે એની મને ખાતરી હતી. મારે જે જગ્યા ભાડે લેવાની હતી એ એમણે કોઇને ભાડે આપી જ હતી, પરંતુ હું પૈસા ખર્ચવા તૈયાર હતો. મારી સાથેની વાતચીત પછી આમીરભાઇએ એ જગ્યા રાતોરાત ખાલી કરાવી આપી. જૂના ભાડુઆતને ચૂકવવાની રકમ મેં ચૂકવી આપી.

જ્યાં એક વાર જવાનો પણ ડર લાગે ત્યાં ફેક્ટરી ચલાવવાનું કામ આસાન નહોતું, છતાં હું એક વાર નિર્ણય લઉં પછી એને વળગી રહેવામાં માનું છું. જીવનમાં ક્યારેક હિંમતભર્યા પગલાં પણ ભરવા પડતા હોય છે અને આવા અનિવાર્ય સંજોગો ઊભા થાય ત્યારે કોઇએ પીછહઠ ન કરવી જોઇએ. મેં પણ એવી જ હિંમત દાખવીને મોગરાવાડામાં ફેક્ટરી શરૂ કરી. મેં દરેક મુશ્કેલીઓનો સામનો કર્યો અને ફેક્ટરીનું કામકાજ ધમધમતું રાખ્યું. સાંજ પછીના સમયે એ વિસ્તારમાં ભયનું વાતાવરણ રહેતું અને કામદારોને પગાર લઇને સલામત રીતે ઘરે પહોંચવામાં પણ ડર લાગતો. આથી હું કોઇ નિશ્ચિત તારીખને બદલે અલગ અલગ તારીખે એમને પગાર આપતો અને એ દિવસે એમને વહેલા છોડી મૂકતો. મારે પોતે પણ ક્યારેક વધુ મોટી રકમ લઇને ફેક્ટરી જવું પડે ત્યારે ખૂબ જ સાવધ રહેવું પડતું. આમીરભાઇને ફેક્ટરીની જગ્યાની ડિપોઝિટ માટે પૈસા ચૂકવવા ગયો ત્યારે મેં આવી સાવચેતી રાખી હતી, કારણ કે રકમ મોટી હતી. રસ્તામાં કંઇ

અનિચ્છનીય ન બની જાય એ માટે પૈસા હું બૂટની અંદર સંતાડીને ગયો હતો. આમીરભાઇની ઓફિસે જઇને બૂટમાંથી પૈસા કાઢ્યા તો આમીરભાઇને બહુ હસવું આવ્યું હતું. જોકે એમણે તરત જ એ વિસ્તારના માથાભારે તત્વોને મારી ઓળખાણ આપી હતી અને એ રીતે મને થોડો સલામત બનાવી દીધો હતો.

એ વિસ્તારના સ્થાનિક યુવાનો ઉત્સવો માટે ફંડફાળો પહેલી વાર તેઓ મારી પાસે આવ્યા ત્યારે મેં કહ્યું કે આમીરભાઇ જેટલા આપશે એના અડધા હું આપીશ. મારી આ ટ્રિક સારું કામ કરી ગઇ અને સ્થાનિક યુવાનો ખુશ થયા. મને યાદ છે એ સમયે એટલે કે ૧૯૯૨-૯૩માં મેં ચંદામાં અઢી સો રૂપિયા આપ્યા હતા.

દરમિયાન ફેક્ટરીમાં વર્ષો જૂના પાર્ટનર સાથે થોડા મતભેદો થવાની શરૂઆત પણ થઇ ગઇ હતી. અલબત્ત, અમે છૂટા પડ્યા ત્યાર પછી પણ અમારા વચ્ચેના સંબંધો સાવ બગડ્યા નહોતા અને આજેય અમે એકબીજા વિશે મનમાં કોઇ કડવાશ નથી રાખતા. આમ છતાં છૂટા પડવાની પ્રક્રિયા હંમેશા દુઃખદાયક હોય છે અને અમે પણ એ તકલીફમાંથી પસાર થયા હતા. આખરે વીસ વર્ષથી વધુ સમય અમારી પાર્ટનરશીપ રહી હતી.

અમારા વચ્ચે પૈસાની બાબતમાં ક્યારેય કોઇ અવિશ્વાસ પેદા થયો નહોતો અને પૈસાના કારણે સંબંધ બગડે એવી કોઇ શક્યતા નહોતી, છતાં માણસના મોઢામાંથી અનાયસે કોઇ શબ્દો સરી પડે એ ક્યારેક બહુ મોટી હલચલ મચાવી દેતા હોય છે. મારા



બાંદ્રા બેન્ડસ્ટેન્ડ પાસે પત્ની સાથે અંગત પળો



પાર્ટનર મહેન્દ્રભાઇને બે પુત્રો હતા અને મારે એક પુત્રી. ફેક્ટરીની ભવિષ્ય બાબતે અમે કોઇક ચર્ચા કરી રહ્યા હતા એ દરમિયાન મહેન્દ્રભાઇ નાથાલાલ શાહ એવું બોલ્યા કે 'તમારે શું ચિંતા છે, તમારે તો દીકરી છે, અમારે દીકરાઓ છે.' બસ. આ વાત મારા હૃદય સોંસરવી ઊતરી ગઇ અને ત્યારે મેં છૂટા પડવાનો નિર્ણય લઇ લીધો એટલું જ નહીં, ત્યાં ને ત્યાં મારો ફેંસલો પણ એમને જણાવી દીધો કે 'હવે આપણે સાથે કામ નહીં કરીએ.' મહેન્દ્રભાઇ ચોંકી ગયા. એમણે વાત વાળી લેવાની કોશિશ કરી. કદાચ ખરેખર એમના મનમાં કોઇ ખરાબ ભાવના નહીં હોય, પણ મારા માટે વાર્તાનો અંત આવી ગયો હતો. ગેમ વોઝ ઓવર.

મહેન્દ્રભાઇ સાથે મારે ઘર અને પરિવાર જેવો સંબંધ હતો. એમના ભાઇઓ સાથે મારે ઘનિષ્ટતા હતી. એમના દીકરાને એન્જિનિયર બનાવવો હતો ત્યારે હું એમને મદદરૂપ થયો હતો. વસઇની વર્તક કોલેજમાં મારી ઓળખાણને લીધે મહેન્દ્રભાઇના દીકરાને આસાનીથી ત્યાં એડમિશન મળ્યું હતું. એ સિવાય પણ અમે ઘણા સુખદ પ્રસંગો સાથે માણ્યા હતા, પરંતુ હવે ભાગીદારીના અંજળપાણી પૂરા થયા.

ગમે એટલા વર્ષોની પાક્કી પાર્ટનરશીપ હોય, પરંતુ છૂટા પડવાનો સમય આવે ત્યારે સહેજ પારકાપણું આવી જ જાય. વર્ષો સુધી જે રીતે વિચાર્યું એ રીતે વિચારવાનું શક્ય ન બને. જે વિચારો પહેલા કદી ન આવ્યા હોય એવા વિચારો આવવા લાગે. દરેક વાતે પ્રશ્ન જાગે અને અવિશ્વાસના કીડા સળવળવા લાગે.





દામજી શામજી શાહ ગ્રુપના વિરલ ચંદ્રકાન્ત શાહ સાથે

છૂટા પડવાની પ્રક્રિયા શરૂ થઇ એટલે સૌથી પહેલા તો અમે અમારી ત્રણેય ફેક્ટરીઓ તથા અન્ય અસ્ક્યામતોની કિંમત આંકવાનું શરૂ કર્યું. કેટલાક હિતેચ્છુઓ વચ્ચે પડ્યા હતા. દરેક પ્રકારની ગણતરીઓ કર્યા પછી એવો અંદાજ લગાવવામાં આવ્યો કે અમારી સહિયારી અસ્ક્યામતો કુલ લગભગ એક કરોડ રૂપિયાની છે. આથી બંને પાર્ટનરો વચ્ચે લગભગ પચાસ પચાસ લાખ રૂપિયા આવે એમ હતું. મારા ભાગના પચાસ લાખ રૂપિયા દ્વારા મારે કઇ રીતે મારો પોતાનો બિઝનેસ નવેસરથી શરૂ કરવો એનું પ્લાનિંગ મેં કરી રાખ્યું હતું. એક તરફ મારા બિલ્ડર મિત્રોએ મને ઇન્વેસ્ટ કરવા માટેના સારા સારા વિકલ્પો ઓફર કર્યા હતા અને બીજી તરફ મારી નવી એન્જિનિયરીંગ કંપની માટેની જગ્યા મેં સાકીનાકામાં લઇ રાખી હતી. મેં દરેક પ્રકારની તૈયારીઓ કરી રાખી હતી, પરંતુ ભાગીદારીમાંથી છૂટા પડવાની પ્રક્રીયા જરા અટપટી હતી અને ધાર્યા કરતાં એમાં વધુ સમય લાગ્યો, વધુ મગજમારી થઇ.

મારે આ સમસ્યાનો ઝડપી ઉકેલ લાવીને મારા નવા પ્રોજેકટમાં ઇન્વોલ્વ થઇ જવું હતું, પરંતુ સંજોગો જરા પ્રતિકૂળ બની રહ્યા હતા. સૌથી પહેલા તો મેં ઓફર કરી કે મને પચાસ લાખ રૂપિયા આપી દો, હું નીકળી જવા તૈયાર છું. એ વાત એમને મંજૂર ન લાગી એટલે મેં પિસ્તાળીસ લાખ રૂપિયા લઇને છૂટા પડવાની ઓફર કરી. આમ છતાં પાર્ટનરે પોતે પૈસા લઇને છૂટા પડવાની માંગણી કરી. એમણે સાંઇઠ લાખ માંગ્યા. ઘણી મગજમારી થઇ. ત્યાર પછી છેલ્લે બચુભાઇ શેઠ વચ્ચે આવ્યા. એ પણ અમારા કોમન ફ્રેન્ડ જ હતા.

વાટાઘાટો દરમિયાન બચુભાઇએ અચાનક એવી જાહેરાત કરી દીધી કે 'હીરાલાલ મૃગ મહેન્દ્રભાઇને પાંસઠ લાખ રૂપિયા આપીને એમને છૂટા કરશે.' આ સાંભળીને મને આઘાત લાગ્યો. મેં કહ્યું કે 'આમાં તો મને ફક્ત પાંત્રીસ લાખ રૂપિયા જ



અંધેરીના જૂના પડોશી મહેશ ગુપ્તા સાથે

મળશે.' આખરે છૂટા પડવાની ટર્મ્સ એન્ડ કન્ડિશન્સ નક્કી થઇ ગઇ. ભાગીદાર કંપનીની બધી જ અસ્ક્યામતો મારી માલિકીની થશે અને મારે મહેન્દ્રભાઇને પાંસઠ લાખ રૂપિયા ચૂકાવવાના.

ભાગીદારીમાં ભાગલાની સમજૂતિ તો થઇ ગઇ, પરંતુ એનો અમલ કરવાનું કામ સરળ નથી હોતું. ખાસ તો મારે માથાકૂટો કરીને અનેક કામો પતાવવાના હતા. સૌથી પહેલું તો મહેન્દ્રભાઇને મારે એમના ભાગના પૈસા ચૂકવવાના હતા. એડવોકેટ ભટ્ટ આ બાબતમાં વચ્ચે હતા. એમના કહેવાથી મેં વીસ ટકા રકમ એડવાન્સ ચૂકવી દીધી. ત્યાર પછી નિશ્ચિત સમયમાં બાકીના પૈસા ચૂકવવાના હતા.



**કૌશિક ઘેલાણીની ઓફિસમાં**
**તેમના પત્ની મનિષાબહેન સાથેની વિશેષ મુલાકાત**



**સુધીર પાલેજાના પરિવાર સાથેઃ બિઝનેસ નહીં, માત્ર સ્નેહ**

સૌથી પહેલા તો કામદારોને છૂટા કરીને એમનું સેટલમેન્ટનું પતાવ્યું. ત્યાર પછી બાકીના પૈસાની વ્યવસ્થા કરવાનો પ્રારંભ કર્યો. જોકે પૈસાની બાબતમાં મને ક્યારેય તકલીફ નથી પડી. ગમે એવી મોટી રકમ એકઠી કરવાની હોય તોય મારા માટે એ કામ ક્યારેય ટેન્શનવાળું નથી બન્યું. આની પાછળનું કારણ ફક્ત એ કે મેં બધા સાથે સંબંધો જાળવ્યા છે. કોઇને જરૂર પડે ત્યારે હું હંમેશાં મદદરૂપ થયો છું એટલે મારી તકલીફ વખતે બધા પડખે ઊભા રહી જાય છે. એ સમયે મારી પોતાની પાસે સારા એવા પૈસા પડ્યા હતા અને બાકીના થોડા બહારથી મેનેજ કરવાના હતા. મારા જૂના સંબંધીને મેં વાત કરી તો એક ઝાટકે એમણે પાંચ લાખ રૂપિયાની વ્યવસ્થા કરી આપી.

ભાગીદારીનું પ્રકરણ પૂરું થયા પછી મારા જીવનમાં એક નવો સૂરજ ઊગ્યો. હવે મારે સ્વતંત્ર રીતે, મારી મરજી મુજબ મારો ધંધો વિકસાવવાનો હતો. મારી નવી કંપનીનું નામ હતું સેટેલાઇટ કન્વેયર પ્રા. લિ. પહેલી જુલાઇ, ૧૯૯૩થી મારી નવી કંપનીનું કામકાજ શરૂ થઇ ગયું. બિઝનેસ હોય કે અન્ય કોઇ બાબત હું હંમેશાં હિંમત રાખીને સાહસ કરવામાં માનું છું. સામે જોખમ દેખાય ત્યારે હું એમ વિચારતો કે મારે ગુમાવવાનું શું છે? મારી પાસે તો કંઇ નહોતું અને એમાંથી જ આ બધુ પેદા કર્યું છે. જો કોઇ નુકસાન થશે તો એ પ્રોફિટમાં જ નુકસાન થશે. આ પ્રકારની વિચારસરણીને કારણે મને જીવનમાં અનેકવાર હિંમત મળી છે અને હું મોટા મોટા નિર્ણયો ઘડીના છઠ્ઠા ભાગમાં લઇ લેતો હોઉં છું.

આ દરમિયાન જયસિંહભાઇનો પરિવાર વડાલાથી અંધેરી રહેવા આવી ગયો હતો. રાહુલ પણ મોટો થઇ ગયો હતો અને એના ભણતર તથા કેરિઅર વિશેની વિચારણા ચાલતી હતી. મેં એને એન્જિનિયરીંગનું ભણવા માટે સમજાવ્યો, પણ આગ્રહ





**અંધેરીમાં ખરીદેલા સૌથી પહેલા ગાળાની**
**ફરીથી મુલાકાત લીધી ત્યારે અનેક સ્મરણો તાજાં થયા**

ન કર્યો. આખરી નિર્ણય જયસિંહભાઇ તથા રાહુલ પર છોડ્યો. આખરે રાહુલ સાચી વાત સમજ્યો અને એણે એન્જિનિયરીંગ કરવાનો નિર્ણય લીધો. વસઇની વર્તક કોલેજમાં એને એડમિશન પણ અપાવી દીધું. ભણવાનું પૂરું થઇ ગયા પછી રાહુલને પણ મેં મારી ફેક્ટરીમાં સાથે લઇ લીધો.

જયસિંહભાઇની દીકરી જિજ્ઞાના લગ્ન પણ એ સમય જ થયા. પૈસાની મારે છૂટ હતી એટલે જિજ્ઞાના લગ્ન મેં ખૂબ જ હોંશથી કર્યા. કોઇ કમી બાકી ન રહી જાય એ એવો ભભકો જિજ્ઞાના લગ્નમાં કર્યો હતો. એ દરમિયાન જયસિંહભાઇ પણ નોકરી છોડીને થોડા સમય માટે મારી સાથે જોડાયા હતા. મારા પત્ની અને જયસિંહભાઇની પાર્ટનરશીપમાં મેં એક નવી કંપની શરૂ કરી, પરંતુ એ સાહસ જામ્યું નહીં અને મેં સેટેલાઇટ કન્વેયર પ્રા. લિ. પર જ ધ્યાન કેન્દ્રિત કર્યું. મારી સ્વતંત્ર ફેક્ટરી સાથે મારો અભૂતપૂર્વ વિકાસ થયો. એ સમયે મને એટલું બધુ કામ મળતું હતું કે મારી પાસે ફૂરસદની એક મિનિટ પણ નહોતી રહેતી. ખાસ તો એ જ સમયે રમેશ ચૌહાણની કંપની થમ્સ અપ બોટલિંગનું મોટા ભાગનું કામ મને મળ્યું હતું. કોકાકોલાની મોટા ભાગની ફ્રેન્ચાઇઝિના મશીનોનું કામ હું સંભાળતો



**મિસ્ત્રી ઈન્ડસ્ટ્રીઅલ કોમ્પ્લેક્સઃ ફેક્ટરીની શરૂઆત અહીંથી કરી**



હતો. મારી કંપનીનો શીલાલેખ હતોઃ ‘બોટલ મસ્ટ મૂવ એન્ડ કીપ ધેમ મૂવિંગ.’ એ સમય દરમિયાન બિઝનેસ એક્ઝિબિશન માટે હું અનેકવાર વિદેશ પણ ગયો હતો અને ત્યાંથી નવું શીખીને મારી ફેક્ટરીમાં એ કારીગરીને કામ લગાડતો. એ મારો જાહોજલાલીનો સમય હતો. નામ પણ થયું અને દામ પણ મળ્યા. ૧૯૯૭માં મને સરકાર તરફથી ‘ઉદ્યોગ રત્ન’ એવોર્ડ પણ મળ્યો. ૨૦૦૬ સુધી અંધેરીમાં મારો ધંધો વિકસતો રહ્યો. દિવસો દિવસ મારી પ્રગતિ થતી રહી. ૨૦૦૬-૦૭ સુધી મારો ગ્રાફ ઉપર ચડતો રહ્યો. હું દરેક રીતે તરક્કી કરી રહ્યો હતો. અને પછી એ ક્રમ બદલવાનો સમય પણ આવી ગયો. હવે મારે એક વધુ મોટો જમ્પ મારવાનો હતો. ખરેખર તો હવે મારા માટે બિઝનેસમેનમાંથી એક ઉદ્યોગપતિ બનવાનો સમય આવી ગયો હતો.

સેટેલાઇટની જમાવટ બરોબર થઇ હતી. કામકાજ જોરમાં ચાલી રહ્યું હતું. જે પ્રમાણમાં કામ મળતું હતું એ કામ ફક્ત એક યુનિટમાં થઇ શકે એમ નહોતું એટલે બીજી બે જગ્યાઓ ખરીદી હતી. એનાથી પણ પૂરું ન થયું એટલે બીજી બે જગ્યાઓ ભાડાં પર રાખી હતી. ધંધાનું કામકાજ ખૂબ જ વધી રહ્યું હતું. આવક સારી એવી થઇ રહી હતી. સામાન્ય બિઝનેસમેન મોટે ભાગે ધંધો વધારવાની પેરવીમાં રહેતો હોય છે, પરંતુ એક શાણા બિઝનેસમેનની વિચારવાની રીત અલગ હોય છે. મને લાગ્યું કે આ તબક્કે બિઝનેસ વધારવા કરતાં બિઝનેસને એકસૂત્રતાથી બાંધવાની જરૂર વધુ છે.

મારું કામકાજ બહુ જોરમાં ચાલી રહ્યું હતું, પરંતુ મારા મેન્યુફેક્ચરિંગ યુનિટો અલગ અલગ જગ્યાએ પથરાયેલા હતા. દરેક જગ્યાએ અલગ માણસો કામ કરતાં હતા. અલબત્ત, દરેક જગ્યાએ હું





**ફેક્ટરીના કર્મચારીઓને હંમેશાં પરિવારજનો માન્યા એટલે જ હું આટલી સફળતા મેળવી શક્યો**

સતત હાજર રહી શકતો નહોતો, છતાં મારી ગેરહાજરીમાં પણ મારી ઇચ્છા પ્રમાણે કામ થઇ રહ્યું હતું. એ બાબતું કોઇ ટેન્શન નહોતું, પરંતુ મને લાગ્યું કે મારે આ બધા યુનિટો એકસાથે મળીને કામ કરે એવી કોઇક વ્યવસ્થા કરવી જોઇએ. આથી હવે બિઝનેસ માટે એક મોટી જગ્યા લેવાનું જરૂરી બની ગયું. હવે મારે મોટી એટલે ખૂબ મોટી જગ્યા લેવી પડે એમ હતું. મેં મનોમન એક નવી, મોટી જગ્યા લેવાનું નક્કી કરી લીધું.

મેન્યુફેક્ચરિંગ માટે એક ખૂબ મોટી જગ્યા લેવાનો મેં નિર્ધાર કર્યો અને એ માટે મેં નવી મુંબઇ તરફ નજર દોડાવી. નવો પ્રદેશ, નવો વિકાસ અને નવી જિંદગીની શરૂઆત કરવાની હતી. હું તૈયાર હતો.



રાહુલ પણ મારા પગલે જ આગળ વધ્યો

# નવી મુંબઈમાં મોટો જમ્પઃ નવા શિખરો સર કર્યા

શિખરો



# પ્રકરણ ૭






નવી મુંબઇ તરફ શિફ્ટ થવા પાછળનું એક કારણ એ હતું કે વેસ્ટર્ન લાઇનમાંથી સેન્ટ્રલ લાઇન તરફ જવાની ઇચ્છા મારા મનમાં ઘણા સમયથી હતી. એક તો અમારા મોટા ભાગના કચ્છીઓ સેન્ટ્રલના પરાંમાં રહે અને અમારા અનેક સગાં સંબંધીઓ પણ મુલુંડ, ઘાટકોપર અને માટુંગા જેવા પરાંમાં જ રહે. જોકે રહેવા માટે સેન્ટ્રલના પરાંમાં જવાનો પ્લાન શરૂઆતમાં નહોતો. પહેલા તો નવી ફેક્ટરી માટે નવી મુંબઇમાં મોટી જગ્યા લેવાનું નક્કી કર્યું.

નવી મુંબઇમાં મોટી જગ્યા લેવા પાછળનું બીજું એક કારણ એ હતું કે મારા પાર્ટનરે વેસ્ટર્ન લાઇનમાં પોતાનું નવું કામ શરૂ કર્યું એટલે મેં મધ્યના પરાંમાં જવાનું નક્કી કર્યું. મધ્યના પરાંમાં હોઇએ તો કોઇને કોઇ પણ બાબતમાં તકલીફ ન પડે. બીજું કારણ એ પણ હતું કે મારી કંપની અત્યાર સુધી ઓનરશીપની હતી એટલે મોટા બિઝનેસ માટેની મોટી રકમ લેવામાં ક્યારેક મુશ્કેલી પડતી. કોઇ બહુ મોટું કામ હાથમાં લઇએ ત્યારે સામેની કોર્પોરેટ કંપની આપણી ઓનરશીપ કંપનીને વધુ મોટી રકમ એડવાન્સ આપતાં અચકાય. એના બદલે જો આપણી પ્રાઇવેટ લિમિટેડ કંપની હોય તો સારું પડે. અલબત્ત, મુખ્ય આશય તો કામકાજમાં મોટો જમ્પ લગાવવાનો જ હતો.



## અંધેરીથી નવી મુંબઈ આવ્યા. નવી જગ્યાએ ઉષ્માભર્યો આવકાર આપ્યો.



નવી અને મોટી જગ્યા લેવાનું નક્કી હતું, પરંતુ મને કોઇ ઉતાવળ નહોતી. આ બાબતમાં હું બહુ જ ચીવટવાળો છું. મને મારી પસંદની જગ્યા ન મળે ત્યાં સુધી હું એ વિશેનો નિર્ણય ન લઉં અને મારા ધારાધોરણોમાં ફિટ બેસે એવી તેમ જ ગમી જાય એવી જગ્યા મળે તો પછી ઝડપથી નિર્ણય લઇ લઉં. એવી જગ્યા પછી બે પૈસા વધુ આપીને પણ ખરીદી લઉં. આવી બાબતમાં હું કોઇ ઉતાવળ કરવામાં નથી માનતો. યોગ્ય જગ્યા મળી ત્યાં સુધી, બે વર્ષ સુધી હું નવી મુંબઇ અને આસપાસના વિસ્તારોમાં આંટા મારતો રહ્યો હતો.

જગ્યા ખરીદવા માટે હું સૌથી પહેલા એ વાતનું ધ્યાન રાખું કે એ જગ્યા પર પહોંચવામાં સરળતા રહેવી જોઇએ અને રેલવે સ્ટેશનથી એ બહુ દૂર ન હોવી જોઇએ. આવી જગ્યાની શોધખોળ મેં ઘણા સમયથી આદરી હતી, પણ ગમી જાય એવી કોઇ જગ્યા મળતી નહોતી. આખરે એક રવિવારે મારા દલાલ મિત્ર સુધીર ભાઇનો ફોન આવ્યો અને એમણે કહ્યું કે એક જગ્યા જોવા જેવી છે. રવિવાર હતો અને હું આરામ કરવા માંગતો હતો એટલે મેં ના પાડી. રાહુલ અને દર્શનાએ અમારી વાત સાંભળી. એમણે આગ્રહ કરતાં કહ્યું કે ચાલોને, અમે પણ સાથે આવીએ છીએ. અમને ચા-નાસ્તો કરાવજો. મેં કહ્યું કે હું ડ્રાઇવિંગ નહીં કરું. સુધીરભાઇએ કહ્યું કે હું મારી કાર લઇને આવું છું. આ રીતે સુધીરભાઇની મોટી કારમાં હું રાહુલ તથા દર્શના જગ્યા જોવા ગયા.





## રબાલેની ફેક્ટરી સાથે સાથે અતિ આધુનિક કોર્પોરેટ ઓફિસ પણ છે

એ જગ્યા ઘણા સમયથી બંધ પડી હતી પરંતુ અમે ત્યાં પહોંચ્યા ત્યારે જ એ જગ્યાએ જાણે મને આવકાર આપ્યો હોય એવું લાગ્યું. મને પોઝિટિવ વાઇબ્રેશન્સ મળ્યા. આસપાસ ખાસ કોઇ વસ્તી કે મકાનો નહોતા અને મકાન લાંબા સમયથી એમ જ પડ્યું હોવાથી જરા અવાવરુ લાગતું હતું. દૂર દૂરના અંતરે નાની ફેક્ટરીઓ હતી, પરંતુ ત્યાં સાવ નાના પાયે કામ થતું હોય એવું લાગ્યું. આમ છતાં મને એ જગ્યા ગમી ગઇ. એ જગ્યા થાણે- બેલાપુર હાઇ-વેથી દશ બાર મિનિટના રસ્તે હતી. એ સમયે એવી વાતો થઇ રહી હતી કે નજીકમાં રબાલે સ્ટેશન આવવાનું છે. મને જગ્યા ગમવાનું બીજું એક કારણ કોઇને વિચિત્ર લાગે એવું હતું. એ જગ્યાની બાજુમાં મોટું નાળું હતું. હવે જગ્યાની પાસે નાળું હોય એ વાત ઘણાને સામાન્ય લાગે અથવા એને કોઇ એને અશુભ પણ માને, પરંતુ આ બાબતમાં મારી માન્યતા અલગ છે. હું એવું માનું છું કે બાજુમાં નાળું હોય તો એ જગ્યા શુકનવંતી ગણાય, કારણ કે નાળાનું પાણી નદીના વહેણની જેમ સતત વહેતું રહેતું હોય છે. કમ સે કમ મારી બાબતમાં એ વાત





રાહુલ, દર્શના અને સૌરભે જવાબદારીઓ સંભાળીને મારો ભાર હળવો કરી નાંખ્યો છે



**કન્વેયર બેલ્ટની સાથોસાથ હવે કેટલાક નવાં પ્રોજેક્ટ્સ પણ શરૂ કર્યા છે**


સાચી પડી છે. નદીનું પાણી વહી જાય તે પાછું આવતું નથી. એનો અર્થ એ કે તમારે સખત મહેનત કરવી પડે એમ હું સમજું છું. અગાઉ પણ એક વાર નાળાં નજીકની જગ્યા મને બહુ ફળી હતી. આ રીતે નવી જગ્યા દરેક રીતે મને પસંદ પડી. જગ્યા લેવાનો નિર્ણય મેં લઇ લીધો. હવે એનો સોદો કઇ રીતે કરવો એના પર ધ્યાન કેન્દ્રીત કરવાનું હતું. અને આ સોદો સરળતાથી થાય એમ નહોતું. એ પહેલા અનેક મુસીબતો પાર કરવાની હતી.

પ્રોપર્ટી એ મારી મુખ્ય લાઇન નથી, પરંતુ પ્રોપર્ટી બાબતે હું એક અનોખી અંતઃસ્ફૂરણા ધરાવું છું. કોઇ પણ પ્રોપર્ટી જોઇને તરત જ હું મારી અંદર પોઝિટિવ કે નેગેટિવ વાઇબ્સ અનુભવવા લાગું છું. આથી કોઇ પ્રોપર્ટી ખરીદવી કે નહીં એ વિશેનો નિર્ણય હું કોઇ ગણતરીથી નહીં, પરંતુ મારી અંદરની સૂઝથી લઉં છું. આથી એક વાર પ્રોપર્ટી ગમી જાય એ પછી હું એની કિંમતની ફીકર નથી કરતો. જો કોઇ પ્રોપર્ટી ગમી ગઇ તો પછી એ ખરીદવાની જિદ મારું મન લઇ બેસે. નવી મુંબઇના રબાલેની પ્રોપર્ટી પણ મેં આવી જ એક જિદ સાથે ખરીદી અને એ માટે પણ પૈસા પાણીને જેમ વહેચ્યા. એ પ્રોપર્ટીનો સોદો કરવામાં અનેક ઊતારચઢાવ આવ્યા, પરંતુ હું મક્કમ હતો. મને એ પ્રોપર્ટી જોઇએ છે એટલે જોઇએ છે. ધેટ્સ ઓલ.

લોકો કહે છે કે સુંદર સ્ત્રી અને મનગમતી જગ્યા ક્યારેય આસાનીથી નથી મળતી. મને એવી જાણકારી મળી કે આ જગ્યા વેચવા માટે અગાઉ બે વાર ઓક્શન થઇ ચૂક્યું હતું અને છતાં જગ્યા વેચાઇ નહોતી. વધુ મજાની વાત એ હતી એનું ફરીથી ઓક્શન બીજા જ દિવસ થવાનું હતું. મને લાગ્યું કે આ તો મારા માટે કુદરતનો શુભ સંકેત છે. મેં ઓક્શનમાં હાજર રહેવાનો નિર્ણય લઇ લીધો. મેં વિચારી લીધું કે આ પ્રોપર્ટની હાઇએસ્ટ બોલી હું જ બોલીશ.

અને આ રીતે મેં અભિમન્યુનો પહેલો કોઠો પાર કર્યો. આગળ હજુ તો ઘણા નાટક થવાના હતા. આ જગ્યાને ભારત બેન્કે ટાંચ મારી હતી, કારણ કે મૂળ માલિકે બેન્ક પાસેથી લોન લીધી હતી અને લોન તેઓ પાછી ચૂકવી શક્યા નહોતા. બીજા દિવસે હું મારા મેનેજર એસ. એન. ચતુર્વેદીને લઇને લિલામની જગ્યાએ પહોંચી ગયો. લિલામમાં નવ દસ જણા આવ્યા હતા. મને ખબર છે કે આવા લિલામમાં જેન્યુઇન ખરીદદાર બેત્રણ જ હોય, બાકીના સેટિંગ માટે સાથે આવે. કોઇની સાથે આવેલા એ લોકો ફક્ત જે કહેવાયું હોય એ પ્રમાણે જ કરે. એના બદલામાં એમને પૈસા મળી જાય. હુ છેલ્લા બે ત્રણ વર્ષથી એ વિસ્તારમાં ચક્કર મારતો હતો એટલે ત્યાંના બ્રોકરો, ડેવલપરો તથા ફાઇનેન્સનું કામ કરતાં કેટલાક લોકોને જાણતો હતો. લિલામમાં હાજર રહેલા ચાર પાંચ જણા આવા ઓળખીતા બ્રોકરો, ફાઇનેન્સરો અને ડેવલપરો નીકળ્યા.

અમે ત્યાં પહોંચ્યા ત્યારે જ બેન્કના મેનેજર મિસ્ટર અમીને અમને કહ્યું કે તમે આમાં ભાગ નહીં લઇ શકો, કારણ કે તમે ટેન્ડર મની નથી ભર્યા. ટેન્ટર મની તરીકે એક લાખ રૂપિયાનો ડ્રાફ્ટ આપવાનો હતો. મેં મેનેજરને વિનંતિ કરી કે હું તમને કેશમાં એ રકમ આપું. એ સમયે મારી પાસે એંશી હજાર રૂપિયાના બેરર ચેક હતા, જેને અમે વટાવીને એની કેશ લઇ આવ્યા હતા. હતા અને બીજા વીસ હજારની વ્યવસ્થા



**હવે પહેલા જેવી દોડાદોડ નથી, છતાં મારી કામ કરવાની રીત અને શિસ્ત પહેલા જેવી જ છે**




કરવાની ખાતરી આપી, પરંતુ એમાં મુશ્કેલી ઊભી થઇ. આખરે સ્થાનિક બ્રોકરોમાંના એક બ્રોકરે લિલામમાં ભાગ લેવાનો પોતાનો હક્ક મને આપી દીધો. એ બ્રોકર સિવાયના પણ બીજા ચારપાંચ જણા સાથે મેં સમજૂતી કરી લીધી. આથી લિલામમાં મારે બેત્રણ જણા સાથે જ સ્પર્ધા કરવાની હતી. મને કોન્ફિડન્સ હતો કે આવી સિચ્યુએશનમાં મારી સામે કોઇ ન જીતી શકે. સોદો હાથમાંથી જવા દેવાનું મારી પ્રકૃતિમાં નથી. બોલીમાં પચાસ પચાસ હજારનો જમ્પ લાગતો હતો. છેવટે મેં દોઢ લાખનો જમ્પ માર્યો અને બધા અચંબામાં પડી ગયા. મારી સાથે સ્પર્ધા કરી રહેલી પાર્ટીએ હાર માની લીધી અને સ્પર્ધામાંથી ખસી ગયા. આખરે જગ્યાની ખરીદી પર મેં મારો સિક્કો લગાવી દીધો.

સોદો થયા પછી પણ ઘણી ઝંઝટ હતી. હું પૈસા ચૂકવું એ પછી બેન્કે પોતાની લેણી રકમ લઇને બાકીની રકમ જગ્યાના માલિકને ચૂકવવાની હતી. મારી સ્પર્ધામાં ઊતરેલી વ્યક્તિ બેન્કના મેનેજરની સંબંધિત હતી. આથી બેન્કના મેનેજરે મને કહ્યું કે જો તમે સમયસર





**ઓફિસમાં કામકાજની સાથોસાથ દર્શના સાથે ગમ્મત પણ થતી રહે છે**



**દર્શનાને સતત માર્ગદર્શન આપતો રહ્યો છું**



**ફેક્ટરીમાં હું હાજર હોઉં કે ન હોઉં, કામકાજ રાબેતા મુજબ ચાલતું રહે છે.**

પૈસા ચૂકવી નહીં શકો તો તમારા પછીની પાર્ટીને જગ્યા વેચી દેવામાં આવશે. મેનેજરે કહ્યું કે લિલામની શરત પ્રમાણે તમારે બીજા દિવસે પચ્ચીસ લાખ રૂપિયા ચુકવવાના હશે અને બાકીની રકમ માટેના હપ્તા નક્કી થશે. હું રાજીખુશીથી સહમત થઇ ગયો. ટૂંકા ગાળામાં આવી મોટી રકમ ઊભી કરવામાં કોઇને પણ તકલીફ પડે, પરંતુ મને ક્યારેય એવી તકલીફ નથી પડી. આ બાબતમાં મારી માસ્ટરી છે. ક્યા સોર્સમાંથી કેટલા પૈસા ઊભા કરવા એ હું બરોબર જાણતો હોઉં છું.

એ સમયે મારી સાકીનાકામાં આવેલી માંડવી બેન્કમાં ઘણા સમયથી મારું ખાતું હતું અને એમાં મારા પૈસા પડ્યા રહેતા. બેન્કના ચેરમેન કચ્છી હતા. ભવાનજીભાઇ એમનું નામ. મેનેજિંગ ડિરેક્ટર મિસ્ટર મહેતા હતા. બંને સાથે મારા બહુ સારા સંબંધો હતા. બેન્કના એક ક્લાયન્ટ તરીકે એમને મારા પર બહુ માન હતું, કારણ કે મારી બહુ મોટી રકમ બેન્કમાં ઘણી વાર પડી રહેતી. એક વાર તો બેન્કને પૈસાની જરૂર પડી ત્યારે હું એમના કામમાં આવ્યો હતો. બન્યું એવું કે એમની કેશ લાવતી વેન જરા મોડી પડી અને બેન્કના ગ્રાહકોને પૈસા ચુકવવા પૂરતી કેશ બેન્કમાં નહોતી. મેનેજરે મને ફોન કરીને પૂછ્યું કે તમારી પાસે થોડી કેશ પડી છે? મેં કહ્યું

કેટલા જોઇએ? બેન્કને એક લાખની જરૂર હતી અને મેં એ રકમ મોકલાવી આપી.

નવી જગ્યા માટેની રકમ હું કઇ રીતે ચૂકવીશ એ બાબતે ભારત બેન્કના મેનેજરને શંકા હતી. એમણે મને કહ્યું કે જો તમે આવતીકાલે પૈસા નહીં ચૂકવો તો તમે આપેલા ટેન્ડર મની પણ જપ્ત થઇ જશે. એમને ખાતરી અપાવવા માટે મેં માંડવી બેન્ક, સાકીનાકા બ્રાન્ચના ચેરમેન સાથે એમની વાત કરાવી. એમણે એમને શું કહ્યું એની મને ખબર નથી, પણ અચાનક ભારત બેન્કના મેનેજરનું વલણ બદલાઇ ગયું. એ મારાથી ખૂબ જ પ્રભાવિત થઇ ગયા હોય એ રીતે વર્તવા લાગ્યા અને મને કહેવા લાગ્યા કે તમે ચિંતા ન કરો. તમારે જ્યારે અને જે રીતે પૈસા ચૂકવવા હોય એ રીતે ચૂકવજો.

સોદા કરવાની બાબતમાં હું મારી જાતને બહુ હોંશિયાર માનું છું અને એ મુજબનો કોન્ફિડન્સ પણ રાખું છું. ત્રિશૂલ ફિલ્મમાં અમિતાભ બચ્ચન સંજીવ કુમારને જ્યારે કહે છે કે મેરે ખિસ્સે મેં પાંચ ફૂટી કોડી નહીં હૈ, લેકિન મૈં પાંચ લાખ કા સૌદા કરને આયા હૂં. આ ડાયલોગ મને વધુ લાગુ પડે છે. આજે પણ કોઇ પ્રોપર્ટી ખરીદવાની હોય કે બીજો કોઇ સોદો કરવાનો હોય, હું મારા ફૂલ ફોર્મમાં આવી જતો હોઉં છું. હકીકતમાં સોદા કરવાનું મને ગમે છે.
સોદો કરવામાં મને ફાવટ છે એની પાછળ અનેક કારણો છે. એક તો સોદામાં સામી વ્યક્તિનું મન જાણવામાં મને મુશ્કેલી નથી પડતી. એને શું જોઇએ છે એ જાણ્યા પછી મારું કામ સરળ થઇ જાય છે, કારણ કે સોદામાં હું ઢીલ મૂકી દેવામાં માનું છું. ક્યારેય નાની નાની વાતમાં રકઝક ન કરું. ભલે થોડા વધુ પૈસા ચૂકાવવા પડે, પણ મારી મરજી મુજબની શરતો સાથે સોદો કરી નાંખુ. બીજું, સોદા સાથે સંકળાયેલી કાયદાકીય બાબતોની જાણકારી તથા એના કાગળિયા મેળવી લેવા માટેના ચક્રો હું તરત જ ગતિમાન કરી દઉં.

સોદામાં સૌથી મહત્વની વાત માણસની કેપેસિટીની હોય. હું સોદો કરવા જાઉં ત્યારે ભલે મારા



ફેક્ટરીમાં
સત્યનારાયણની પૂજા બાદ
દર્શનાના સાસરિયાઓ
સાથે હળવી પળો





દર્શનાને મળવા માટે મારે
અને સૌરભે એની
કેબિનમાં જવું પડે છે

ખિસ્સામાં પૂરતાં પૈસા ન હોય અને ચૂકવવાની જે રકમ થવાની હોય એ બહુ મોટી હોય તોય મને જરાય ચિંતા ન થાય. કારણ કે એક વાતનો કોન્ફિડન્સ મને હંમેશાં રહ્યો છે કે ગમે એવી મોટી રકમ હું રાતોરાત ઊભી કરી શકીશ. મારે મોટી હસ્તીઓ સાથે ઘરેલુ સંબંધો છે અને પૈસાની બાબતે મારી પ્રતિષ્ઠા પણ બહુ મોટી છે. એમાં પ્રોફિટ લોસનો સવાલ નથી રહેતો. આ કારણસર જ અત્યાર સુધીમાં મેં કરેલા કોઇ સોદામાં મને ખોટ નથી ગઇ.

નવી મુંબઇની જગ્યા માટેના સોદાનું મુખ્ય ટેન્શન પૂરું થયા પછી બીજી નાની નાની ઔપચારિકતાઓ પતાવવાની હતી. જેમ કે માલિકની અન્ય લાયેબિલિટીનું સેટલમેન્ટ કરાવવું, વિવિધ સરકારી ખાતાંના કાગળિયા કઢાવવા, પરવાનગીઓ લેવી વગેરે. આવા કામ કરાવવા માટેની પણ મારી નીતિ સાફ છે. પૈસા ખર્ચીને કામ ઝડપથી પતાવો.

બધી ફોર્માલિટીઝ પતી ગયા પછી નવી ફેક્ટરીની જગ્યા મારા હાથમાં આવી અને એના રિનોવેશન તથા ઇન્ટિરિયરનું કામ શરૂ થયું. આખરે બારમી નવેમ્બર, ૨૦૦૫ના રોજ નવી જગ્યાનું વાસ્તુપૂજન કર્યું. ફેક્ટરી શરૂ થઇ પહેલી જુલાઇ, ૨૦૦૬ના દિવસે. ફેક્ટરીમાં દર વર્ષની પહેલી જુલાઇએ સત્ય નારાયણની પૂજા કરવાની અમારી પરંપરા છે.

જગ્યા ખરીદ્યા પછી મને બાજુની એક બીજી જગ્યા ખરીદવાનો મોકો મળ્યો. વાત એમ હતી કે બાજુમાં સરકારના ખાલી પ્લોટ્સ પડ્યા હતા અને એ પ્લોટ્સ કોઇ બાંધકામ કર્યા વિના વાપરી શકાય એવી શરત સાથે વેંચવાના હતા.

ફેક્ટરીનું કામ ધાર્યા મુજબ ચાલુ થઇ ગયું. ફેક્ટરીમાં મારા ઉપરાતં દર્શના અને રાહુલ પણ દરરોજ આવતા, પરંતુ અમારા ત્રણેયના ટાઇમ અલગ હતા એટલે ત્રણેય અલગ અલગ કારમાં ફેક્ટરી પહોંચતા. અંધેરીથી ફેક્ટરી પહોંચતા દોઢ કલાક જેટલો સમય લાગે. એક વાર હું રબાલેથી આવી રહ્યો હતો. પહેલા ઐરોલી આવે અને પછી હાઇ વે પર

# વિશ્વાસ

થોડા આગળ માર્ગમાં સૂમસામ જગ્યા આવી. ત્યારે મને વિચાર આવ્યો કે દર્શના આવા માર્ગ પર એકલી ટ્રાવેલ કરે એ યોગ્ય ન ગણાય. એ જ સમયે મેં રહેવા માટે અંધેરીથી મુલુંડ શિફ્ટ થવાનો નિર્ણય લઇ લીધો. નિર્ણય લીધા પછીના લગભગ એક વર્ષ પછી અમે મુલુંડમાં જગ્યા લીધી.



કર્મચારી મંડળ સાથેઃ પારસ્પરિક વિશ્વાસનો નાતો

પાંચ ભાઇઓમાં જયસિંહભાઇ અને એમના પરિવાર સાથે મારે સૌથી વધુ સમય રહેવાનું બન્યું અને એમની સાથેની ઘનિષ્ટતા પણ સૌથી વધુ. જયસિંહભાઇના પત્ની રૂક્મણીબહેન પ્રત્યે દર્શનાને વિશેષ લાગણી અને રાહુલ સાથે તો દર્શનાને એકદમ પાક્કી દોસ્તી. બંનેને એકબીજા વિના ચાલે નહીં. આ દરમિયાન મુલુંડમાં મને એક સારો ફ્લેટ મળી ગયો. મૂળ તો હું એક જ બિલ્ડીંગમાં, એક જ ફ્લોર પર બે ફ્લેટ શોધી રહ્યો હતો, પરંતુ એવા બે ફ્લેટ્સનો મેળ ન ખાધો. અત્યારે જ્યાં રહુ છું એ શોભા સુમન બિલ્ડીંગમાં એક થ્રી બેડ રૂમનો ખૂબ જ આલીશાન ફ્લેટ મને મળી ગયો. મેં વિચાર્યું કે આ ફ્લેટ લઇ લઉં, પછી નજીકમાં બીજો મળે તો એ પણ લઇ લઇશ. ફ્લેટ ખરીદ્યા પછી મેં જયસિંહભાઇને મુલુંડ આવી જવા માટે કહ્યું, પરંતુ શરૂઆતમાં તેઓ થોડી આનાકાની કરતાં રહ્યા. પછી



રાહુલ અને દર્શના વચ્ચેનું ટ્યુનિંગ પરફેક્ટ છે

## ટ્યુનિંગ પરફેક્ટ



રૂક્મણીબહેનની તબિયત બગડી. દર્શનાને ચિંતા થઇ એટલે એણે મને આગ્રહ કર્યો કે કાકાના પરિવારને આપણે મુલુંડ બોલાવી લઇએ, જેથી એમનું ધ્યાન રાખી શકાય. આમ થોડા જ સમયમાં જયસિંહભાઇનો પરિવાર પણ મુલુંડ આવી ગયો.

થોડા સમય પછી અમારા બિલ્ડીંગમાં સોળમા માળે એક ફ્લેટ ખાલી પડ્યો, જે મેં રાહુલના નામે ખરીદી લીધો. મુલુંડમાં રહેવા આવ્યા પછી પણ જયસિંહભાઇ અને મારો પરિવાર સંયુક્ત કુટુંબની જેમ જ રહેતા હતા. આજે પણ અમારું કિચન એક જ છે. ૨૦૦૮માં રૂક્મણીબહેનનું અવસાન થઇ ગયું એ પછી જયસિંહભાઇ ફક્ત ઉપરના ફ્લેટમાં રાત્રે સૂવા જાય. બાકી જમવાનું વગેરે બધુ જ મારા ઘરમાં. રાહુલ અને ચૈતાલી તો પહેલેથી જ મારા ઘરમાં રહે છે



રૂક્મણી કાકી માટે દર્શનાને વિશેષ લાગણી હતી

૨૦૧૫માં રાહુલના લગ્ન થયા અને ત્યાર પછી પણ અલગ થવાનું ન બન્યું. લગ્નના થોડા સમય પછી મને લાગ્યું કે બંનેને થોડી સ્પેસ મળવી જોઇએ અને ઉપરના ફ્લેટમાં શિફ્ટ થવું હોય તો એમને એમ કરવાની મારે છૂટ આપવી જોઇએ. આથી મેં રાહુલને ઉપરના ફ્લેટમાં રહેવા જવાનું કહી જોયું, પરંતુ રાહુલે ના પાડી દીધી. આમેય એ શક્ય નહોતું, કારણ કે જયસિંહભાઇ આખો દિવસ ઘરમાં હોય. રાહુલ બહાર હોય ત્યારે એની પત્ની કેવી રીતે આખો દિવસ ત્યાં રહી શકે. ચૈતાલી તો સતત મારા વાઇફની સાથે જ રહે. દર્શના પરણીને સાસરે ચાલી ગઇ છે.

આ પહેલા મારા માથાં પર એક મોટી જવાબદારી દર્શનાના લગ્નની હતી. દર્શના ભણેલી અને જરા તેજીલી તથા ચપળ પણ ખરી. આથી એને યોગ્ય હોય એવું પાત્ર શોધવાનું ટેન્શન પહેલેથી હતું. કામ જરા મુશ્કેલ એ માટે પણ હતું કે મેં મારી જ્ઞાતિમાં જ દર્શનાના લગ્ન કરવાનું નક્કી કર્યું હતું. દરેક મોટા કામમાં હું જે કુનેહ વાપરુ એ કુનેહ આ બાબતમાં પણ વાપરવાની હતી. મારા જીવનમાં આ વાતનું મહત્વ ઘણું વધુ હતું. દર્શના માટે છોકરા જોવાનું શરૂ થયા પછી એક એવું માંગુ આવ્યું, જેમાં મને રસ પડ્યો. સૌરભ જગદીશભાઇ કેસરીઆના પરિવારનું નામ પ્રતિષ્ઠિત હતું એટલે કુટુંબની બાબતમાં કોઇ ચિંતા કરવા જેવું નહોતું. તેઓ વિજય કુમાર હંસરાજ કંપનીવાળાના કુટુંબ તરીકે જાણીતાં હતાં. ત્યાર પછી મેં છોકરાના



**રાહુલ એની પત્ની આકાંક્ષા અને દીકરી ધ્રિતિ સાથે**

ચરિત્ર વિશેની તપાસ કરાવી તો એમાં પૂરો સંતોષ થયો. આ રીતે ત્રણ મુખ્ય માપદંડ એટલે કે જ્ઞાતિ, ખાનદાન અને છોકરાનું ચરિત્રમાં એ ત્રણેયમાં સૌરભ પાસ થઇ ગયો એટલે મેં દર્શનાને કહ્યું કે હવે તું તારી રીતે નિર્ણય લે. અમને છોકરો ગમ્યો છે. આમ દર્શનાના લગ્નનું ધાર્યા કરતાં વધુ સરળતાથી નક્કી થઇ ગયું. લગ્ન બહુ જ ધામધૂમથી થયા. પછી તો દર્શનાને ત્યાં બેબીનો જન્મ થયો અને થોડા સમય પહેલા બીજી બેબીનો જન્મ થયો.

મેં તપાસ કરી હતી ત્યારે સૌરભની કમાણી વિશેની જાણકારી પણ મેળવી હતી. એ ત્યારે સારું કમાતો હતો, પરંતુ મને એવી ઇચ્છા હતી કે ભવિષ્યમાં એ પણ મારી સાથે બિઝનેસમાં જોડાઇ જાય. અલબત્ત, આ બહુ નાજુક બાબત હતી એટલે સૌરભને તેમ જ એના પરિવારના અન્ય સભ્યોની મરજી જાણવાનું પણ જરૂરી હતું. સૌરભને મારી સાથે બિઝનેસમાં લેવાનું મુખ્ય કારણ એ હતું કે દર્શના અને રાહુલ વચ્ચે ખૂબ જ તાલમેલ છે અને સૌરભ એ કોઇ બહારની વ્યક્તિ નહોતી. મૂળ તો રાહુલે જ સૌરભને સાથે લેવાનું સજેસ્ટ કર્યું હતું. મારી ઉંમર હવે મોટી થઇ ગઇ છે. મારી ભાવિ પેઢીમાં રાહુલ, દર્શના અને સૌરભ જ છે. સેટેલાઇટ કન્વેયર્સ પ્રા. લિમિટેડમાં દર્શના અને રાહુલ ડિરેક્ટર છે એટલે સૌરભને મેં કંપનીના સીઇઓ બનાવ્યા. આ રીતે મારી કંપનીમાં મારા ત્રણેય સંતાનો બરોબર સેટ થઇ



**દર્શનાના હાથ પીળાં કરીને એક મોટી જવાબદારીમાંથી મુક્તિ મેળવી**





**જમાઇ સૌરભ કેસરિયા પરિવારની શાન છે**



**રાહુલ મારા બિઝનેસનો આધાર છે**

ગયા છે અને કંપની પ્રગતિ કરી રહી હતી.

આ દરમિયાન બિઝનેસની બાબતમાં એક નવો વિચાર મારા મનમાં સ્ફૂર્યો. હું આખી જિંદગી એન્જિનિયરીંગ સંબંધિત કામ કરતો રહ્યો છું અને ટેકનિકલ બાબતોની જાણકારી સતત મેળવતો રહ્યો છું. મારી આ ટેકનિકલ જાણકારી મારા બિઝનેસમાં બહુ ઉપયોગી નીવડી છે. બોટલિંગના ક્ષેત્રમાં હું અત્યાર સુધી ફક્ત એન્જિનિયરીંગનું જોબ વર્ક કરતો રહ્યો છું. બોટલિંગના કન્ટેન્ટના બિઝનેસ વિશે મેં અગાઉ ક્યારેય વિચાર્યું નહોતું, જેનો વિચાર હવે મને આવ્યો. આટલા વર્ષોમાં મારી પોતાની એક બ્રાન્ડ બની ગઇ છે. હું ફક્ત એક બિઝનેસમેન જ નથી, હીરાલાલ નામની એક બ્રાન્ડ છે. મને આ બ્રાન્ડને એક્સપાન્ડ કરવાનો, એને વધુ વ્યાપક બનાવવાનો વિચાર આવ્યો. ભારતમાં બોટલિંગના પાણીનું માર્કેટ બહુ મોટું છે. આથી મિનરલ વોટરનો પ્લાન્ટ નાંખવાનો વિચાર મારા મનમાં સ્ફૂર્યો. રાહુલ, દર્શના અને સૌરભ સાથે ચર્ચા કરી અને એગ્રો પ્રોડક્ટ્સની એક નવી કંપની શરૂ કરવાની દિશામાં વિચાર્યું. ધીમે ધીમે પ્રોજેક્ટને નક્કર સ્વરૂપ મળ્યું અને સ્યોર એન્ડ પ્યોર એગ્રો પ્રોડક્ટ એલએલપી નામની કંપની શરૂ કરી. એ માટે નવી જગ્યા લીધી છે. નજીકના ભવિષ્યમાં આ કંપની શરૂ થઇ જશે. આ કંપની હેઠળ શરૂઆતમાં મિનરલ વોટર અને પછીથી જ્યુસ વગેરે બનાવવાનો પણ પ્લાન છે.

બિઝનેસ બાબતે બધુ એકદમ પરફેક્ટ અને પ્લાનિંગ પ્રમાણે ચાલી રહ્યું છે. સાંસારિક બાબતોમાં પણ બધુ સંતોષકારક છે. છેલ્લા કેટલાક સમયથી સમાજ માટેની પ્રવૃત્તિઓનું પ્રમાણ વધ્યુ છે. બીજી તરફ સમાજના વિવિધ વર્ગો દ્વારા મારી કદર પણ થઇ રહી છે. ટૂંકા ગાળામાં અનેક એવોર્ડ્સ મળી ચુક્યા છે.



**જિંદગી ફક્ત બિઝનેસ નથી, ક્યારેક મુક્ત મનથી આનંદની પળોને માણવાની હોય છે**


હું અચાનક ઝબકીને તંદ્રામાંથી બહાર આવી ગયો. હું પ્લેનમાં બેઠો હતો. જીવનની ઘટનાઓ ફિલ્મની જેમ મારી આંખો સામેથી પસાર થઇ ગઇ હતી. એવોર્ડ વિધિ બાદ અમે મુંબઇ પાછા ફરી રહ્યા હતા. ફ્લેશબેક પૂરું થયું અને વર્તમાન જીવનની ક્ષણોમાં પાછો સરકી પડ્યો ત્યારે ફક્ત એક જ અનુભૂતિ થઇ. એક સાર્થક જીવન જીવ્યાનો સંતોષ. જીવનના દરેક તબક્કે મળેલી વ્યક્તિઓને કોઇને કોઇ સ્વરૂપે ખુશી આપી. સમાજમાં સુવાસ ફેલાવી એ વાતનો સંતોષ થાય. અને એ સાથે જ ઇશ્વરના દરબારમાં જવાનો યોગ આવે ત્યારે આ ભવમાં મળેલી ભૂમિકાને દિલોજાનથી નિભાવી હોવાનો હરખ અનુભવાય.



**ફેક્ટરીમાં દર વર્ષે અચૂકપણે સત્ય નારાયણની પૂજા થાય છે.**



**જિંદગીની સુહાની સફર અવિરત ચાલતી રહેશે**



# મારા વિચાર, મારી લાગણીઃ હીરા માણેક અને મોતી





## પ્રકરણ ૮




વ્યવસાયથી હું એન્જીનીઅરીંગ અને ટેકનીકલ બાબત જેવી રફ એન્ડ ટફ લાઇનમાં છું, પરંતુ મારું હૃદય બહુ નાજુક છે.સાહિત્યમાં મને પહેલેથી રૂચિ રહી છે. ગુજરાતી મારી માતૃભાષા છે. યુવાન વયમાં કનૈયાલાલ મુનશી, રમણલાલ વસંતભાઇ દેસાઇ, પન્નાલાલ પટેલ, ધૂમકેતુ, મેઘાણી જેવા લેખકોના પુસ્તકો વાંચતો. સરસ્વતીચન્દ્રના ચારેય ભાગ મેં વાંચ્યા છે. સારા વાંચનની આદત સદા ટકી રહી છે. એ સાથે જ સાહિત્યિક ભાવના પણ મારી અંદર પાંગરતી રહી છે. મારી અંદરની ઋજુતાને બહુ ઓછા લોકો જાણી શક્યા છે. ક્યારેક હું બહુ લાગણીશીલ બની જતો હોઉં છુ. ક્યારેક કોઇ ઘટના એવી બને છે, જ્યારે લાગણીવશ બની જવાય છે. એવું પણ બને છે કે આવી લાગણી જાહેરમાં પ્રદર્શિત ન થઇ શકે. આવા સમયે હું મારી લાગણીઓને શબ્દોમાં કંડારી લઉં છું. એક કાગળમાં મારી લાગણીને શબ્દોમાં ઢાળી દઉં છું. વર્ષોથી મને આ પ્રકારની નોંધ લખી રાખવાની આદત છે. અહીં મેં તારવેલા કેટલાક મારાં લખાણો રજૂ કર્યા છે:

# મેં તારવેલા લખાણો





**૪-૮-૧૯૯૨**
જે આપણા મૌનને ગાઈ શકે છે એ જ મહાન ગાયક કહેવાય.

**૪-૮-૧૯૯૨**
જિંદગીની કિતાબ ફરીથી લખી શકાતી નથી.

**૪-૨-૨૦૦૫**
ऐसा नहीं है की जिंदगी बहुत छोडी है, दरअसल हम जीना ही देर से शुरू करते है માણસને જીવનની સચ્ચાઈનું ભાન થાય ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે.

**૬-૧-૨૦૦૭**
बडी बडी परवाह नहीं करते, लेकिन छोटी छोटी बाते दिल पे लग जाती है... જીવનમાં નાની નાની વાતો જ મહત્વની છે અને એ જ જીવનને મધુરું બનાવે છે.

**૬-૧-૨૦૦૭**
આપણા વિચારને અમલમાં મૂક્યા પછી ભલે તરત બહુ આગળ ન વધી શકીએ, પરંતુ યોગ્ય દિશામાં જઈ રહ્યા છીએ એનો અહેસાસ તો થાય અને એ જ પરિવર્તનનો પૂરાવો.

**૬-૧-૨૦૦૭**
દરેક સફળ વ્યક્તિ પોતાની રીતે કામ કરવાની એક સ્ટાઈલ ધરાવતી હોય છે અને એ જ એની સાચી ઓળખ હોય છે.

**૩૧-૩-૨૦૧૫**
ગઈકાલે સહન કરેલું દર્દ તમારી આજની તાકાત બની જાય છે.

**૧-૪-૨૦૧૫**
સંસ્કારના ઈન્જેક્શન ન આપી શકાય. એ તો લોહીમાં જ હોય છે.

**૧૮-૧૧-૨૦૧૫**
માણસની હસ્તી એની પાછળ એ રીતે ભૂલાઈ જશે, જેમ જળમાંથી આંગળી નીકળતા એ જગ્યા પૂરાઈ જતી હોય છે.

**૨૫-૮-૧૬**
પ્રાર્થના એક વાઈબ્રેશન છે, એક લાગણી છે. તમે જ્યારે કોઈને સાચા હૃદયથી માફ કરો છો ત્યારે એ પ્રાર્થના બની જાય છે.

**૭-૨-૨૦૧૭**
પરફોર્મન્સ આપવાનું હોય કે ન આપવાનું હોય, સમર્પિત સંગીતકારો દરરોજ રિયાઝ કરતાં હોય છે.

**૩-૭-૨૦૧૭**
નસીબ સંજોગની વાત કરીએ ત્યારે દિવાલ પર લખેલું વંચાય છે, હસ્તરેખાઓ નથી વાંચી શકાતી.

**૩-૭-૨૦૧૭**
શબ્દોનો પણ એક સ્વાદ હોય છે.

**૩-૭-૨૦૧૭**
સફળતા માટે શિસ્ત સૌથી પહેલું અને સૌથી મહત્વનું પરિબળ છે.

**૨૨-૭-૨૦૧૭**
જીવનમાં કોઈ પરિસ્થિતિથી ભાગવું ન જોઈએ. ભીંજાયેલો માણસ ધોધમાર વરસાદથી ડરતો નથી.

**૧૮-૯-૨૦૧૭**
સેંકડો ઝરણા ભેગાં મળે ત્યારે સરિતા બને, અધૂરી ઈચ્છાઓ કાગળ પર સભા ભરે ત્યારે કવિતા બને.

**૧૭-૧૧-૨૦૧૭**
પરિવારના પ્રસંગમાં વિલંબ ન કરવો જોઈએ. વિલંબ અણધારી મુસીબતો લાવી શકે છે.

**૧૫-૧૨-૨૦૧૭**
ક્યારેક અણગમતી લાગતી સલાહ પણ બહુ ઉપયોગી નીવડતી હોય છે.

**૧૫-૧૨-૨૦૧૭**
गलती से भी कभी अपने दिल की बात किसी से ना कहेना, यहा कागज भी जरा सी देर में अखबार बन जाते है... આ વાત ઘણી વાર અનુભવી છે.

**૫-૧-૨૦૧૮**
સંજોગો સામે હાર ન માને એને સફળતા મળે જ છે.

**૨૪-૧-૨૦૧૮**
હું જ્યારે કોઈ રમકડું હાથમાં લઉં છું ત્યારે મને મારું બચપણ મને ઢંઢોળે છે.

**૨૦-૩-૨૦૧૮**
મહેનતનો રોટલો જ સૌથી વધુ મીઠો હોય છે.

**૨૦-૩-૨૦૧૮**
તમે તમારી પર જ નજર રાખતા હો છો. જરા પાછળ પણ નજર નાંખશો તો કંઈક વધુ જાણવા મળશે. ફક્ત પોતાનામાં ડૂબેલા લોકોના વિચાર સંકુચિત બની જાય છે.

**૨૧-૩-૨૦૧૮**
ક્યારેક કોઈ એક માણસના એક સારા વિચારથી અદભૂત પરિણામ લાવી શકાતા હોય છે.

૨૫-૩-૨૦૧૮

કોઇને હરાવવાની ભાવના રાખવાને બદલે 'મારે જીતવું છે' એવો અભિગમ રાખવો જોઇએ.

૩૧-૩-૨૦૧૮

જિંદગીમાં બધુ છોડી દેશો તો ચાલશે, પરંતુ ચહેરા પરનું સ્મિત અને ઉમ્મીદ ક્યારેય ન છોડતા.

૩-૪-૨૦૧૮

જુદી રીતે વિચારવાની હિંમત રાખતા માણસો અનોખા કામ કરી શકતા હોય છે અને પરિવર્તન લાવી શકતા હોય છે.

૨૦-૪-૨૦૧૮

આપણું કામ કોઇને પણ હેરાન કર્યા વિના કરાવી લેવું એ પણ એક કળા છે.

૨૦-૪-૨૦૧૮

વિચાર એક ચુંબકીય શક્તિનું કામ કરે છે. માણસ પોતાના વિચારોના પ્રવાહને બદલીને પોતાનું જીવન બદલી શકે છે.

૨૩-૪-૨૦૧૮

મનુષ્ય એવો જ હોય, જેવા એના વિચારો હોય છે. શુદ્ધ વિચારધારા, મહેનત, આત્મવિશ્વાસ, સહનશીલતા, પ્રેમાળ સ્વભાવ, નીતિ તેમજ પ્રેમાળ સ્વભાવ તેમજ લાગણીશીલતા જ તમારો વર્તમાન અને તમારું ભવિષ્ય સુધારી શકે છે.

૨૧-૫-૨૦૧૮

इन्सान मौसम नहीं है, फिर भी बदल जाता है

૨૧-૫-૨૦૧૮

'કેમ છો?' એવું પૂછનારા હજારો મળી રહેશે, પરંતુ 'કેમ ઉદાસ છો?' એવું પૂછનારા કોઇ અંગત જ મળશે.

૨૧-૫-૨૦૧૮

खुद के बिखरने ना देना किसी भी हाल में,
लोग गिरे हुऐ मकान की ईंट भी ले जाते है... આપણી દુઃખભરી વાતોથી લોકોની સહાનુભૂતિ નથી મળતી. લોકો એમાં આનંદ જ લેતાં હોય છે.

૭-૬-૨૦૧૮

ભેટ આપતી વેળાએ પણ તમારા ધનમાં પરસેવાની સુગંધ ભળેલી હોવી જોઇએ.

૭-૬-૨૦૧૮

જિંદગી મેરેથોન રેસ જેવી છે. એ મેરેથોન માટે તમારે દરરોજ એક નાની રેસ દોડતા રહેવું પડે છે.

૩-૭-૧૮

કહેવાય છે કે જેમણે આશા છોડી દીધી હોય એમને પ્રેમ, દિલાસો અને દિલમાં એક સ્થાન આપવાથી એમનામાં ધગશ પેદા થાય છે અને એમને કોશિશ કરવાનું મન થાય છે.

૧૬-૯-૨૦૧૮

ક્ષમાભાવના એક અણમોલ ભેટ છે.



૨૨-૯-૨૦૧૮

પોતાની જાતમાં બદલાવ લાવવા માટે કોઇ ઉંમર નાની નથી હોતી.

૧૨-૯-૨૦૧૮

વિદાયની ક્ષણ હોય કે કાળની, એ હંમેશાં વેદના આપે છે.

૨-૯-૨૦૧૮

વર્તમાનમાં જીવવું એ સારી વાત છે, પરંતુ ભવિષ્ય પર નજર હોય એ વધુ સારી વાત છે.

૧૨-૯-૨૦૧૮

દરેક ઘરનું સરનામું તો હોય, પણ ગમતું સરનામું ઘર બની જાય એ જ જીવન છે.

૨૬-૯-૨૦૧૮

સાચો માણસ ક્યારેય આસ્તિક કે નાસ્તિક નથી હોતો. એ તો હંમેશાં વાસ્તવિક હોય છે.

૪-૧૦-૨૦૧૮

ફક્ત સલાહ નહીં, સાથ જ મહત્વનો છે.

૪-૧૦-૨૦૧૮

વાસ્તવિકતા ન સમજતી વ્યક્તિ હંમેશાં ખોટો અર્થ કાઢી લેતી હોય છે.

૮-૧૧-૨૦૧૮

એક જિંદગી બનાવવા માટે બીજી અનેક જિંદગીઓની મદદ લેવી પડતી હોય છે.

૨૩-૨-૨૦૧૯

જો તમે જીવનમાં સીધા ઊભા રહો તો વાંકાચૂકા પડછાયાની ફિકર કરવાની જરૂર નથી.

૨-૭-૨૦૧૯

ક્યારેક લોકો કહેતા હોય છે કે આપણે ખાલી હાથે આવ્યા છીએ અને ખાલી હાથે પાછા જવાનું છે. હું આ વાતે સહમત નથી. હા, ખાલી હાથે આવ્યા છીએ જરૂર, પરંતુ જવાનું છે ઘણું બધુ લઇને. સાર્થક જીવન જીવીને કોઇની તકલીફો દૂર કરીએ, એમના જીવનમાં પ્રકાશ ફેલાવીએ એ શું નાની સિદ્ધિ છે? મૃત્યુ પછી લોકો આપણને સારી રીતે યાદ કરતાં રહે એ શું નાની વાત છે?.

૧૫-૩-૨૦૧૯

મને બાળપણથી પ્રાર્થના પ્રત્યે શ્રદ્ધા અટલ શ્રદ્ધા રહી છે. આજે પણ હું ઘરમાં બનાવેલા મંદિરમાં રોજ પ્રાર્થના કરું છું અને પરિવારના અન્ય સભ્યોને પ્રાર્થના કરવાની પ્રેરણા આપું છું

૩-૮-૨૦૧૯


જીવનમાં સફળતા, પ્રસિદ્ધિ અને પ્રસંશા માટેનો યોગ્ય સમય જ હોય છે.

૧૦-૧૦-૨૦૧૯

ઉંમર તમને દોસ્તી કરતા રોકતી નથી... પણ ઉંમરલાયક થતાં જરૂર રોકે છે.

# 9

## સફળતા મેળવવા માટેની જડીબુટ્ટી: મારા નવ નિયમો








## પ્રકરણ ૯

કોઇ પણ સફળ વ્યક્તિના જીવનમાંથી અન્ય લોકોને કંઇક ને કંઇક શીખવા મળતું હોય છે. આથી કોઇ સફળ વ્યક્તિની બાયોગ્રાફી કે ઓટોબાયોગ્રાફીમાંથી અન્ય લોકોને જીવનની સફળતા માટે વિશેના પાઠ શીખવાની અપેક્ષા હોયછે. વિવિધ ક્ષેત્રોની અસંખ્ય વ્યક્તિઓની આત્મકથાઓ પ્રકાશિત થઇ છે અને ઘણા લોકોને એમાંથી પ્રેરણા મળી છે. વ્યક્તિનો કયો ગુણ અથવા ખાસિયત એને સફળ બનવામાં મદદરૂપ થાય છે એ મુદ્દો મહત્વનો છે. બાયોગ્રાફી કે ઓટોબાયોગ્રાફીમાં સફળતા પ્રાપ્ત કરવા માટેનો આ ગુણ ક્યારેક પ્રત્યેક્ષ રીતે વ્યક્ત થતો હોય છે અથવા તો પરોક્ષ રીતે એના જીવનમાં એ ખાસિયત વણાઇ ગયેલી હોય છે.

હું કોઇ મહાન વ્યક્તિ હોવાનો દાવો નથી કરતો અને જીવનમાં સફળ થવા માટેની સલાહ કોઇને આપવાની લાયકાત ધરાવતો હોવાનું પણ નથી માનતો, આમ છતાં મારા જીવન, મારી વ્યવસાયિક કારકિર્દીમાં કેટલીક બાબતો મને ખૂબ જ ઉપયોગ લાગી છે. મેં જે ગુણોને અપનાવીને સફળતા મેળવી એની એક નાની યાદી રજૂ કરું છું, જે કદાચ કોઇને પોતાના જીવનમાં ઉપયોગી નીવડી શકે.


૧




## સંતોષકારક સર્વિસ આપવી

સંતોષકારક સર્વિસ આપવી. મારો વ્યવસાય એક પ્રકારની ટેકનિકલ સુવિધા પૂરી પાડવાનો એટલે કે સર્વિસ પૂરી પાડવાનો રહ્યો છે. સર્વિસ ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોએ એ વાતનું ખાસ ધ્યાન રાખવું જોઇએ કે તમારા ક્લાયન્ટને બેસ્ટ સર્વિસ મળશે તો જ એ તમારા કાયમી ગ્રાહક બનશે. ક્લાયન્ટે માંગેલી સેવા કોઇ પણ ભોગે આપવી અને સમયસર આપવી. સમયની બાબતમાં પણ કોઇ જ ઢીલ ન કરવી જોઇએ. ક્લાયન્ટને શ્રેષ્ઠ સેવા મળે એ માટે હું દરેક રીતે કોશિશ કરતો. ઘણી વાર મારે માણસોને મશીનો ઇન્સ્ટોલેટ કરવા માટે બહારગામ મોકલવા પડતા. એ સમયે હું ખાસ ધ્યાન રાખતો કે મારા માણસોને દરેક પ્રકારની રહેવા જમવાની પૂરી સુવિધા મળે અને એ ક્લાયન્ટનું કામ પૂરી નિષ્ઠાથી કરે. હું જ્યારે નોકરી કરતો હતો ત્યારે પણ સમયની કોઇ જ મર્યાદા રાખ્યા વિના કંપનીને મારી શ્રેષ્ઠ સેવા આપતો. એ જ કારણસર કંપનીમાં મારી પ્રગતિ થઇ, ઉપરીઓ સાથે સંબંધ કેળવાયા અને ભવિષ્યમાં મને એમના તરફથી લાભો મળ્યા.

૨




## વિશ્વસનીયતા

વિશ્વનીયતા. બિઝનેસમાં આપણી એક વિશ્વસનીયતા બને એ ખૂબ જરૂરી છે. વિશ્વસનીયતાના અનેક પાસાં હોય છે. તમે જે વચન આપો એને પાળવું ખૂબ જ મહત્વનું છે. એક વાર જબાન આપ્યા પછી એમાં કોઇ ફેરફાર ન થવો જોઇએ. જે રકમ, શરતો અને સમય નક્કી થાય એમાં પરિસ્થિતિ બદલાય તોય ફેરફાર ન કરવા. વાત થઇ ગયા પછી સંજોગ બદલાય અને તમારો હાથ કોઇક કારણસર ઉપર આવી જાય તોય કોઇની ગરજનો લાભ ન લેવો. આ ઉપરાંત તમે સમયસર કામ કરી આપો, સારી સેવા આપો, પ્રમાણિકતાથી પૂરું કામ કરો, કોઇ સમસ્યા રહી જાય તો એનો ઉકેલ આવે ત્યાં સુધી સર્વિસ આપો એ બધુ જ તમારી વિશ્વસનીયતા ઊભી કરે છે.




૩




## શિસ્તબદ્ધતા

શિસ્ત અને સમયસરતા. હું ગોલ્ડ સ્પોટ કંપનીમાં કામ કરતો હતો ત્યારે મોટી મોટી હસ્તીઓના સંપર્કમાં આવ્યો. રમેશ ચૌહાણ, એમના પિતા જયંતિભાઇ ચૌહાણ (જેમને અમે પપ્પાજી કહીને સંબોધતા), પ્રકાશભાઇ, નેમચંદભાઇ, લાયન અશોક મહેતા, જયવંત નાથાલાલ પારેખ, પ્રવીણ શેઠ, એ. એ. મલિક, ડો. હરીપાલ વગેરે. ત્યાર પછી લાયન્સ ડિસ્ટ્રીક્ટ ગવર્નર તરીકે અસરાની, શ્રી પોદ્દાર વગેરે જેવા મહાનુભાવોના સંપર્કમાં આવ્યો. આ લોકો પાસેથી હું ઘણી વાતો શીખ્યો, જેમાં શિસ્ત અને પંક્ચ્યુઆલિટિ, સમયચુસ્તતા, જેવા ગુણો વિશેષ હતા. હું પણ એવી એક પણ મહાન હસ્તીને મળ્યો નથી, જે શિસ્તની બાબતમાં ઢીલી કે સુસ્ત હોય. શિસ્ત એક ટેવની બાબત છે. એક વાર તમે એને સાચા દિલથી અપનાવી લો પછી એ હંમેશાં માટે શિસ્તના આગ્રહી બની જાવ.

૪




## સરકારી નિયમોનું ચુસ્ત પાલન

કરવેરા ભરવા સરકારી નિયમો પાળવા. કરેવેરા બચાવવાના અમુક માર્ગ હોય છે, જેમાં તમારા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તમને માર્ગદર્શન આપી શકે, પરંતુ જે કરવેરા ભરવાના નીકળે એમાં ક્યારેય ચોરી ન કરવી. કરવેરા પૂરેપૂરા ભરવા. એ બાબતે જો તમે કંઇ ખોટું કરો તો એનું ટેન્શન એટલું રહે કે તમને બમણું નુકસાન થાય. આ ઉપરાંત વિવિધ પ્રકારના લાયન્સ મેળવવા, વિઘ્નો દૂર કરવા, સરકારી નિયમો જાણવા વગેરે બાબતે પણ એક બિઝનેસમેને હંમેશાં સજાગ રહેવું જોઇએ. સરકારી ખાતાંઓમાં કામ એની રીતે થતું હોય છે. તમને જે માહિતી જરૂરી હોય એ બધી ત્યાં ઉપલબ્ધ હોય છે. તમારે એ મેળવવા માટે થોડી મહેનત કરવી પડે, ક્યારેક કોઇને ખુશ કરવા પડે તો એમાં ઢીલ ન કરવી. એ બધી વાતોની જરાય અવગણના ન કરવી. એક નાની ભૂલ તમને ભવિષ્યમાં ભારે પડી શકે છે.


## ૫




## પ્રતિબદ્ધતા

સીએ, વકીલો તથા દલાલોની ફી પૂરી ચૂકવવી. તમે જો સારું કમાવા માંડો એ પછી તમને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તથા વકીલોની જરૂર અવારનવાર પડવાની છે. તમારે એમની સમક્ષ તમારી દરેક વાત જાહેર કરવાની છે. તમારે એમની પાસે જે કામ કરાવવાનું છે એ ખૂબ જ મહત્વનું હોય છે. કામ માટે એ જે ખર્ચ કહે એ ચૂકવવાની તૈયારી રાખવી અને એમની ફી પણ પૂરેપૂરી ચૂકવવાની આદત રાખવી. દા. ત. ક્યારેક કોઇ કામ પતાવવા માટે તમારા સીએ કહે કે દશ હજારનો ખર્ચ કરવો પડશે તો એ બાબતે શંકા ન કરવી. ખર્ચ બે હજાર જ થતો હશે અને આઠ હજાર એ પોતાના ખિસ્સામાં નાંખશે એવી શંકા ન કરવી. એક ચાર્ટર્ડ એકાઉન્ટ કમાવાનું શરૂ કરે એ પહેલા એ પોતાના ભણતર પાછળ કેટલો ખર્ચ કરે છે અને એસ્ટાબ્લિશ થતાં પહેલા કેટલો સંઘર્ષ કરે છે એના વિશે વિચારવું. સીએ તથા વકીલની ફી ચૂકવવા બાબતે હું ક્યારેય ગલ્લાંતલ્લાં નથી કરતો.

## ૬




## સંબંધો જાળવવા

સંબંધો જાળવવા, વહેવાર નિભાવવો. જીવનમાં મને જે મોટા કામ મળ્યા, મારા જે મોટા કામો થયા એની પાછળ લોકો સાથે સંબંધો જાળવવાની મારી આવડત હતી. સંબંધો જાળવવા માટે ક્યારેક જતું કરવું પડે તો એ માટે હંમેશાં તૈયાર રહેવું. ક્યારેક કોઇ ગેરસમજણ થાય, કોઇ નારાજ થાય, તકરાર જેવું થાય તો હંમેશાં સમાધાન માટે તૈયાર રહેવું. સંબંધો એ મોતીની માળા જેવા છે. માળા તૂટી જાય તો એના મણકાં લેવા માટે તમારે ઝૂકવું પડે એમ સંબંધો જાળવી રાખવા માટે પણ તમારે ઝૂકવું પડે તો ઝૂકવું. સંબંધો જાળવવા માટે દરેક પ્રકારના વહેવાર સાચવવા પડે. હું ક્યારેય કોઇના પ્રસંગોમાં હાજરી આપવાનું ચૂકતો નથી. ભલે થોડો સમય માટે હાજર રહું, પણ સામી વ્યક્તિને એ સારું લાગે. સંબંધો અને વહેવાર સાચવવામાં હું હંમેશાં એક જ વાત વિચારું કે આમાં મને નુકસાન શું છે? કોઇ પોતાના ઘરના વાસ્તુપૂજનમાં આવવાનું આમંત્રણ આપે કે દીકરાની સગાઇમાં હાજર રહેવાનું આમંત્રણ આપે તો એ પ્રસંગોમાં હાજરી આપવાથી મને કોઇ નુકસાન નથી એવું હું વિચારું. નાના નાના પાયે સાચવેલા સંબંધો ભવિષ્યમાં ક્યારેક આપણા બહુ મોટા વિઘ્નો દૂર કરવામાં મદદરૂપ થતાં હોય છે.

## ૭




## હળીમળીને કામ કરવું

આપણા માણસોને સાચવવા. મેન્યુફેક્ચરિંગ લાઇનમાં પડેલા લોકો જાણતા હોય છે કે કામદારોને સાચવવાનું કામ ખૂબ માથાઝીકનું અને મુશ્કેલ હોય છે. મારે મુખ્ય તો કામદારો, લેબરો પાસેથી જ કામ કરાવવાનું હોય છે. આમ છતાં કામદારોને કારણે ક્યારેય મારું કામ અટક્યું નથી. નાની મોટી તકરારો તો અનિવાર્ય હોય છે, પરંતુ તમારા મુખ્ય અને મહત્વના કર્મચારીઓ તમને પૂરી રીતે વફાદાર રહે એની તકેદારી તમારે રાખવાની હોય છે. મારા અનેક લેબર કર્મચારીઓ ત્રીસ ચાલીસ વર્ષથી મારા માટે કામ કરે છે. આ ઉપરાંત ઓફિસ સ્ટાફના પણ કેટલાક કર્મચારીઓ લાંબા સયમથી મારી સાથે છે. એમના વિના મને ચાલે જ નહી. આ કર્મચારીઓની વફાદારી મફતમાં નથી મળતી. એ માટે એમને ડગલે ને પગલે સાચવવા પડે, એમના તકલીફના સમયમાં મદદરૂપ થવું પડે અને એમના મોટા ખર્ચા હળવા બનાવવા પડે. મારા અનેક કર્મચારીઓને પોતાનું ઘર લેવામાં હું નાણાંકીય રીતે મદદરૂપ થયો છું. મારો સિધ્ધાન્ત છે કે કર્મચારીઓને એટલા ખુશ રાખો કે એ બીજે ક્યાંય જવાનું નામ ન લે.

## ૮




## રોકાણમાં સ્માર્ટ બનવું

ઇન્વેસ્ટમેન્ટ બાબતે સ્માર્ટ બનવું. તમે વધુ કમાવ એના જેટલું જ મહત્વનું છે તમે કમાયેલા પૈસાનું ઇન્વેસ્ટમેન્ટ કઇ રીતે કરો એનું છે. ઇન્વેસ્ટમેન્ટની કમાણી દ્વારા જ તમારી મિલકત, તમારું કેપિટલ વધતુ રહે છે. સ્પેર રાઇટ વર્ક્સ દ્વારા મેં મારો બિઝનેસ શરૂ કર્યો ત્યારથી મારી આવકમાં મોટો વધારો થયો. મારી બચત વધી. વધારાના પૈસા મેં પ્રોપર્ટીમાં રોકવાનું શરૂ કર્યું. પ્રોપર્ટીમાં ઇન્વેસ્ટમેન્ટ કરીને વધુ પૈસા કઇ રીતે કમાઇ શકાય એ શીખવાનું મેં શરૂ કર્યું. થોડા જ સમયમાં હું પ્રોપર્ટી ઇન્વેસ્ટમેન્ટનો નિષ્ણાત બની ગયો. અંધેરીના ચંદન નિવાસ બિલ્ડીંગમાં મને એવી તક મળી હતી કે ત્યાં મેં ત્રણ ફ્લેટ શરૂઆતમાં બૂક કરાવ્યા હતા. થોડા જ સમયમાં મેં બે ફ્લેટ વેચી દીધા અને એના નફામાંથી મને ત્રીજો ફ્લેટ સાવ મફતમાં પડ્યો. આજે પણ પ્રોપર્ટી જોઇને જ હું એની સાચી વેલ્યુ આંકી શકું છું. કહેવાનો મતલબ એ છે કે તમારી બચતનું યોગ્ય રીતે ઇન્વેસ્ટમેન્ટ કરતા શીખવું જોઇએ. આ વાત અન્ય કોઇના પર છોડી દેવાને બદલે પોતે પણ એમાં રસ લેવો.

૯



## કામ પ્રત્યે જવાબદારી

**बातें कम, काम ज्यादा :** હું જીવનમાં ખૂબ પૈસા કમાયો અને અનેક સિદ્ધિ મેળવી, પરંતુ મેં ક્યારેય આ બાબતે કોઇ શેખી નથી કરી. કોઇ મોટું કામ હાથમાં લઉં ત્યારે મારા મનમાં એ કઇ રીતે પૂરું કરવું એ વિશેના વિચારો ચાલતા રહે. પરફેક્ટ પ્લાનિંગ કરીને એનો અમલ કરવો એ મારી આદત છે. એ વિશે કોઇની સમક્ષ બડાશ મારવાનો જરાય શોખ નથી. હું આમ કરી નાંખીશ ને તેમ કરી નાંખીશ એવું બોલવાનું નિરર્થક છે. આપણા મોટા પ્લાન્સ અને ધ્યેયોમાં કોઇને રસ નથી હોતો. તમે જ્યારે કોઇ સિદ્ધિ મેળવો ત્યારે જ દુનિયાને તમારામાં રસ પડે છે. આથી કામ પૂરુ થયા પહેલા કદી એ વિશેના બણગા ન ફૂંકવા.



# Passion Over Perfection

## પરફેક્ટ પ્લાનિંગ





**‘એમના વ્યક્તિત્વની સુવાસ આજેય અમારાં જીવનમાં મહેંકે છે’**



# પરિવાર

## પ્રકરણ ૧૦



**મનોરમા**
(ધર્મપત્ની)

અમારા દાંપત્યજીવન માટે ટૂંકમાં કહું તો પેપરમાં આવતાં નિબંધ અને જીવનમાં બંધાતા સંબંધ જો આપણા મનગમતા હોય તો નિબંધ માટે શબ્દ અને સંબંધ માટે લાગણી ક્યારેય નથી ખૂટતા. મને મારા અનુભવ અને મારા જીવનસાથી વિશે કહેવાનો ઉત્તમોત્તમ અવસર મળ્યો છે. એમની કામ કરવાની લગન, કદિ હાર ન માનવાની જીદ મને ખૂબ પ્રેરિત કરે છે. મને હંમેશાં કહે છે કે મન હોય ત્યાં પગ મૂકજો. હારવું પડે તો એ રીતે હારો કે જીતનારને પણ અફસોસ થાય. એમને નવી ટેકનોલોજી અને એને કઇ રીતે ઉપયોગમાં લઇ શકાય એ માટે પ્રયાસ કરતાં રહેવાનું ગમે છે.

એ મને હંમેશાં કહેતા હોય છે કે સમયની સાથે ચાલો નહીંતર, સમયને ખરાબ લાગી જાય. સમયને માન આપવું એ એમના વ્યક્તિત્વમાં ગુંથાઇ ગયું છે. એમના જીવનમાંથી લીધેલા અનુભવ વિશે કહું તો પગેથી ચાલનાર માત્ર અંતર કાપે, મગજથી ચાલનાર ધ્યેય પ્રાપ્ત કરે છે. સફળતા એ કોઇ હાઇ જમ્પ કે લોંગ જમ્પ નથી. મન એક મેરેથોન છે. સમયને માન આપવું એ એમના સ્વભાવમાં ગુંથાઇ ગયું છે. ઓફિસની મિટિંગ હોય કે લગ્ન પ્રસંગ કે સામાજિક કાર્યનો અવસર હોય, હંમેશાં સમયસર પહોંચવું એ એમની ખાસિયત છે. એ હંમેશાં કહેતા હોય છે કે સમયથી વધુ પોતીકું કે પારકું બીજું કોઇ નથી હોતું. જિંદગીનો તડકો હસતાં હસતાં ઝીલો. તડકો, તાપ કે પવન દરિયાને સૂકવી નહીં શકે.

## મારા પપ્પા

મારા પપ્પા ખૂબ જ કૂમળું હૃદય અને પવિત્ર આત્મા ધરાવતા એક ડાયનેમિક બિઝનેસમેન છે. પોતાની સાથે સંકળાયેલા લોકોને મદદરૂપ થવા તેઓ હંમેશાં તત્પર રહે છે. પોતે જે કામ કરે એમાં એમની પૂરી નિષ્ઠા હોય છે અને આ જ કારણસર એમને દર વખતે સફળતા મળે છે. એમના વ્યક્તિત્વની એક વાત મેં ખાસ નોંધી છે કે એમણે પોતે સફળતા મેળવવાની સાથોસાથ એમની સાથે સંકળાયેલા અન્ય લોકોની પ્રગતિ થાય એ વાતની પણ તકેદારી રાખી છે. એમના જીવનની ફિલોસોફી કંઇક એવી છે કે આંખો ચાંદ-સિતારા તરફ રાખો, પરંતુ પગ જમીન પર રાખો. હું ૧૩ વર્ષની હતી ત્યારથી જ એમણે પોતાના જીવનના સંઘર્ષ વિશેની મને વાતો કરી હતી અને એ રીતે એ મારા ફ્રેન્ડ બની ગયા હતા. તેઓ હંમશાં મને અઘરા કામ સોંપતા અને એ રીતે મારામાં વિશ્વાસ મૂકીને મારો કોન્ફિડન્સ વધારતા. બચપણમાં એમણે મને લાડ કરાવવાને બદલે શિસ્ત શીખવવાનું પસંદ કર્યું છે, જેના ફાયદા આજે હું સમજી શકું છું. તેઓ મને ફક્ત એક જ સલાહ આપતા હોય છે કે 'ફેમિલિ ફર્સ્ટ, ફ્રેન્ડસ લેટર', કારણ કે મુશ્કેલીના સમયમાં ફેમિલિ જ કામમાં આવશે.



દર્શના કેસરીઆ (દીકરી)

## એક સાચા હીરા

એક સાચા હીરાની જેમ તેઓ અમૂલ્ય છે. તેઓ ખૂબ જ સ્ફૂર્તિલા અને ખુલ્લા મનના વ્યક્તિ છે. તેઓ હંમેશાં પોતાના કામમાં ધ્યાન કેન્દ્રીત કરતાં હોય છે. તેઓ મારા પિતા જેવા છે. મારામાં એમણે હંમેશાં વિશ્વાસ મૂક્યો છે અને મુશ્કેલીના સમયમાં મને હૂંફ પણ આપી છે. એમના પોઝિટિવ અભિગમને લીધે અમને સૌને સતત પ્રેરણા મળતી રહે છે. આવા પરિવાર સાથે મારો નાતો જોડાયો એ માટે હું ઇશ્વરનો આભાર માનું છું.



સૌરભ કેસરીઆ (જમાઇ)



## ધ્યેય



રાહુલ મૃગ (ઠક્કર)
- ભત્રીજો

સંબંધમાં તો હું એમનો ભત્રીજો થાઉં, પરંતુ ખરા અર્થમાં તેઓ મારા માટે પિતાસમાન જ છે. મારા ગુરુ પણ તેઓ જ છે. એમની ડાયનેમિક પર્સોનાલિટીથી હું હંમેશાં પ્રભાવિત થયો છું અને ક્યારેય સમાધાન ન કરવાના એમના અભિગમને કારણે મને જીવનમાં ધ્યેય નક્કી કરવાની પ્રેરણા મળી છે. એમણે હંમેશાં અને દરેક રીતે મારી કાળજી રાખી છે. મારી પુત્રી ધૃતિને એના દાદા એટલા બધા ગમે છે અને બંને એકબીજાની સાથે નિર્દોષ આનંદ કરતાં હોય એ દશ્ય જોઇને મને મારા બચપણના દિવસો યાદ આવી જાય છે.


## શ્રેષ્ઠ



આકાંક્ષા આર. મૃગ (ઠક્કર)
- ભત્રીજા વહુ

મારા લગ્નને સાડા ત્રણ વર્ષ થઇ ગયા છે, છતાં હું પિતા અને સસરા વચ્ચેનો તફાવત ક્યારેય સમજી નથી શકી, કારણ કે એમણે હંમેશાં મારી સાથે પુત્રી હોઉં એવો જ વહેવાર કર્યો છે. તેઓ વિશ્વના શ્રેષ્ઠ સસરા છે. એમના ચહેરા પરની કરચલીઓની પાછળ એમની વિદ્વતા છૂપાયેલી છે, એમના સફેદ વાળ એમના અનુભવોનું ઊંડાણ દર્શાવે છે. મુશ્કેલીના સમયમાં એમણે હંમેશાં મને સાચું માર્ગદર્શન આપ્યું છે.

## જયસિંહભાઈ ઠક્કર
**(નાના ભાઈ)**



હીરાલાલભાઇનો અગ્રતાક્રમ હંમેશાં પોતાનો પરિવાર રહ્યો છે. ચેરિટિ બિગિન્સ એટ હોમમાં તેઓ માને છે અને પરિવારના દરેક પ્રસંગોએ તેઓ અડીખમ ઊભા રહ્યા છે. મારી દીકરી જિગ્નાના લગ્ન વખતે હું જરા આર્થિક ભીંસમાં હતો, પરંતુ હીરાલાલભાઇએ મને કોઇ જ મુશ્કેલી પડવા ન દીધી અને મારી દીકરીના લગ્નનો પ્રસંગ સચવાઇ ગયો હતો. એમના કારણે અમારા પરિવારની સમાજમાં પ્રતિષ્ઠા વધી છે. મારા અન્ય ભાઇઓના પરિવારોને પણ હીરાલાલભાઇ એટલા જ ઉપયોગી થયા છે.



## અરવિંદ ઠક્કર
**(નાના ભાઈ)**

હું એમને લાડમાં 'હીરો' કહું છું. તેઓ પરિવારના હીરાની જેમ તેઓ ચમકી રહ્યા છે અને અમને માર્ગદર્શન આપે છે. તેઓ અમારા ભાઇબહેનો વચ્ચેની ઘનિષ્ટતાનો તાંતણો બની રહ્યા છે એટલું જ નહીં. અમારા વિસ્તારીત પરિવારને પણ એમણે એકબીજા સાથે જોડી રાખ્યો છે. મારા પુત્ર ચેતનના રોલ મોડેલ હીરો છે અને એને જ્યારે પણ જરૂર પડી ત્યારે એમણે ચેતનને વિશ્વાસ અને ટેકો આપ્યા છે. અમે અલગ અલગ શહેરોમાં રહીએ છીએ, છતાં 'હીરો'ને કારણે અમારા પરિવારોએ એકબીજા સાથે સંકળાયેલા રહ્યા છે.



## સૌરભ અનમ
**(જમાઈ)**

સંબંધમાં તો તેઓ મારા કાકા સસરા થાય છે, પરંતુ મારા માટે તેઓ મારા સહૃદયી કુટુંબીજન જેવા જ છે. જીવનમાં વધુ મહેનત કરવા માટે તેઓ હંમેશાં મારા માટે પ્રેરણારૂપ બન્યા છે. હું માનું છું કે સૌને સહાયરૂપ થવાનો એમનો સ્વભાવ અને એમનો સાહસિક અભિગમ એમના વ્યક્તિત્વનાં મુખ્ય પાસાં છે. તેઓ ખુલ્લા દિલના વ્યક્તિ છે અને સામાજિક સમારંભો પોતાની રીતે માણતા હોય છે.

## જિજ્ઞા અનમ
**(ભત્રીજી)**



તેઓ મારા કાકા નહીં, પરંતુ પિતા સમાન કાકા છે. હું એક એવી નસીબદાર છોકરી છું, જેને બે પિતા અને બે માતા પ્રાપ્ત થયા છે. મેં એમને હંમેશાં સંઘર્ષ કરીને આગળ આવતાં જોયા છે. તેઓ ક્યારેય નમતું જોખીને હાર માનવામાં નથી માનતા. મારા પ્રત્યે એમને વિશેષ વહાલ છે. એમની હાજરીથી હું ખુશ થઇ જાઉં છું અને મારા દરેક દુઃખ કે દર્દને ભૂલી જાઉં છું. મેં એમની સાથે કામ કર્યું છે અને એમને સખત મહેનત કરતાં જોયા છે.





## તારાબહેન દાવડા
**(બહેન)**

એ જ્યારે નાનો હતો ત્યારે અમારા પડોશી કલ્યાણબાઇ ઠક્કર મારી મધરને કહેતાં કે તમને પાંચ પુત્રો થશે અને એમાંના હીરો (હીરાલાલ) મોટો થઇને પોતાની પાંખો થકી મોટી ઉડાન ભરશે. એની પ્રતિષ્ઠા ચારે તરફ ફેલાશે અને એ પોતાના નામ અનુસાર, એક સાચા હીરાની જેમ ઝળકતો રહેશે. હીરાલાલ ફક્ત પોતાના કુટુંબનું જ નહીં, સમગ્ર, વિસ્તારિત પરિવારનો ખ્યાલ રાખે છે.

અગ્રતાક્રમ
પ્રેરણારૂપ
હીરા
વહાલ
સમગ
પરોપકાર
મિલન

## સુરજી ગોવિંદ ઠક્કર
**(કઝિન ભાઈ)**




હીરાલાલ મૃગ ઇઝ જેમ ઓફ એ પર્સન. તેઓ એવા મોભી છે, જેમને મૃગ પરિવાર પ્રેમ અને આદરથી જોવે છે. જે ઉંમરે વ્યક્તિ આરામ અને શાંતિની જિંદગી જીવવાનું પસંદ કરે એ ઉંમરે તેઓ સમાજને ઉપયોગી કઇ રીતે થઇ શકાય એ વિશે વિચારતા રહે છે. એમના વ્યક્તિત્વનું આ પાસું તેમને અન્યોથી અલગ પાડે છે. તેઓ કામ અને પરોપકારની ભાવનાને સંપૂર્ણ રીતે સમર્પિત છે.

## વલ્લભ મૃગ
**(કઝિન ભાઈ)**



તેઓ મારા કઝીન છે અને અમે હંમેશાં સંપથી રહ્યા છીએ. એક વાર પરિવારના સુખશાંતિ માટે મને ભાગવત સપ્તાહનું આયોજન કરવાની ઇચ્છા થઇ. મેં એમને વાત કરી તો જરાય સમય વેડફ્યા વિના એમણે મને બોલાવ્યો કહ્યું કે આ પ્રસંગમાં હું દરેક રીતે તમારી સાથે જ છું. સપ્તાહનું આયોજન બહુ જ સફળ થયું. 'મૃગ પરિવાર મિલન' પણ એમણે જ શરૂ કર્યું છે.

# હિતેચ્છુ



## રમેશભાઈ ચૌહાણ
**(બિસલેરી સામ્રાજ્યના માલિક)**

રમેશ ચૌહાણ (બિસલેરી સામ્રાજ્યના માલિક)- સેટેલાઇટ કન્વેયર્સના હીરાલાલ મૃગને બિસલેરી દ્વારા ૨૦૧૯નો સપ્લાયર પરફોર્મન્સ એક્સલન્સ એવોર્ડ આપવામાં આવ્યો છે. હીરાલાલ મારી કંપની સાથે ૧૯૬૫થી સંકળાયેલા છે. એમણે પોતાની કેરિઅર મશીન શોપ ડિપોર્ટમેન્ટના એક ક્લર્ક તરીકે શરૂ કરી હતી. બોટલિંગ કન્વેયર્સના ક્ષેત્રની એન્જિનિયરિંગને લગતી છેલ્લામાં છેલ્લી ઘટનાઓથી એમણે પોતાની જાતને વાકેફ રાખી છે. સમસ્યાના ઉકેલ માટે તેઓ એક વાસ્તવવાદી અભિગમ ધરાવે છે અને પ્રેમથી લોકો એમને 'કન્વેયર માસ્ટર' કહે છે. એમની આગામી પેઢી પણ અમારી સાથે કામ કરી રહી હોવાની મને ખુશી છે.





## મનોજ કોટક
**(સંસદસભ્ય)**

હીરાલાલ મૃગે પોતાની જ્ઞાતિ તથા સમગ્ર સમાજના ઉદ્ધાર માટે પોતાનું જીવન સમર્પિત કર્યું છે. કચ્છી લોહાણા જ્ઞાતિની વિવિધ સંસ્થાઓમાં પોતાનું હકારાત્મક યોગદાન આપતા રહીને તેઓ જે અથાગ પ્રયાસો કરતા રહે છે એની હું કદર કરું છું. સુખાકારી અને આરોગ્ય માટે એમને મારી હાર્દિક શુભેચ્છાઓ.



## જગમોહન કેજરીવાલ
**(ડાયનાટ્રોન પ્રા.લિ.)**

હીરાલાલજી જેવા ઓર્ગેનાઇઝ્ડ, શિસ્તબદ્ધ માણસ મેં ક્યારેય નથી જોયા. એમની નોટબૂકમાં દરેક કામની નોંધ હોય અને એ હંમેશાં અપટેડ રહે. તેઓ પરચેઝનું કામ સંભાળતા હતા, છતાં સો ટકા પ્રામાણીક માણસ. મને યાદ છે કે મારા મધરને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા ત્યારે હું હીરાલાલજી પર ઓફિસનું કામ છોડીને ગયો હતો, કારણ કે મને એમના પર પૂરો ભરોસો હતો.



## લીબાબહેન માધવજી કોટક
**(સૌમૈયા ટ્રસ્ટના ટ્રસ્ટી)**

મારી ઉંમર થઇ છતાં એટલું યાદ છે કે છેલ્લાં લગભગ ૩૫ વર્ષથી હું હીરાભાઇને ઓળખું છું. શ્રી કચ્છી લોહાણા સેવા મંડળ- રામબાગ, માટુંગા અને શ્રી કચ્છી લોહાણા મહાજન - મુંબઇના માધ્યમથી એ સમયે વિવિધ કાર્યક્રમો તેમ જ સમાજસેવાની પ્રવૃત્તિઓમાં હીરાભાઇએ ખૂબ જ સુંદર કાર્યો કર્યા છે. હીરાભાઇ આજે જૈફ વયે પણ જે સ્ફૂર્તિ અને ચોકસાઇપૂર્વક સમાજ સેવા તેમ જ તેમના બહોળા વિસ્તરેલા બિઝનેસને સંભાળી રહ્યા છે તે માટે તેમને ખરેખર અભિનંદન આપવા ઘટે.


હીરાભાઇનું જીવન સાચે જ એટલી બધી વિશિષ્ટતાઓ અને પ્રેરણાઓથી ભરેલું છે કે તે જોતાં આપણને દિલથી એમ થાય કે એમની આત્મકથા લખાઇ રહી છે ત્યારે તે ખરેખર યોગ્ય જ થઇ રહ્યું છે. આજની અને આવનારી પેઢી માટે હીરાભાઇની આત્મકથા સાચી માર્ગદર્શક અને પ્રેરણાદાયી નીવડશે.

જે ઉંમરે લોકો સંસાર, સમાજ અને વ્યવસાયમાંથી નિવૃત્તિ લેવાનું વિચારતા હોય છે તે ઉંમરમાં હીરાભાઇએ તેમની સમાજસેવા તેમ જ બિઝનેસને વધુ ઝડપથી વિસ્તાર્યો છે. હું આપણા કુળદેવતા શ્રી દરિયાલાલને પ્રાર્થના કરીશ કે હીરાભાઇ વધુને વધુ સમાજસેવા કરતાં રહે તેવી તંદુરસ્તીભર્યું દીર્ઘાયુ અર્પે.

## જગદીશ હંસરાજ કેસરિયા
**(વેવાઇ)**



હીરાલાલ એક અમૂલ્ય રત્ન જેવા છે. તેઓ મારા ફ્રેન્ડ, ફિલોસોફર, ગાઇડ અને શુભેચ્છક છે. ૨૦૧૩માં મારા પુત્ર સૌરભ સાથે એમની પુત્રી દર્શાનાની સગાઇ થઇ ત્યારે હું એમના પરિચયમાં આવ્યો હતો. એમણે દર્શાનાને એવી સારી તાલીમ આપી છે અને પોતાના સઘળા ગુણ એને વારસામાં આપ્યા છે, જેના કારણે દર્શના એના પિતાના પડછાયા જેવી બની ગઇ છે. તેઓ હંમેશાં ખુશ અને આનંદીત રહેતા હોય છે, જેના કારણે તો એવરગ્રીન દેખાય છે. સામાજિક કાર્યોમાં પણ તેઓ હંમેશાં આગળ પડતા રહે છે.



## દેવેન્દ્ર અનમ
**(વેવાઇ)**

હીરાલાલની ઉંમર ભલે ૭૮ વર્ષની રહી, પરંતુ હકીકતમાં તેઓ (૭+૮) ૧૫ વર્ષનો થનગનતા વિચારવાળો નવયુવાન છે. હીરાલાલભાઇ એટલે હીરો નહીં, હીરાની ખાણ. એમણે શૂન્યમાંથી સર્જન કર્યું છે અને શિવજીની કૃપાથી રિદ્ધિ સિદ્ધિ મેળવી છે. સત્ય એમનો ગુણ છે. એમનો બીજો ગુણ એ છે કે તેઓ ખૂબ જ પ્રેમાળ હૃદયના છે. તેઓ મારા વેવાઇ કરતાં મારા મોટાભાઇ જેવા વધુ છે.

એમના હૃદય અને આંખોમાં હંમેશાં કરુણા ભરેલી હોય છે. આખા કુટુંબ અને સમાજના નાનામોટા સૌ માટે એમના દિલમાં કરૂણા હોય છે. હું એવી પ્રાર્થના કરું છું કે શિવ શક્તિ એમને શક્તિ, સમૃદ્ધિ, શાંતિ અને સંપૂર્ણ સ્વસ્થ આયુષ્ય આપે.



## સુરેન્દ્ર ઠક્કર
**(સાળા)**

હીરાલાલભાઇ પોતાના કામ બાબતે હંમેશાં પોઝિટિવ રહેતા હોય છે. તેઓ એક એવા હીરા છે, જે સદા ઝળકતા રહે છે. હીરાલાલને પોતાની દરેક ફરજ પૂરા કમિટમેન્ટ સાથે નિભાવી છે. બિઝનેસમાં સફળ થવા માટે એમણે જેટલી મહેનત કરી છે એટલી જ કાળજી એમણે પોતાના પરિવારને સુખી બનાવવા માટે કરી છે. એમણે જીવનમાં ઘણો સંઘર્ષ કર્યો છે અને દરેક પ્રતિકૂળ પરિસ્થિતિમાંથી તેઓ સફળતાપૂર્વક બહાર આવ્યા છે. રોજિંદા કાર્યોમાંથી સમય કાઢીને તેઓ સમાજસેવા પણ કરતાં રહે છે, જેના કારણે અન્યોને પ્રેરણા મળે છે.



## શ્રીમતી માલતી સુરેન્દ્ર ઠક્કર
**(સાળાના પત્ની)**

આમ તો અમારા જમાઇ થાય, પરંતુ હીરાલાલભાઇ હંમેશાં ઘરના મોભી તરીકે રહ્યા છે. દરેક પ્રસંગમાં અમને એમણે સાથ આપ્યો છે. હીરાલાલભાઇ પોતાની ફરજ બજાવવામાં પાછળ નથી રહ્યા. અંગત જિંદગી તથા બિઝનેસ બંને પ્રત્યે એમણે એકસરખું ધ્યાન આપ્યું છે. એમના જીવનમાં ઘણા ચડાવઊતાર આવ્યા છે, પરંતુ તેઓ હંમેશાં પોતાના નામ પ્રમાણે દરેક સ્થિતિમાં ઝળકતા રહ્યા છે. જેવું એમનું નામ છે એવું જ પ્રકાશમય એમનું જીવન રહ્યું છે.



## હેમરાજ શાહ
**(બૃહદ મુંબઈ ગુજરાતી સમાજના પ્રમુખ)**

હીરાલાલભાઇ કચ્છીઓને ગૌરવ અપાવે એવી એક મોટી પ્રતિભા છે. તેઓ એક સફળ ઉદ્યોગપતિ છે અને સમાજ માટે પણ ઘણાં સેવાકાર્યો કરતાં રહે છે. આ ઉંમરે પણ એમનામાં ગજબની સ્ફૂર્તિ ચુસ્તી જોવા મળે છે. તેઓ સંબંધ સાચવી જાણે છે.



## ચાંદમલ કુમાવત
**(મનિષ મિડિયાના ચેરમેન)**

નવા આઇડિયાઝ વિચારવા અને એને નક્કર સ્વરૂપ આપવાની ઇચ્છા હંમેશાં હીરાલાલ મૃગના જીવનન ડ્રાઇવિંગ ફોર્સ રહી છે. અન્વેષણો માટેની ખેવના તથા બિઝનેસની સાહસિકતા હીરાલાલ મૃગના વ્યક્તિત્વની ખાસિયત રહી છે. એમને અનેક એવોર્ડ્સ મળી ચૂક્યા છે, છતાં ઉત્કૃષ્ટતા માટે તેઓ હંમેશાં મથતાં રહે છે. સપનાં જોવા અને એને સાકાર કરવા માટે સતત કામ કરતાં રહેવું એવો અભિગમ એમની કંપનીની ટેગલાઇ 'બોટલ મસ્ટ મૂવ, કીપ ધેમ મૂવિંગ' સાથે એકદમ સુસંગત છે.





## દામજી ગડા
**(પડોશી)**

હીરાલાલ મૃગ એક ઉત્સાહી માણસ છે. મને જ્યારે પણ એમની સાથે કામ કરવાનો મોકો મળ્યો છે, ત્યારે મેં એમનામાં ખૂબ જ એનર્જી, ઉત્સાહ અને પ્રોફેશનલીઝ જોયા છે. તેઓ ખૂબ જ પદ્ધતિસર કામ કરવામાં માને છે. અમારી સોસાયટીમાં ગેસ લાઇન મેળવવાના કાર્યમાં એમણે આવી કુશળતા દેખાડી હતી. મિત્રોને મદદ કરવા તેઓ હંમેશાં તત્પર હોય છે.



## શ્રી વિનોદ શેટ્ટી
**(પડોશી)**

અમારી સોસાયટીના બધા જ સભ્યો વતી હું કહેવા માંગુ છું કે તેઓ એક ખૂબ જ સરળ અને મજાના માણસ છે. સોસાયટીની કોઇ સમસ્યા એમની પાસે લઇ જઇએ ત્યારે તેઓ એકદમ પદ્ધતિસરના અભિગમ સાથે અમને વહેવારું ઉકેલ સૂચવતા હોય છે. કમિટિ જે નિર્ણયો લે એનો અમલ કરાવવામાં તેઓ સક્રીય રસ લેતા હોય છે.



## સુનીલ પરંદેકર
**(બેન્ક મેનેજર)**

હીરાલાલ અંધેરી છોડીને મુલુંડ ગયા એનાથી અમને બહુ મોટી ખોટ પડી છે. આવા સારા કસ્ટમર સરળતાથી મળતા નથી. હીરાલાલ મૃગ એટલે એકદમ વિશ્વસનીય વ્યક્તિ. એમની કોઇ વાતમાં કંઇ પૂછવાનું જ ન હોય. એમની સાથેના વહેવારમાં અમારે કંઇ ચેક ન કરવાનું હોય.



## શેખર ઠક્કર
**(વેવાઈ)**

જે વ્યક્તિ પોતાનો સ્વભાવ પરિસ્થિતિને અનુકૂળ બનાવી શકે છે, કેવી પણ પરિસ્થિતિમાં કોઇના માટે ગમે તે કરી છૂટવાની ક્ષમતા ધરાવી શકે છે એ વ્યક્તિ જીવનના આ રંગમંચ પર શ્રેષ્ઠ કલાકાર બની શકે છે. હીરાલાલભાઇ એક લાગણીશીલ અને દયાળુ વ્યક્તિત્વના માલિક છે. અમારા સંબંધો અમારા સંતાનો થકી વિકસ્યા. ચાર વર્ષ પહેલા મારી નાની પુત્રી આકાંક્ષાના લગ્ન રાહુલ સાથે ત્યારથી અમે પરિચયમાં આવ્યા અને પછી હંમેશાં માટે સ્નેહના તાંતણે બંધાઇ ગયા. હીરાલાલભાઇ શ્રીકૃષ્ણ સમાન સારથિ બનીને અમારા જીવનરથના માર્ગદર્શક બન્યા છે અને અમને પ્રેરણા આપી છે.



## અશોક ભાવે
**(વાઈસ પ્રેસિડન્ટ પાર્લે એગ્રો)**

હીરાલાલભાઇ સાથેનો મારો સંબંધ દાયકાઓ જૂનો છે. તેઓ બહુ જ એક્ટિવ રહે છે અને એમનો એપ્રોચ એકદમ ક્લિયર હોય છે. પોતાના કામની બાબતમાં નવું શીખવા માટે તેઓ હંમેશાં તત્પર રહે છે. મેં એમને સખત મહેતન અને સંઘર્ષ કરતાં જોયા છે. તેમના ઉમદા સ્વભાવ અને માર્કેટિંગની ટેકનિક્સને કારણે પારલે બોટલિંગ કંપનીનું કામ સતત એમને મળતું રહ્યું છે. સફળતા મેળવવા માટેની એમનામાં જે ધગશ છે એ પ્રસંશાપાત્ર છે.



## કમલેશ ગજરિયા
**(પડોશી)**

એક જ માળાના પંખી તેમ  જ પહેલો સગો પાડોશીના નાતે અને ગુજરાતી પ્રસાર મંચના ઉપપ્રમુખ તરીકે શ્રી હીરાલાલભાઈ મૃગ સાથે હું છેલ્લા  ૧૫ વર્ષોથી પરિચયમાં છું. તેમની સાથેના અનુભવની વાત કરું તો નીડર,નિખાલસ અને મજાના વ્યક્તિ કહી શકાય. માતૃભાષા માટે હાકલ પડે તો તન-મન-ધનથી સદાય તૈયાર એવા હીરાલાલભાઈ. ખાસિયત તો એવી કે ડગલું ભર્યું કે પાછું ન હટવું. 'યા હોમ કરીને પડો ફતેહ છે આગે.'



## હાર્દિક પંડિત
**(આર્કિટેક્ટ)**

હીરાલાલ ફુવાની લાઇફ બહુ જ પ્રેરણાદાયક છે. પોતાના ક્ષેત્રમાં સફળતા અને પ્રતિષ્ઠા કમાવા માટે એમણે બહુ જ મહેનત કરી છે. આ ઉંમરે અન્ય લોકો નિવૃત્તિ લઇને આરામ કરવાનું વિચારે ત્યારે એમનામાં નવાં નવાં સાહસ કરવાનો ઉત્સાહ થનગને છે. નવી મુંબઇના રબાલે ખાતે આવેલી એમની ફેક્ટરીની ઓફિસની ડિઝાનનું કામ મેં કર્યું ત્યારે મને એમના ચીવટભર્યા સ્વભાવનો પરિચય થયો. પોતાને શું જોઇએ છે એ બાબતે તેઓ હંમેશાં સ્પષ્ટ હોય છે. તેઓ ઝીણામાં ઝીણી વાત પર ધ્યાન આપવામાં માને છે. હીરાલાલ ફૂવાના વ્યક્તિત્વનું એક બીજું પાસું પણ છે. મારા લગ્નની સંગીતસંધ્યામાં એમના આનંદીપણા અને મોજીલા સ્વભાવનો મને પરિચય થયો હતો.

-

હીરા
પ્રેરણાદાયક
સફળતા
પ્રસંશાપાત્ર



# મિત્ર વર્તુળ



## સૂર્યકાન્તભાઇ

હીરાલાલ એટલે સુખદુખનો સાથી. કોઇને પણ તકલીફ હોય તો એ હીરાલાલને કહે અને તકલીફ દૂર થઇ જાય. તમારા શુભ પ્રસંગોમાં પણ હીરાલાલ અચૂકપણે હાજરી પૂરાવે જ. એમની સાથેના અનેક સંસ્મરણોનું ભાથું અમારા સૌ મિત્રો પાસે છે. એમની સાથે વાત કરીને આજે પણ હું હૂંફ અનુભવું છું.



## જગજીવન મૂળજી તન્ના
**(ભૂતપૂર્વ નગરસેવક)**

મનસૂબા ફક્ત ખયાલી પુલાવ હોય છે, ઉદ્યમ કરવાથી જ સિદ્ધિ હાંસલ થાય છે. હીરાલાલ મૃગે આ વિધાનને સાર્થક કરી બતાવ્યું છે. વેપાર ઉદ્યોગમાં સફળતા મેળવ્યા પછી હીરાલાલભાઇ ક્યારેક સામાજિક જવાબદારીઓથી વિમુખ નથી થયા અને તન, મન, ધનથી અન્યોને સહાયરૂપ બનતા રહ્યા છે. એમની યશસ્વી કારકીર્દિ તથા ઉદારદિલ વ્યક્તિત્વનો હું આદર કરું છું.



## અરૂણભાઇ ભિડે

હીરાલાલભાઇ એક સમાજ શ્રેષ્ઠી છે અને સમાજ હીતની વિવિધ પ્રવૃત્તિઓમાં હંમેશાં અગ્રેસર રહે છે. એમના પર લક્ષ્મીના દેવોની કૃપા છે અને એનો લાભ તેઓ વિવિધ સંસ્થાઓને પણ આપી રહ્યા છે. સામાજિક સેવાકાર્યોમાં અમે બંને સહભાગી બનીએ છીએ અને એ રીતે એક બીજાના પૂરક છીએ. કહેવાની જરૂર નથી કે અમે બંને ગાઢ મિત્રો છીએ.



## લાલજી એસ. કતિરા

હીરાલાલ મૃગ બહુમુખી પ્રતિભાસંપન્ન વ્યક્તિત્વ ધરાવે છે. નામને સાર્થક કરીને તેઓ પાસાં પાડેલા હીરાની જેમ ચમકી રહ્યા છે. સામાજિક ક્ષેત્રે પોતાની સમર્પિત ભાવનાને કારણે તેઓ બહુ ઝડપથી લોકચાહના મેળવી રહ્યા છે. સમાજ પાસેથી એમણે જેટલુ મેળવ્યું છે એનાથી અનેકગણું તેઓ સમાજને આપી રહ્યા છે. ઉંમરની અસર એમના કામ પર ક્યારેય વર્તાઇ નથી અને આ ઉંમરે પણ તેઓ યુવાનોને પ્રેરણા આપી શકે એવી સ્ફૂર્તિથી કામ કરે છે.



## હર્ષ મહારાજ

આ જગતમાં દર ૧૦૦ વ્યક્તિમાંથી એક ધનવાન બને છે, દર હજારમાંથી એક રૂપવાન હોય છે અને દર લાખમાંથી એક દાનવીર બને છે. મને આવી એક દાનવીર વ્યક્તિનો સાથ મળ્યો છે એ વાતની મને ખુશી છે. ઇશ્વર તમને કયા સ્વરૂપમાં દર્શન આપે એની ખબર નથી પડતી, પરંતુ મારા માટે તો ‘ગોડફાધર’ અને મેન્ટર ‘હીરાલાલજી’ જ છે. શૂન્યમાંથી સર્જન કરનાર હીરાલાલભાઇને હું મારા આદર્શ માનું છું.



## મનુભાઈ શાહ

અમે બચપણના સાથીઓ છીએ. યુવાનીમાં જે કંઇ કરાતું હોય એ બધુ અમે સાથે મળીને જ કર્યું છે. વડાલા સ્ટેશન બહાર હજામના ઓટલા પર અમારી રોજ રાત્રે બેઠક થતી અને એમાં અમે સૌ મોજ કરતાં. હીરાલાલને અમે સંકટ સમયની સાંકળ ગણતા. જ્યારે પણ કોઇને મુશીબત આવે ત્યારે એ હીરાલાલ સમક્ષ પોતાની સમસ્યા રજૂ કરે. હીરાલાલ પાસે દરેક સમસ્યાનો ઉકેલ મળી આવે.મિત્રોને ખવરાવા પીવરાવવામાં પણ હીરાલાલ હંમેશાં મોખરે રહેતા.



## કમલ બિલિમોરીયા

હીરાલાલજી સાથેનો મારો પરિચય દાયકાઓ જૂનો છે. અમે પારલે કંપનીમાં સાથે કામ કરતાં હતા. એમના ચહેરા પર હંમેશાં સ્ફૂર્તિ અને સ્મિત છવાયેલા રહે છે. કંપનીમાં એમની છાપ બહુ જ સારી હતી. ખાસ તો અમારા ઉપરીઓ એમને બહુ આદર આપતા. હું હવે નોકરીમાંથી નિવૃત્ત થઇ ચૂકી છું, છતાં એમના તથા એમની પુત્રીના સંપર્કમાં રહેવાની કોશિષ કરતી રહું છું. એમની સાથે વાતો કરવાની ખૂબ મજા આવે.





## બચુભાઈ શેઠ

અમે એકબીજાને ૫૦ વર્ષોથી ઓળખીએ છીએ. મેં એમને ‘ટ્રબલ શૂટર’ નો ખિતાબ આપ્યો છે. નાનાં મોટાં સૌનો તેઓ ખયાલ રાખે છે. પોતાની આસપાસના લોકોને મેનેજ કરતાં એમને આવડે છે. એમની પાસે ગમે એવો પ્રોબ્લેમ લઇ જવામાં આવે તો એફનો ઉકેલ તેઓ આપે જ છે. કામકાજમાં તેઓ એકદમ વ્યવસ્થિત છે અને એમનું પેપર વર્ક હંમેશાં અપ ટુ ડેટ હોય છે.

***ભૂતકાળના સંભારણા, જીવનને કિનારે કરેલા છબછબિયા : એ મોજીલા સમયની સાથે બેસીને માણેલી રંગીનિયા,***

***જેમ હીરાભાઈની કામ તેમ જ વાણીની મહેનત, અને સાથે પીધેલી ચાહની ચુસ્કી અને કામની લહેજત,***

***કોઈ કહે હીરા ભાઈ, કોઈ હીરાલાલ, કોઈ હીરાકાકા રસિયા,***

***જેને હૈયે વટ, વેપાર, વ્યવહાર અને કરુણા વસિયા,***

***સડસડાટ ચાલી ગાડી જીવનની, જાણે હર ઘડી માણી ઉપવનની...***



## ગુણવંત મહેતા

મારી ઉંમર અત્યારે ૯૦ વર્ષની છે અને આવા સમયે હીરાભાઇ જેવી વ્યક્તિ વિશે વાત કરવાન વિશેષ આનંદ અનુભવું છું. અમારા વચ્ચે છેલ્લા ૬૦ વર્ષોથી આત્મીય સંબંધો છે. તેઓ પોતાની આસપાસના લોકોને હંમેશાં મદદ કરતાં હોય છે. તેઓ ક્યારેય ટૂંકા ગાળાનાં લાભ જોતા નથી અને હંમેશાં લાંબા ગાળાના સંબંધોને વધુ મહત્વ આપે છે.

૧૯૬૦માં હું વડાલામાં રહેવા આવ્યો ત્યારે સૌથી પહેલા હીરાલાલ સાથે મુલાકાત થઇ અને એમના થકી બીજાની ઓળખાણ થઇ. અમારું એક નાનું ગૃપ બની ગયું હતું. જેમ ધીરુભાઇ અંબાણીએ શૂન્યમાંથી સર્જન કર્યું એમ હીરાલાલે પણ એક પર્ચેઝ મેનેજરમાંથી શરૂઆત કરીને ખૂબ પ્રગતિ કરી અને ઉદ્યોગપતિ બન્યા. ૧૯૮૦માં મારા દિકરાને ભણવા માટે અમેરિકા મૂકવા ગયો ત્યારે હીરાલાલે મારા પરિવારનું ખૂબ ધ્યાન રાખ્યું હતું. એમનામાં ગજબની ખાનદાની છે. તેઓ દરેક તકને ખૂબ જ ઉત્સાહથી ઝડપી લેવામાં માને છે.



## ઉર્જિત પોપટ

ઉંમર એક માનસિક અવસ્થા છે. જો તમે ઉંમરને મનમાંથી કાઢી નાંખો તો ઉંમરની તમારા પર કોઇ અસર નથી થતી. હું બહુ ઓછા બુદ્ધિશાળી અને વહેવારુ માણસોને મળ્યો છું, જેમાં હીરાલાલ મૃગનો સમાવેશ થાય છે. વર્ષોથી હું એમની તથા એમના પરિવાર સાથે સંકળાયેલો છું એનો મને આનંદ છે. તેઓ અવિરત સમાજ માટે કામ કરતાં રહી શકે એવી હું ઇશ્વરને પ્રાર્થના કરું છું.



## મિતેશભાઈ પલણ

મારા વડીલ છે અને શુભેચ્છક છે. હું એમના વ્યક્તિત્વથી બહુ જ પ્રભાવિત છું. જરૂર પડે ત્યારે જીવનમાં જે ત્રણ જણાની સલાહ લઉં છઉં એમાં હીરાલાલભાઇનો સમાવેશ થાય છે. એમની પાસેથી હું ઘણું શીખ્યો છું અને શીખી રહ્યો છું. ખાસ તો કામ કરવાની એમની સિસ્ટમ મને બહુ ગમે છે. એમની બીજી વિશેષતા એ છે કે તેઓ જે બોલે એ કરી બતાવે છે.



## મેઘકુમાર ખોના

### (ધનરાજ હૉસ્પિટાલિટી એન્ડ સર્વિસ પ્રા.લિ.)

હીરાભાઇને આમ તો હું છેલ્લા સાત વર્ષોથી ઓળખું છું, પરંતુ ડિસેમ્બર, ૨૦૧૫માં એમના ભત્રીજા રાહુલના લગ્ન થયા ત્યારથી અમે મિત્રો બન્યા. એમણે જે રીતે મારી સાથે સ્પષ્ટ વાત કરી અને  મારામાં વિશ્વાસ મૂક્યો એના કારણે મને એમનું ફંક્શન મારા પોતાના પરિવારનો પ્રસંગ હોય એ રીતે મારે એરેન્જ કરવું પડ્યું.

લગ્નની ગોઠવણ બાબતે ચર્ચા કરતી વખતે એક વાર મેં એમને કહ્યું કે તમે લગ્નના સમયે હાજર થઇ જજો બસ, બાકીનું બધુ હું સંભાળી લઇશ. હું છેલ્લા બે દાયકાથી આ વ્યવસાયમાં છું, પરંતુ તેમની સાથે જે આત્મીય સંબંધ બંધાયો છે એવો સંબંધ ભાગ્યે જ કોઇની સાથે બંધાયો છે. એમની જીવનકથા વાંચીને યુવા પેઢીને એવી જરૂર પ્રેરણા મળશે કે તકલીફ પડે ત્યારે પણ હાર ન માનવી અને પ્રયાસો ચાલુ લાખવા. માણસનું બેન્ક બેલેન્સ ગમે એટલું હોય છતાં એ થોડોઘણા દાનધર્મ તો કરી જ શકે છે. પરિસ્થિતિ ઊભી થાય તોય સતત પ્રયાસ કરતાં રહેવું



## જયંતિલાલ સચદે

કોઇ પણ બાબતને સ્પષ્ટ તથા મૈત્રીપૂર્ણ રીતે હાથ ધરવાના એમના અભિગમ તથા એમના આનંદી સ્વભાવથી હું હંમેશાં પ્રભાવિત થયો છું. અમારા પરિવારમાં એમનું એક ખાસ સ્થાન છે અને અમે એમનો ભારે આદર કરીએ છીએ. પોતાની આત્મકથા લખવા માટે હું એમને અભિનંદન આપું છું અને મને આશા છે કે એ વાંચીને યુવાનો ક્યારેય સંઘર્ષ છોડી ન દેવાનો પાઠ શીખશે.



## અનિલભાઈ શાહ

હીરાલાલભાઇ સાથે હું બહુ લાંબા સમયથી સંકળાયેલો રહ્યો છું. તેઓ જેમના સંપર્કમાં આવે એમની પાસેથી શ્રેષ્ઠ કામ કઢાવવાની એમનામાં આવડત છે અને એનો ઉપયોગ તેઓ એ રીતે કરે છે, જેનાથી બંનેને લાભ થાય. મિત્રોને મદદરૂપ બનવા તેઓ હંમેશાં તૈયાર હોય છે અને એમની સાથે સતત સંપર્કમાં રહેતા હોય છે.





## જશપાલ સિહ પતિયાલ

૧૯૮૧માં પારલે એક્પોર્ટ્સની દિલ્હી બોટલિંગ કંપનીમાં જોડાયો, જ્યાં હીરાલાલજી બોટલિંગની કન્વેયરિંગ સિસ્ટમ સંભાળતા હતા. એમના મધુર સ્વભાવ તથા બોટલિંગ વિશેની એમની જાણકારીને લીધે અમે ગાઢ મિત્રો બન્યા. હું એમને પ્રેમથી ગુજરાતી મોટાભાઇ કહીને બોલાવતો, પરંતુ તેઓ મને કહેતા કે ‘હમ ગુજરાતી નહીં બાબા, હમ કચ્છી હૈ.’ અમે પ્લાન્ટ પર સાથે કામ કરતાં ત્યારે ઘણી વાર રાત્રે મોડું થતું અને પછી સાથે ડિનર કરવા જતા. તેઓ સાદુ ભોજન પસંદ કરતા. હીરાલાલજી એક સરળ, પ્રોફેશનલ અને નિષ્ઠાવાન માણસ છે. હું એમની પાસેથી ઘણું શીખ્યો છું.



## સુધીરભાઇ પાલેજા

મારા લગ્ન હીરાલાલભાઇએ કરાવ્યા. મારા ફાધર જેવા છે. આમ તો મારા ફાધર સાથે એમને સંબંધ હતો, પછી મને સપોર્ટ આપ્યો અને હવે મારા આખા ફેમીલીના ફ્રેન્ડ બની ગયા છે. અમારા પરિવારના દરેક સુખદુખના પ્રસંગોમાં એમની હાજરી રહી છે.



## એન. આર. નિકમ

એ સમયે અમે એક ખાસ પ્રકારના મશિનરી બેલ્ટ વિદેશથી આયાત કરતા હતા અને હીરાલાલે એ પોતે બનાવી આપવાની તૈયારી બતાવી. અમે એમને એ તક આપી અને હીરાલાલે એ કરી બતાવ્યું. એટલું જ નહીં, અમને એ પ્રમાણમાં ઘણું સસ્તું પડ્યું. માણસ તરીકે હીરાલાલ સોનાના માણસ છે. તેઓ નાનાંમોટાં સૌને એક સરખું મહત્વ આપવામાં માને છે. એમના પ્રેમાળ સ્વભાવ અને મીઠી જબાનને કારણે એમની સાથે કામ કર્યાના ખુશીભર્યા અનુભવો હંમેશાં યાદ રહે છે.



## વિશ્વમણિ તિવારી

આજે જ્યારે લોકો સ્વાર્થ માટે એકબીજાનું પત્તું કાપવાનો મોકો નથી છોડતા અને સૌ સજ્જનતાનું મોહરું લગાવીને ફરે છે ત્યારે એક પ્રામાણિક માણસને શોધવાનું મુશ્કેલ છે. આમ છતાં હું જ્યારે આંખો બંધ કરીને એવા કોઇ સજજન વિશેની કલ્પના કરું છું ત્યારે હીરાલાલ મૃગનો ચહેરો મારી નજર સામે ઉપસે છે. આજે પૈસા અને પ્રતિષ્ઠા બંને કમાવાનું મુશ્કેલ છે. લોકો પ્રતિષ્ઠાના ભોગે પૈસા કમાવા તૈયાર થઇ જતાં હોય છે, પરંતુ હીરાલાલજી બિઝનેસમાં હંમેશાં નૈતિકતાનો અગ્રતાક્રમ આપે છે. તેઓ માને છે કે બિઝનેસમાં બંને પાર્ટીને લાભ થવો જોઇએ. હીલાલાલજી સાથે દરેક ઉંમરના લોકો કમ્ફેર્ટેબલ અનુભવે છે. તેઓ અણીના સમયે મદદ માટે આવીને ઊભા રહે એવા મિત્ર છે.

# વ્યાપારી મિત્રગણ



## વિરલ શાહ
**(બિલ્ડર)**

હી એટલે હીરે જૈસી ચમક, રા એટલે રામજી જૈસી સચ્ચાઇ, લા એટલે લાલબહાદૂર જૈસી સાદગી અને લ એટલે લક્ષ્મણજી જૈસી શ્રદ્ધા. અમારા હીરાલાલજીમાં આના સિવાયના પણ અનેક ગુણો છે. તેઓ પિતાતુલ્ય છે અને મિત્ર સમાન છે. એમણે એકલા હાથે શૂન્યમાંથી સર્જન કર્યું છે.



## કમલેશ પલણ
**(ફોટોગ્રાફર)**

હીરાલાલભાઇ પાસેથી હું ઘણું શીખ્યો છું, જેમાંનું એક વાક્ય છે 'યેસ, આઇ વિલ ડુ ઇટ.' એમની પાસે નવા આઇડિયાઝ હોય છે, જેનાથી અમને શ્રેષ્ઠ પ્રયાસો કરવાની પ્રેરણા મળે છે. બિઝનેસ કરવાનું હું એમની પાસેથી શીખ્યો છું અને તેઓ મારા ખરા મેન્ટર છે.



## શરદ એ. જોગળેકર

અમે ૪૦ વર્ષો પહેલા મળ્યા હતા. એમનો સ્વભાવ મને હંમેશાં મોજીલો લાગ્યો છે. દરિયામાં જેમ દિવાદાંડી આપણને સાચો માર્ગ બતાવે એમ બિઝનેસમાં એમણે મને માર્ગદર્શન આપ્યું છે. પૈસા કઇ રીતે ભેગા કરવા, કઇ રીતે મેનેજ કરવા અને એનો ઉપયોગ કઇ રીતે કરવો એ મને એમની પાસેથી શીખવા મળ્યું છે. અંતમાં હું એટલું જ કહીશ કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની જેમ હીરાલાલભાઇ માટે બધુ શક્ય છે.





## એલ. ડી ભાર્ગવ

હીરાલાલ મૃગે અનેક બ્રિવરીઝમાં કન્વેયર સિસ્ટમ સપ્લાય કરી છે. ૧૯૮૪ થી ૧૯૯૧ સુધી એમણે લંડન પિલ્સનર બ્રિવરીઝમાં કન્વેયર સિસ્ટમ સફળતાપૂર્વક સપ્લાય કરી હતી. ૧૯૯૭ પછી એમણે બોમ્બે બ્રિવરીઝ તથા બીજી અનેક યુબી બ્રિવરીઝમાં ફૂલ કન્વેયર સિસ્ટમ સપ્લાય કરી હતી. એમની કંપની નેપાલ તથા સિક્કીમની બ્રિવરીઝમાં પણ સપ્લાય કરે છે. તેઓ આફ્ટર સેલ્સ સર્વિસની બાબતમાં પણ ક્યારેય ઊણા ઊતરતા નથી. તેઓ હંમેશાં અપેક્ષા કરતાં વધુ સારી સેવા આપે છે.



## મંગેશ નાડકર્ણી

૧૯૬૫માં હું હીરાલાલજી સાથે પારલે બોટલિંગ કંપનીમાં કામ કરતો હતો. હું બોટલિંગ મેનેજમેન્ટનું કામ સંભાળતો હતો અને તેઓ પરચેઝનું. મશીનરીની હાર્ડવેર આઇટેમ્સ વિશેની એમની માહિતિ ગજબની હતી અને લોહાર ચાલમાં કયા સ્પેર પાર્ટ્સ ક્યાં મળે એની પૂરી જાણકારી એમને હતી. મેં ડ્યુક્સ માટે કામ કરવાનું શરૂ કર્યું ત્યારે મારે બધી મશીનરીઓ ખેતવાડીથી ચેમ્બુર ખસેડવાની હતી અને તત્કાળ કામકાજ પાછું શરૂ કરવાનું હતું. મને યાદ છે કે હીરાલાલ મને એ સમયે ખૂબ જ મદદરૂપ થયા હતા.



## બિપિન દેસાઇ

હીરાલાલ જેવા એક્સપર્ટ સાથે આટલા વર્ષ સુધી મને કામ કરવાની તક મળી એ માટે હું મારી જાતને નસીબદાર ગણું છું. એમની પાસે જે જાણકારી તથા સૂઝબૂઝ છે એનું મૂલ્ય મારા માટે ઘણું વધુ છે અને એ જાણકારી તેઓ બીજાને આપવા પણ તત્પર હોય છે. એમણે ફક્ત મને જ નહીં, એમની સાથે સંકળાયેલા તમામને નિષ્ઠા તથા લગનથી કામ કરવા માટેની પ્રેરણા આપી છે. હું એમને મારા મેન્ટર અને ફ્રેન્ડ ગણું છું.



## વૈભવ ગોયલ

હીરાલાલ મૃગને હું ૨૦૧૫માં પહેલીવાર મળ્યો હતો અને ત્યારે જ અમે પહેલી બિઝનેસ ડીલ કરી હતી. ત્યારે જ મને લાગ્યું હતું કે આટલી વિવેકી તથા શાંતચિત્ત વ્યક્તિને મળવાનું ભાગ્ય જ બનતું હોય છે. પોતાની બિઝનેસ લાઇફ તેમ જ પર્સનલ લાઇફમાં એમણે ઘણા ધ્યેયો સિદ્ધ કર્યા છે. એમણે બિઝનેસ અને ફેમિલી બંનેને બહુ જ સુંદર રીતે હેન્ડલ કર્યા છે. હું કહીશ કે તેઓ એક દંતકથાસમાન વ્યક્તિ છે. એમની પાસેથી હું ઘણું શીખ્યો છું.

## સુબ્બા બાંગેરા



હું કહીશ કે એમના માતાપિતાએ એમનું નામ એકદમ યોગ્ય રાખ્યું છે. તેઓ હીરો જ છે. ૧૯૯૬-૯૭માં હું એમના પરિચયમાં આવ્યો હતો. અમને કન્વેયર્સની જરૂર હતી અને પારલેના પ્રકાશ ચૌહાણે એમનું નામ આપતાં કહ્યું હતું કે હીરાલાલ મૃગ તમને પૂરા સંતોષ સાથે કામ આપશે. પહેલા એર કન્વેયર્સ ભારતમાં આયાત કરવા પડતાં હતા, પરંતુ હીરાલાલે એ અહીં બનાવવાનું શરૂ કર્યું. અમે હવે ફેમિલી ફ્રેન્ડ્સ છીએ. એમની સાથેનો એક પ્રસંગ યાદ આવે છે. અમે ભુતાનમાં કાર પ્રવાસ કરી રહ્યા હતા અને કોઇક રાજકીય કારણોસર અમને વચ્ચે રોકવામાં આવ્યા. ત્યારે હીરાલાલે આર્મીના અધિકારીઓ સાથે વાત કરી અને તરત અમારી કારને છોડી દેવામાં આવી. આ એમના વ્યક્તિત્વની ખાસિયત છે.



## જય સિંહ પોપટ

તેઓ મારા બિઝનેસ સાથી છે અને મિત્ર પણ છે. વર્ષો પહેલા લાયન્સ કલબ અને માટુંગાની શ્રી કચ્છી લોહાણા સેવા મંડળ રામબાગ મહાજન વાડી માટે અમે સાથે કામ કર્યું હતું. એમનો અભિગમ એકદમ પદ્ધતિસરનો હોય છે અને તેઓ સમયની નિયમીતતામાં માને છે. એમના વ્યક્તિત્વ અને અભિગમને કારણે એમને સફળતા મળી છે. મારે ફક્ત એમના વિશે એ કહેવાનું કે 'હીરા મુખ સે ના કહે, લાખ હૈ મેરા મોલ.'



## મદન ડોદેજા

જીવનમાં તમે જે પડકારો ઝીલ્યા છે અને જે સિદ્ધિઓ મેળવી છે એ વિશેની તમારી આત્મકથા જરૂર અન્ય લોકોને પ્રેરણા આપશે. હું સૌથી પહેલી વાર એમને ૨૦૦૦ માં મળ્યો. એમની વિનમ્રતા, વહેવારુ અભિગમ તેમ જ મૃદુભાષી વાતોથી હું હંમેશાં પ્રભાવિત થયો છું. તેઓ પોતાના કસ્ટમર્સને હંમેશાં શ્રેષ્ઠ આપવાની કોશિષ કરે છે. તમારી સ્ફૂર્તિ જોઇને યુવાનોને પણ જોશમાં આવી જાય છે.



## આર. જે. ઓસ્વાલ

જીવનમાં તમે જે પડકારો ઝીલ્યા છે અને જે સિદ્ધિઓ મેળવી છે એ વિશેની તમારી આત્મકથા જરૂર અન્ય લોકોને પ્રેરણા આપશે. હું સૌથી પહેલી વાર એમને ૨૦૦૦ માં મળ્યો. એમની વિનમ્રતા, વહેવારુ અભિગમ તેમ જ મૃદુભાષી વાતોથી હું હંમેશાં પ્રભાવિત થયો છું. તેઓ પોતાના કસ્ટમર્સને હંમેશાં શ્રેષ્ઠ આપવાની કોશિષ કરે છે. તમારી સ્ફૂર્તિ જોઇને યુવાનોને પણ જોશમાં આવી જાય છે.



## મનિષ ધામે

હીરાલાલ મૃગને હું છેલ્લા દશ વર્ષથી જાણું છું. તેઓ ધરતી પર પગ રાખીને ચાલનારા અને ખૂબ જ વિનમ્ર વ્યક્તિ છે. દરેક સારાં કામમાં તેઓ સહયોગ આપતા હોય છે અને ચૂપચાપ ચેરિટી વર્ક કરતા રહે છે. એમની સાદગી મને સૌથી વધુ આકર્ષક ગુણ લાગ્યો છે. સ્વભાવને કારણે સમાજમાં એમનું સ્થાન ખૂબ જ ઉપર છે.

## ચીમન મોતા

### (તન મન ટૂર્સ)



બૃહદ મુંબઇ ગુજરાતી સમાજનો એવોર્ડ એમને આપવાનું નક્કી થયું ત્યારે હું સમાજની કારોબારીમાં હતો અને એ રીતે એમના પરિચયમાં આવ્યો. સામે ચાલીને બોલવું, પરિચય કેળવવો અને જાળવવો, સદાય હસતો ચહેરો એ એમની ઓળખ છે. કોઇ સારા કામ માટે પૈસા આપીને છૂટી જવામાં હીરાલાલ માનતા નથી. તેઓ તન, મને અને ધનથી એ કાર્યમાં જોડાય છે. શૂન્યમાંથી સર્જન કરવાની યાત્રામાં ક્યારેક તો લાલ પાણીમાંથી રડવાનો વારો પણ આવે, છતાં હીરા તો સદાય ઝળકતા રહે. અશક્યને શક્ય બનાવે એવું પાણીદાર વ્યક્તિત્વ.



## સતીષ આજગાંવકર

હીરાલાલજીને પોતાની કેટલીક પ્રોડક્ટ્સ માટે કાસ્ટિંગની જરૂર હતી અને ત્યારે તેઓ મારા સંપર્કમાં આવ્યા હતા. ટૂંક સમયમાં અમે મિત્રો બની ગયા. બિઝનેસમાં હું નવો હતો ત્યારે હીલાલાભાઇએ અમને ઘણું શીખવ્યું. મારી આર્થિક તકલીફોમાં પણ એમણે મદદ કરી હતી. સામાજિક રીતે તેઓ બહુ સક્રીય છે અને લાયન્સ ક્લબ ઓફ દાદર શરૂ થઇ ત્યારે એમણે આગ્રહ કરીને મને એનો સભ્ય બનાવ્યો, જેથી હું સામાજિક કાર્યોમાં મારું યોગદાન આપી શકું. એમના કોઇ જ હરીફો નથી. બધા જ એમના મિત્રો છે.



## બહેરામ શિણોય

કન્વેયર્સના ક્ષેત્રમાં શ્રેષ્ઠ નામ એટલે સેટેલાઇટ એટલે મેં એવું વિચાર્યું હતું કે હીરાલાલજી એક ટિપિકલ ટેકનોક્રેટ એન્જીનીઅર હશે, પરંતુ જ્યારે મને ખબર પડી કે તેઓ ફક્ત એક કચ્છી સાહસિક વેપારી છે ત્યારે મને મોટું આશ્ચર્ય થયું હતું. એમના સ્ટાફના એક કર્મચારીને એક વાર અમદાવાદ જતી વખતે ગંભીર અકસ્માત નડ્યો. હીરાલાલજીએ ત્યારે એ કર્મચારીની કેવી દેખભાળ કરી હતી એ અમે જોયું છે. આ ઘટના પરથી મને લાગ્યું કે હીરાલાલજી એક બહુ જ લાગણીશીલ વ્યક્તિ છે. તેઓ એક ખંતીલા અને સમર્પિત બિઝનેસમેન છે. પોતાના પરિવારનું પણ તેઓ એટલું જ ધ્યાન રાખે છે.

## શાંતિભાઈ હરસોરા



હીરાભાઇ અને મેં સાથે ધંધો શરૂ કર્યો હતો સંઘર્ષ પણ સાથે જ કર્યો. હીરાભાઇએ ઘણી પ્રગતિ કરી. એમનું કામકાજ બહુ જોરમાં ચાલી રહ્યું હતું ત્યારે તેઓ મને કામ આપતા. હીરાભાઇ પાર્ટનરથી છૂટા થયા પછી એમણે મદદ માટે એક મેડમ રાખ્યા હતા અને તેઓ બહુ કડક હતા, પરંતુ હીરાભાઇ એમને કહેતા કે મારી સાથે પૂરા સહકારથી વહેવાર કરવો.



## કૌશિકભાઈ સી. ઘેલાણી

હીરાલાલભાઇ મારા વડીલ છે અને ગોડફાધર. અમે આજે જે કંઇ છીએ એ એમના કારણે. જ્યારે પણ મને ધંધામાં કોઇ જરૂર પડે ત્યારે હું હીરાલાલજીને યાદ કરું. એમને માલની જરૂર હોય કે ન હોય, તરત જ એ ઓર્ડર આપી દે. શું ભાવ લગાવવાનો છે એ વિશે ક્યારેય ન પૂછે. પેમેન્ટ માટે ખાસ પોતાની ઓફિસમાં બોલાવે, જેથી મળી શકાય અને પેમેન્ટ આપવાની સાથે જમાડે પણ ખરા.



## અબ્બાસ હજૂરી

### (સોશ્યો કંપનીના માલિક)

હીરાભાઇ એક દંતકથા છે. એમના સંદર્ભમાં કબીરનો આ દુહો યાદ આવે છે:

गुरु गोविंद दुखडे काके लागु पाय,
बलिहारी गुरु आपनो, गोविंद दियो बताय

તેઓ મારા મેન્ટર છે અને અમે બંને એકબીજાના સહકારથી સમૃદ્ધ બન્યા છીએ. મારા પિતાને એમના માટે બહુ આદર હતો અને ધીરજ તેમ જ સંબંધો સાચવવાની બાબતમાં તેઓ અમને હીરાભાઇના ઉદાહરણ આપતા. હું ચડ્ડી પહેરતો હતો એવા સમયે મેં એમને મારા પિતાજીની સાથે કામ કરતાં જોયા છે. અમે ૪૫ વર્ષોથી એકબીજા સાથે કામ કરીએ છીએ. અમારા પરિવાર માટે તેઓ ફાયર બ્રિગેડ જેવા છે અને અમારી સમસ્યાનો ઉકેલ હંમેશાં તેઓ શોધી આપે છે.

હીરાલાલભાઇ સાથે અમારે ત્રણ પેઢીઓથી સંબંધ છે. મેં એમને ખૂબ જ મહેનત કરતાં જોયા છે. મુંબઇમાં એમનું બહુ જ મોટું સર્કલ છે. હું જ્યારે પણ મુંબઇ જતો ત્યારે મને મોટા માણસો સાથે મળાવતા અને મારું સન્માન વધારતા. ગ્રેટ મેન. આજકાલ આવા ઇન્સાન ક્યાં જોવા મળે છે?





## આદિત્ય ગુપ્તા

પંદર વર્ષ પહેલા હું એમને બિઝનેસના કોઇ કામ માટે મળ્યો હતો, પરંતુ હવે અમારા વચ્ચે ગાઢ સંબંધ છે. તેઓ મારા ગુરુ અને પિતા સમાન છે. એમના નવા આઇડીયાઝ વિશે અમે ચર્ચા કરતાં હોઇએ છીએ અને એ મને હંમેશાં પ્રેરણાદાયક લાગે છે. બિઝનેસમાં અમે પારિવારિક ભાવનાથી જ એકબીજા સાથે કામ કરીએ છીએ.



## દિનેશ સંઘરાજકા

હીરાલાલભાઇની સાથે હું ડાયનાટ્રોન કંપનીમાં કામ કરતો હતો. અમારા બંનેના ડિપાર્ટમેન્ટસ અલગ હતા, છતાં એકબીજા સાથે કામ માટે મેળાપ થતો રહેતો. એમનામાં હંમેશાં ધગશ અને ઉત્સાહ જોવા મળતાં. ત્યાર પછી એમણે પોતાનો ધંધો શરૂ કર્યો અને મેં પણ. એટલું કહેવું પડશે કે કન્વેયર્સ બનાવવાની બાબતે એમણે બહુ ઊંચા માપદંડ બેસાડ્યા છે અને આંતરરાષ્ટ્રીય કક્ષાની ગુણવત્તા તેઓ જાળવી રાખે છે. એમની માર્કેટિંગ સ્ટાઇલ નિરાળી છે અને તેઓ હંમેશાં બોલેલા શબ્દો પાળે છે.



## હેતલ ગાંધી

હીરાલાલજીએ મને પ્રોપર્ટીમાં ઇન્વેસ્ટમેન્ટ કરતાં શીખવ્યું. પહેલા આ બાબતમાં હું ખોટી રીતે વિચારતો હતો, પરંતુ હીરાલાલજીએ મને શીખવ્યું કે પ્રોપર્ટી ખરીદતી વખતે હંમેશાં દલાલને વચ્ચે રાખવા અને એમને દલાલી ચુકવી દેવી. આ વાત મને ખૂબ જ ઉપયોગી નીવડી છે. આમ કરવાથી આપણું ટેન્શન દૂર થઇ જાય અને કામ સીધી રીતે પાર પડે. હવે તો હું કોઇ બિલ્ડર સાથે ડાયરેક્ટ સોદો કરું તોય દલાલને વચ્ચે રાખું છું અને એને દલાલી ચુકવું છું.



## વિનય બીજલાની

હીરાલાલજી મારા ફાધર જેવા છે. અમારા અન્સા ઇન્ડસ્ટ્રીઅલ કોમ્પ્લેક્સના બધા જ સભ્યો એમને ફાધર જેટલો આદર આપે છે અને કોઇ સમસ્યા થાય ત્યારે એમના ફેંસલાને સૌ માન્ય રાખે છે. આ જ કારણસર અમે સૌ અહીં એક પરિવાર તરીકે ટકી શક્યા છીએ.

# મિડીયા મિત્રગણ



## સુબોધ વોરા
### (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ)

હીરાલાલ એક બહુ જ પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવે છે. એમનો જન્મ આઝાદી પહેલા થયો હતો અને તેઓ સુપર સિનિયર સિટિઝન બનવાની તૈયારીમાં છે, છતાં એમના વિચારો એકદમ યુવા અને તોખારી છે. પોતાના બિઝનેસમાં એમણે ઘણી જ સિદ્ધિઓ મેળવી છે અને સામાજિક રીતે પણ તેઓ બહુ સક્રીય છે અને કેટલીય ચેરિટેબલ સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. પ્રેમાળ સ્વભાવને કારણે બિઝનેસ, વ્યવસાય અને સમાજમાં એમના ઘણા મિત્રો છે.



## જયેશ ગાંધી
### (સંગીતકાર)

હીરાલાલ અંકલને જો શોર્ટમાં ડિસ્ક્રાઇબ કરવા હોય તો આ રીતે કરી શકાયઃ ખેલદિલ, ખંતીલા અને ખુમારીવાળું દિલ ધરાવતું વ્યક્તિત્વ એટલે હીરાલાલ અંકલ. એમની સાથેના સંબંધની શરૂઆત કમર્શિયલ ધોરણે શરૂ થઇ, પરંતુ ટૂંક સમયમાં એ સંબંધ એક સારા પર્સનલ સંબંધમાં બદલાઇ ગયો. કોઇ પણ જવાબદારીને ઇમાનદારી અને પૂરી મહેનત તથા લગનથી નિભાવવી એ એમનો શ્રેષ્ઠ ગુણ છે.



## ડૉ. દિલીપ મહેતા
### (ફેમિલી ડોકટર)

એક ડોક્ટર તરીકે હું છેલ્લા ચાલીસ વર્ષોથી એમને જાણું છું. કોઇને મદદરૂપ થવા તેઓ સદાય તત્પર હોય છે. ક્યારેય ના ન પાડે. બહુ જ ઉમદા માણસ. તેઓ દિલના ભલા છે, પરંતુ કામની બાબતમાં તેઓ એકદમ મક્કમ અને દ્રઢનિશ્ચયી છે. હીરાલાભાઇએ મને અને મારા પરિવારને જે મદદ કરી છે એ માટે હું એમનો આભાર માનું છું.





## સુભાષ શાહ
### (તંત્રી, મુલુંડ ન્યુઝ)

હીરાલાલભાઇ મૃગ સાથેનો મારો પરિચય છેલ્લા બેત્રણ વર્ષથી છે. એમ કહેવાય છે કે ઇશ્વરનો સાક્ષાત્કાર થાય તો વ્યક્તિ વધુ નમ્ર બને, વધુ સૌમ્ય બને, પરંતુ જો લક્ષ્મીનો સાક્ષાત્કાર થાય તો એ વિપરીત પરિણામ આપવાનું કામ કરે છે. લક્ષ્મીપતિ હીરાલાલભાઇના સ્વભાવમાં તમને લક્ષ્મીનો અહંકાર કે અહમ કદી જોવા મળશે નહીં. હીરાલાલભાઇમાં સમૃદ્ધિ અને જાહોજલાલી બંનેના દર્શન થાય છે. હીરાલાલભાઇ પાસેથી કોઇ વ્યક્તિ પોતાની આશાની પૂર્તિ થયા વગર જતી જોવા મળી નથી. હીરાલાલભાઇની બીજી એક વિશેષતા એ છે કે એમના ચહેરા પર હંમેશાં પ્રસન્નતા જોવા મળે છે. હીરાલાલભાઇએ પોતાના જીવનમાં સંપત્તિ, સ્વાસ્થ્ય અને શાંતિ હાંસલ કરીને સમાજમાં એક આગવા વ્યક્તિત્વનો પરિચાય પૂરો પાડ્યો છે. હીરાલાલભાઇનો જીવનમંત્ર હંમેશાં આ રહ્યો છેઃ

***ગમવું ન ગમવું એના હાથમાં, આપણે ફિદા થવાનું હોય છે***

***મન ભરીને તું મળી લેજે એને, આખરે જુદા થવાનું હોય છે***



## રાજેશ થાવણી
### (તંત્રી, મુમ્બૈયા ગુજરાતી)

હીરાલાલભાઇને જ્યારે જ્યારે મળવાનું થયું ત્યારે એમના નમ્ર અને સાલસ સ્વભાવે મને આકર્ષિત કર્યો છે. બિઝનેસમાં સુપર સક્સેસફૂલ, અનેક એવોર્ડ વિજેતા તથા સામાજિક અને રાજકીય ક્ષેત્રે પણ ઉચ્ચ હોદ્દાઓ પર બિરાજતા હોવા છતાં હંમેશાં ‘ડાઉન ટુ અર્થ’ રહેતા હીરાલાલભાઇનું વ્યક્તિત્વ ખરેખર મિસાલરૂપ છે. મિત્રોના આગ્રહવશ થઇને હીરાલાલભાઇ આત્મકથા લખવા માટે તૈયાર થયા એ મારા મતે બહુ સારી ઘટના બની ગઇ છે. ઇનફેક્ટ, હું તો માનું છું કે આ આત્મકથા વહેલી લખાવી જોઇતી હતી, કારણ કે તેમની દાસ્તાન ભારોભાર પ્રેરણારૂપ છે. હીરાલાભાઇએ વ્યવસાયમાં જે રીત શૂન્યમાંથી સર્જન કર્યું તેવી જ રીતે તેઓ ક્ષમતાપાત્ર નાના વ્યવસાયિકોનો હાથ ઝાલીને એમને મદદગાર બન્યા છે એ વાંચીને લોકોને એમાંથી ઘણું ગ્રહણ કરવા મળશે એ વાતે બેમત નથી.



## મહેશ એન. માણેક
### (તંત્રી, અરસપરસ)

શ્રી હીરાલાલભાઇની સામાજિક સેવાની વૃત્તિઓ વર્ષોથી નિહાળી છે. ખાસ કરીને કચ્છી લોહાણા સમાજના દરેક કાર્યોમાં તેઓ માત્ર સહભાગી થતા નથી, અનેરું યોગદાન પણ આપતા રહે છે. સમાજને કંઇક આપીને રાજી થનારો માણસ એટલે હીરાલાલભાઇ. હીરાલાલ મૂળ વેપારી માણસ, પરંતુ એમણે લોકોના દિલ જીતવાનો વેપાર કરી જાણ્યો છે. ટૂંકમાં કહું તો હીરાભાઇ નખશીખ સજ્જન છે.



## બિપિન પંચાલ
**(તંત્રી, હમારા મુલુંડ)**

થોડા સમય પહેલા મારા એક મિત્રનો ફોન આવ્યો એમણે કહ્યું કે મુલુંડ ચેકનાકામાં એક કચ્છી લોહાણા પરિવાર મુશ્કેલીમાં છે. ઘરના એકમાત્ર કમાનાર વ્યક્તિ બિમાર છે. એમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, પરંતુ પરિસ્થિતિ ખરાબ હોવાથી સારવારના ખર્ચા પરવડે એમ નથી. મેં આ વિશે હીરાલાલભાઇને વાત કરી. એમણે થોડી જ વારમાં પોતાના ડ્રાઇવર સાથે એક કવર મોકલાવ્યું. મેં પૈસાનું એ કવર તરત મારા મિત્રને પહોંચાડ્યું અને એ મિત્રે પેલા જરૂરતમંદ પરિવારને પૈસા પહોંચાડ્યા. હીરાલાલભાઇના વ્યક્તિત્વનું આ એક બહુ મોટું પાસું છે. મારા મિત્રે મને કહ્યું કે હીરાલાલભાઇ માનવતાના પૂજારી છે.



## કનૈયાલાલ જોશી
**(પત્રકાર, જન્મભૂમિ)**

સંઘર્ષની વાટે ચાલીને સફળતાની ટોચે પહોંચ્યા હોય એવા લોકો સમાજમાં ચોક્કસ અલગ તરી આવવાના. હીરાલાલભાઇ પોતાના સંઘર્ષના દિવસો ભૂલ્યા નથી એટલે એમના મિત્રોની યાદીમાં ઉદ્યોગપતિઓની સાથોસાથ સાધારણ માણસો પણ છે. પચાસ જેટલા નાના વેપારીઓ તથા ઉદ્યોગપતિઓને સ્વતંત્ર રીતે વ્યવસાય કરતાં ઊભા થવામાં એમણે મદદ કરી છે. સમાજ સેવામાં આગળ પડતા રહ્યા છે. એમની તંદુરસ્તીનું કારણ એમનો હકારાત્મક અભિગમ છે.



## રાજેશ ઇનામદાર
**(ઇન્સ્યુરન્સ એજન્ટ)**

હીરાલાલજીની જીવનની મુસાફરી એક ફોટોગ્રાફ જેવી નહીં, પરંતુ ફોટો પાડ્યા પછીની પ્રક્રીયા જેવી છે. એમના વિશે મેં એ નિરીક્ષણ કર્યું છે કે તેઓ બહુ આશાવાદી નથી અને નિરાશાવાદી પણ નથી. તેઓ શક્યતાવાદી છે. હીરાલાલજી માટે જીતવું એક આદત બની ગઇ છે. માણસ તરીકે તેઓ ખૂબ જ ઉમદા છે. એમના જીવનમાં શાણપણ, કરૂણા અને વહેવારુ અનુભવોનો ત્રિવેણી સંગમ છે.



## વસંત પુરાણી
**(પત્રકાર)**

હીરાલાલભાઇની ઉદારતા, દાન કરવાની વૃત્તિ અને નાના મોટા સૌને સહકાર આપવાની ભાવના ઉદ્દાત રહી છે. હીરાલાલભાઇ ખુમારીથી જીવનારા અને દરેકને ચાહનારા માણસ છે. તમામ સામાજિક કાર્યો એમના કારણે પ્રતિબદ્ધતાપૂર્વક થતાં રહે છે.



## કેતન પોપટ
**(જ્યોતિષાચાર્ય)**

જમીનથી પગ માંડીને આકાશની ઊંચાઇના પંથે વ્યવસાયિક સફળતા મેળવનારા અનેક લોકો મેં જોયા છે. આવી સફળતા મેળવનાર માણસના મનમાં થોડો ઘણો અહંકાર આવી જાય એવી શક્યતા હોય જ છે. આવી સંભાવનાને તદ્દન ખોટી પાડનાર વ્યક્તિત્વ એટલે હીરાલાલ મૃગ. કહે છે કે શાંતિ પમાડે એ સંત. હીરાલાલ મૃગનું વ્યક્તિત્વ  આ ઉક્તિને સાર્થક ઠેરવે એવું છે. જે વ્યક્તિ માણસનું મૂલ્ય સમજતી હોય એને જ ખબર હોય કે માણસાઇથી વધુ મૂલ્યવાન બીજું કંઇ નથી.



## ભાવેશ મિરાની
**(તંત્રી, સર્જનહાર)**

આખા બ્રહ્માન્ડમાં સૌથી વધુ શક્તિશાળી જો કોઇ તત્વ હોય તો એ છે આપણા વિચાર. ઇશ્વાસ જ્યારે આપણને કોઇ શુભ વિચાર આપે છે એ પહેલા એ વિચારને સાકાર કરવાની શક્તિ પણ આપણામાં પ્રગટાવે છે. જરૂર માત્ર હોય છે એ વિચારને વાસ્તવિક રૂપ આપવાની. આ વાત હીરાલાલ મૃગને બરોબર લાગુ પડે છે. એમના મનમાં સમાજસેવાના ઉમદા વિચારો છે અને એને એમણે સાકાર પણ કર્યા છે. માતૃભાષાના સંવર્ધન માટે પણ એમણે સક્રીય ભૂમિકા ભજવી છે. હીરાભાઇ પોતાના નામ પ્રમાણે એક અમૂલ્ય હીરા જેવા છે.

# સમાજ શ્રેષ્ઠીવર્યો



## વસંતકુમાર માણેક

**(લોહાણા મુંબઈ મહાજનના પ્રમુખ)**

માટુંગાના રામબાગ અમે સાથે કામ કરતાં હતા ત્યારથી એમની સાથે મારે સંબંધ છે. હું રામબાગનો પ્રેસિડેન્ટ હતો ત્યારે હીરાલાલ મારા વિશ્વાસુ સાથી હતા. એક વ્યક્તિ તરીકે તેઓ બહુ જ મોટા દિલના અને મોકળા મનના માણસ છે. તેઓ એક બાહોશ વહીવટકર્તા છે અને એમનામાં જે દીર્ઘદૃષ્ટિ છે એના કારણે તેઓ પોતાના બિઝનેસ અને ઉદ્યોગમાં સફળ થયા છે.



## પ્રકાશ ચંદે

બહુ જ પ્રેમાળ માણસ છે અને સૌને મદદરૂપ થાય એવી એમની પ્રકૃતિ છે. હંમેશાં કંઇક નવું કરવા મથતાં રહે છે. ૨૦૧૮માં એમણે યોગા ડાન્સની નવરાત્રિનું આયોજન કર્યું હતું, જેમાં ગરબાને બદલે યોગાના સ્ટેપ્સ લેવામાં આવ્યા હતા. હીરાલાલ ભાઇ બહુ દયાળુ સ્વભાવના છે. મારી જેમ એમને પણ મુકેશના જૂના ગીતો બહુ ગમે એટલે અમારે આ વિષયમાં અવારનવાર વાતચીત થતી રહે. એમની કંપનીમાં બહુ જ આનંદ આવે.



## જ્યોત્સના ચંદે

**(સ્વયંસિદ્ધા મહીલા મંચના અધ્યક્ષા)**

શ્રી હીરાલાલભાઇ સ્વયંસિદ્ધા મહિલા મંચની સ્થાપનાકાળથી જ મંચનું પીઠબળ બની રહ્યા છે. એક પિતા પોતાના સંતાનોને માર્ગદર્શન અને પ્રોત્સાહન આપે એ રીતે એમણે અમને સાચવ્યા છે.





## મનુભાઇ કોઠારી

**(રામબાગના મેનેજિંગ ટ્રસ્ટી)**

હીરાલાલ અમારા સિનિયર છે. એમના હાથ નીચે અમે સેવા કાર્યોની ટ્રેનિંગ લીધી છે. એમની પાસેથી અમે ઘણું શીખ્યા છીએ. જ્યારે પણ જરૂર પડે ત્યારે મદદ માટે દોડ્યા આવે. તેઓ સૌને મદદરૂપ થાય એવા ઉદારદિલ છે. હંમેશાં એવી બાહેંધરી આપે કે કોઇ પણ કામ હોય તો હું તમારી સાથે જ ઊભો છું.



## જિજ્ઞેશ અશ્વિન ખિલાણી

કાચો હીરો પથ્થર હોય છે, પરંતુ એને પોલિશ કરવામાં આવે પછી ચળકે છે. એ જ રીતે હીરાલાલજીમાં પણ અનેક સંઘર્ષ અને મહેનતના ફળસ્વરૂપે ચળકાટ આવ્યો છે. એમનામાંથી પ્રેરણા લઇને અમે પણ અમારા તેમ જ અન્યોના જીવનને ચકચકિત રાખવાની કોશિષ કરતા રહીએ છીએ. એમની આત્મકથા વાંચવા માટે હું બહુ ઉત્સુક છું.



## માયાબહેન કોઠારી

**(મેનેજીંગ ટ્રસ્ટી – શ્રી કચ્છી લોહાણા મહાજન મુલુંડ)**

હીરાભાઇને હું બેત્રણ વર્ષથી ઓળખું છું. સમાજસેવા અને પોતાના ખૂબ જ વિનમ્ર અને સાલસ સ્વભાવને કારણે હીરાભાઇએ બહુ જ ઓછા સમયમાં મુલુંડમાં જબરી લોકચાહના મેળવી છે. હીરાભાઇ માટે એમના નામનો સંદર્ભ દઇને કહેવું હોય તો કહી શકાય કે હીરાની ઓળખ કરવાની ન હોય, એ બધી જ જગ્યાએ ચમકતા હોય છે. કસ્તુરી 'મૃગ'માં જ સમાયેલી હોય છે એ રીતે હીરાભાઇ સમાજસેવા ક્ષેત્રે વધુને વધુ સારા કાર્યો કરીને 'હીરા'ની જેમ સદા ચમકતા રહે એવી હાર્દિક શુભકામના.



## તરૂણ કોઠારી

મોરના ઇંડાને ચીતરવા ન પડે, ધૂપસળીની સુગંધને હવામાં પ્રસરતી કોઇ રોકી ન શકે. ફૂલોનો પમરાટ કદી છૂપો ન રહી શકે. બસ, હીરાલાલ ભાઇ વિશે વધુ શું લખવું એ એક મૂંઝવણ છે. એમની સાથેના આઠ દશ વર્ષના અનુભવમાં ક્યારેક એક નિવૃત શખ્સનો પડછાયો નજરે નથી પડ્યો. એવું અનુભવ્યું છે કે એમની સાથેના સત્કાર્યના ડગ પર સફર કરતા આપણે ક્યાંક પાછળ ન રહી જઇએ, થાકી ન જઇએ. સેવા કરવા માટેની એમની તત્પરતા અનોખી છે. સામી વ્યક્તિ સંક્ષોભ ન અનુભવ એ રીતે પોતે કૃષ્ણ બનીને સુદામાને મદદ કરતા હોય એવી રીતે મદદ કરે. દરેક સંસ્થા માટે એમનો સમાનભાવ હોય અને સમસ્યાનો એવો ઉકેલ આપે કે કોઇના મનમાં પછી પ્રશ્ન ન રહે.



## પુષ્પા ભાનુશાલી

હીરાલાલ મૃગ જેવી વ્યક્તિ તમને લાખોમાં એક મળે. તેઓ હંમેશાં પોતાનો વિચાર કરવાને બદલે સામેવાળાનો વિચાર પહેલા કરે છે. એમના ડાઉન ટુ અર્થ સ્વભાવથી હું ખૂબ પ્રભાવિત છું. કોઇ પણ કામ માટે એમના મોઢામાંથી મેં ના શબ્દ ક્યારેય સાંભળ્યો નથી.



## જિગર આનંદ ચંદે
### (કચ્છી લોહાણા વિશ્વ મંચના પ્રમુખ)

જ્ઞાતિ માટે તો કામ કરે જ છે, બીજું કોઇ પણ સામાજિક કાર્ય હોય તો તેઓ હંમેશાં મદદરૂપ થાય. તેઓ પરફેક્શનમાં માને છે. એમને જેવું તેવું જરાય ન ચાલે.



## મહેન્દ્ર ચંદન
### (ભામાશા)

હીરાભાઇએ પોતાના નામને સાર્થક કરી બતાવ્યું છે. હીરાને જેમ વધુ ઘસવામાં આવે એમ એમની આત્મા નિખરતી હોય છે. હીરાભાઇએ પણ સંઘર્ષમય જીવન જીવીને શૂન્યમાંથી સર્જન કર્યું છે. એક વ્યવસાય શ્રેષ્ઠી બનવાની સાથોસાથ હીરાભાઇએ સમાજને કંઇક આપવાની ભાવના રાખી છે અને એ રીતે તેઓ સમાજશ્રેષ્ઠી પણ બન્યા છે. સમાજના ઉત્કર્ષલક્ષી કાર્યોમાં સહયોગ આપીને હીરાભાઇએ 'ધનાશા' જેવું હુલામણું નામ મેળવ્યું છે. એમના જેવા પરમસખા મળ્યો હોવાનું હું ગૌરવ અનુભવું છું.



## પંકજ ઠક્કર

આમ તો અમે હીલાલાલભાઇના પરીચયમાં છેલ્લા બેત્રણ વર્ષોથી જ આવ્યા છીએ, પરંતુ અમે એમને દાયકાઓથી જાણતાં હોઇએ એવું લાગે છે. વીર જસરાજ દાદા મંડળ સાથે અમે સંકળાયેલા છીએ અને એ નિમિત્તે એમને મળવાનું થયું. બધાને મદદ કરવાનો એમનો સ્વભાવ છે. એમના સેવાકાર્યોને કારણે એમના એટલા બધા સન્માન થયા છે અને એટલા બધા એવોર્ડ્સ એમને મળ્યા છે કે અમે એમને એવોર્ડ કિંગ તરીકે જ સંબોધીએ છીએ.






## સચિન રૂપારેલ
### (મોટિવેશનલ સ્પીકર)

પોતાના નામ પ્રમાણેના બધા જ ગુણ હીરાલાલજીમાં છે. એમની આત્મકથા નિશ્ચિતપણે સૌને પ્રેરણા આપશે અને તેઓ જીવનના આ ઉત્કૃષ્ટ તબક્કે કઇ રીતે પહોંચ્યા એ જાણવા મળશે. એમનામાં હીરા જેવો ઝળકાટ છે એ આપણે સૌ જાણીએ છીએ, પરંતુ એમની આત્મકથા દ્વારા એ જાણવા મળશે કે હીરાની જેમ તેઓ કઇ રીતે ઘસાયા અને પોલીશ્ડ થયા.



## જશુ બહેન

લગભગ પચાસ વર્ષો પહેલા પહેલી વાર કચ્છી લોહાણા સેવા મંડળમાં અમારો પરિચય થયો. ઘણા વર્ષો સુધી અમે મેનેજિંગ કમિટિમાં સાથે હતા. હંમેશાં હસમુખો સ્વભાવ અને પોઝિટિવ થિન્કીંગ ધરાવે. ઓલ ધ ટાઇમ એનર્જેટિક લાગે. એક સફળ બિઝનેસમેન હોવા સાથે કુટુંબ વત્સલ અને સેવાભાવી. ઘણી સામાજિક સંસ્થાઓ સાથે તેઓ સંકળાયેલા છે અને બધે જ તેમણે તન, મન અને ધનથી સારી સેવા આપી છે, આપતાં રહ્યા છે.



## કાન્તિલાલ ઠક્કર

આત્મકથા લખવાના અફલાતૂન આઇડિયા બદલ હું હીરાલાલ મૃગનો આભાર માનવા માંગુ છું, કારણ કે મારા ફ્રેન્ડ સર્કલમાં કોઇએ આવું નથી વિચાર્યું. એમની સાથેનો મારો પરિચય દાયકાઓ જૂનો છે, જ્યારે અમે રામબાગમાં સાથે કામ કરતાં હતા. ત્યાં તેઓ સંસ્થાના સેક્રેટરી તરીકે કામ કરતાં હતા. લોહાણા સમાજ અને રામબાગમાં થતાં સામાજિક કાર્યોમાં પરિવર્તન લાવવા બાબતે તેઓ જે અભિગમ અને ધગશ ધરાવતા હતા એનાથી હું પ્રભાવિત થયો હતો. સંસ્થાના દરેકને તેઓ પ્રોબ્લેમનું સોલ્યુશન આપતાં હતા. એમના પેપરવર્ક તથા પ્રોફેશનાલિઝમ નોંધનીય હતા.

# સહયોગીઓ



### જય પંચાલ

૧૯૯૩થી હું હીરાલાલભાઇ જોડે સંકળાયેલો છું. કોઇ પણ સંબંધની એક ડિમાન્ડ હોય છે. અમારા સંબંધોને ૨૬ વર્ષ થયા અને એ ટકી રહ્યા એની પાછળ કોઇક તો કારણ હશે. હીરાલાલજીને મળ્યા પહેલા હું વર્ષમાં છ વાર નોકરી બદલતો રહું એવો મારો સ્વભાવ હતો, પરંતુ અમારા સરમાં કોઇક તો વાત છે કે ફક્ત હું જ નહી, મારા જેવા બીજા અનેક કર્મચારીઓ એમની સાથે સતત સંકળાયેલા રહ્યા છે. અમારી સાથે તો માલિકની જેમ ક્યારેય નથી વર્ત્યા. અમને હંમેશાં પોતાના જ ગણ્યા છે. જીવનની પ્રેરણા લેવા માટે અમારે બીજે ક્યાંય જવાની જરૂર નથી.



### શંભુનાથ ચતુર્વેદી

શ્રી હીરાલાલજીના વ્યક્તિત્વ વિશે જેટલું કહીએ એટલું ઓછું છે. ૧૯૮૩માં એમણે પોતાની કંપનીમાં મને કામ કરવાનો મોકો આપ્યો, ત્યારથી આજ સુધી એમની છત્રછાયામાં મારી પ્રગતિ થતી રહી છે અને એમની પાસેથી મને ઘણું શીખવા મળ્યું છે. સમયની બાબતે ચુસ્તતા, સંબંધો સાચવવા, ત્વરીત નિર્ણયો લેવા વગેરે જેવી એમની અનેક ખાસિયતોથી હું પ્રભાવિત થયો છું. હીરાલાજી મારા ગોડ ફાધર છે.



## સન્માન અને એવોર્ડની પરંપરા અવિરત ચાલુ જ છે



ગુજરાત ગૌરવ ગિરનાર એવોર્ડ સાથે
તા.૧૫-૧૨-૨૦૧૮



મહારાષ્ટ્ર ગુજરાતી મહામંચના પ્રમુખ હેમરાજ શાહના હસ્તે મહારાષ્ટ્ર ગૌરવ એવોર્ડ સ્વીકારી રહેલા હીરાલાલ મૃગ. બાજુમાં નાટ્ય અભિનેત્રી સરિતા જોશી અને સંગીતકાર આણંદજીભાઈ ઉપસ્થિત છે.
તા. ૨૨-૦૨-૨૦૨૦



# એવોર્ડ



૧૯૯૭
ભારત ઉદ્યોગ રત્ન એવોર્ડ



૨૦૧૮
ગુજરાત ગૌરવ ગિરનાર એવોર્ડ



૨૦૧૮
મિડ આયોજીત અભિવ્યક્તિ
કાર્યક્રમમાં વિશેષ સન્માન



૨૦૧૮
કચ્છશક્તિ એવોર્ડ



૨૦૧૯
જ્વેલ ઓફ ગુજરાત એવોર્ડ



૨૦૧૯
જ્ઞાતિ ગૌરવ એવોર્ડ



૨૦૧૯
ભાજપા મુલુંડ વિધાનસભા
સિનિયર સિટિઝન સેલના
મહામંત્રી તરીકે નિમાયા



૨૦૧૯
બિસલરી એવોર્ડ



૨૦૧૯
કચ્છી લોહાણા યુથ ફોરમ મુંબઈ
માં એવોર્ડ



૨૦૨૦
મહારાષ્ટ્ર ગૌરવ એવોર્ડ

અંતરનો ઝળકાટ